



श्रीमद् बुद्धिसागरसूरिजी ग्रंथमाळा ग्रंथांक १०१.







भजन पद संग्रह.

भाग १ लो २ जो. तथा

श्री अध्यात्म भजन संग्रह.

रचयिता
शास्त्रविशारद योगनिष्ठ जैनाचार्य
श्रीमद् बुद्धिसागरसूरीश्वरजी.

प्रसिद्धकर्ता
श्री अध्यात्म ज्ञानप्रसारक मंडळ.
ठा. [illegible] —मुंबई.

વંદન હો એ દિવ્ય વિભૂતીને !

અદ્ભુત કઠીન યોગમાર્ગના સતત આરાધન, આધ્યાત્મજ્ઞાનની મસ્તીમા પૂર્ણ લીનતા, જ્ઞાની-ભક્તો શિષ્યોને યોગ અધ્યાત્મ અને સદ્બોધ અમૃત પાન કરાવવા, જૈન સાધુ તરીકેના વિકટ ક્રિયાપાલન, ગચ્છાધિપતિ આચાર્ય તરીકે શાસનશકટના વહન કરવા, વ્યાખ્યાન વાચવાં, જાહેર વ્યાખ્યાનો આપવા, સ્થળે સ્થળે વિહાર (વિચરણ) કરવા, નિષ્કલંક જૈન સાધુજીવનનાં કડક પ્રતિપાલન કરવા; આ સૌ કરનારને ગ્રંથ આલેખન અર્થે કેટલો સમય મળી શકે ?

માત્ર ૨૪ વર્ષના જ સાધુજીવનના અલ્પ કાળમા જે સરસ્વતીનંદન યોગ અધ્યાત્મ સદ્બોધ કાવ્ય ઉપનિષદ્ કર્મયોગ ધર્મ અને ભજન જેવા ગહન વિષયો પર ૧૦૮ મહાગ્રંથો સર્જી શકે છે

શ્રીમદ્ યશોવિજયજી મહારાજ પછી ભારતવર્ષના કોઇ પણ સંપ્રદાયના સાધુ વા આચાર્યે આટલા અલ્પ સાધુ જીવનમા આટલા અલ્પ અવકાશ અને અલ્પ સાધનો વડે આટલુ વિરાટ-વિશાળ ગ્રંથ સાહિત્ય સર્જન સર્જ્યું, જોયુ જાણ્યું વા સાંભળ્યુ નથી.

જેના વચનામૃત ઝીલતા ગજા ગણા તલસતા-જેની ભવ્ય મૂર્તિના દર્શનાર્થે જૈન જૈનેતરો અધિરા થતા-પશુ પંખિ જાતિ સ્વભાવ ભૂલતા-હિન્દુ-મુસ્લીમ-અંત્યજ-આદિ તમામ કોમ જેને ગુરૂ માની પૂજતી—

એવા—

વિશ્વોપકારક ! પ્રખર કર્તવ્યપ્રતિપાલક ! સાચા સાધુ !
મહાન યોગીશ્વર ! કઠીન કર્મયોગીન્ !
સદ્ગુરૂ દેવ ! આચાર્ય ભગવાન !

શ્રીમદ્ બુદ્ધિસાગરજી મહારાજ !

આપના પુનિત ચરણોમાં—કોટિ કોટિ વંદન હો !

સાધ્ય ભજનમાં સ્વાભાવિકતા આવતી નથી અને તેવું ભજન હમેશાં ઉતરતી કોટિનું હોય છે.

ભજનના વિષયો મર્યાદિત હોય છે પ્રભુભક્તિ, આત્માનુભવ, મસ્ત-દશા, આત્માનું સ્વરૂપ, યોગ, અધ્યાત્મ, જીવને શિખામણ, દુનિયાનું સ્વરૂપ, આત્માનું અવિનાશીપણું, જગત્‌ની માયાજાળ, ત્યાગ વગેરે અર્થાત્ ઈશ્વર અને આત્મા, એ જ ભજનના મુખ્ય વિષયો છે.

શ્રીમદ્ બુદ્ધિસાગરજીએ સંખ્યાબંધ ભજનો લખેલા છે સાધુ, ત્યાગી અને યોગદશાના પરમ ઉપાસક તરીકે પ્રભુમય જીવનમાંથી ટપ-કેલા તેમના કાવ્યોનો મોટો ભાગ ભજનોનો છે તેમના ભજનોમાં આપણા પ્રાચીન ભક્ત–મહાત્માઓનો સીધો વારસો ઉતરેલો નજરે પડે છે કેટલાક ભજનો એટલા સરસ છે કે તે પ્રાચીન છે કે અર્વાચીન તે કળવું મુશ્કેલ પડે છે તેમના ભજનોમા ભક્તહૃદયની ખુમારી, મસ્તી, તાલાવેલી નજરે પડે છે થોડા નમૂના જોઈએ.

"અલખ દેશમેં વાસ હમારા, માયાસે હમ હૈં ન્યારા;
નિર્મલ જ્યોતિ નિરાકાર હમ, હરદમ હમ ધ્રુવકા તારા (ભ અં.૧૨)

× × ×

"સાધુભાઈ અલખ નિરંજન સોઽહં,
પંચભૂતથી ન્યારા વર્તે, પૂછો અંતર કોઽહં. (ભજન અંક ૨૦)

× × ×

ઝળાંઝળ જ્યોતિ જાગી રે, ગગન ગઢ ઠેરાણી;
અલખલાને પરખ્યો રે, જ્યોતિમાં જ્યોતિ સમાણી (ભજન અંક ૨૮૯)

× × ×

નામ રામ રટના લાગી છે, જ્ઞાનથી,
પિંડ પત્તન વસિયો, આતમગામસ્તે. (ભજન અંક ૩૦૧)

આ રીતે ભજનલેખકોમાં શ્રીમદ્ બુદ્ધિસાગરજીનું સ્થાન ઘણું ઊંચું પડે છે. તેમના ભજનોમાં પ્રભુભજનના ઉછાળા, નિજાત્મ-

આ પુસ્તકની કીંમત નાઇલાજે મંડળને પડતર આવે તે રાખવી પડી છે, તો વાંચકો દરગુજર કરશે એમ વિનંતી છે

આ પછી શ્રી-ગુરૂદેવનું વિસ્તૃત જીવનચરિત્ર સચિત્ર પાકા પુઠાનું પ્રકટ થશે તુર્તજ યોગદીપક છપાઇ રહેશે અને તે બાદ કર્મયોગ અને ગુરૂજીનો લખેલો છેલ્લો પણ અદ્‌ભુત ગ્રંથ શ્રી કાલ્પનીક અધ્યાત્મ મહાવીર બહાર આવશે અને મદદ મળતી રહેશે તેમ તેમ બીજા ગ્રંથો છપાતા જશે આ યોગ અધ્યાત્મ અને તત્વજ્ઞાન પ્રકાશનના સ્વપરઉપકારક કાર્યમા જૈન સમાજ ઉદાગ્તાથી સ્હાયક થાય એ ઇચ્છવા યોગ્ય છે

આ ભજનો ન સમજાય ત્યા યોગ્ય પુરૂષ પાસે તે સમજવા પ્રયત્ન કરવા ભલામણ છે પણ મનકલ્પિત રીતે અર્થો ઘટાવી આત્માને દૂષિત ન કરવો, કારણ કર્તાપુરૂષ મહાન્ સમર્થ યોગી હતા, તેમના આશયો ઉન્નત્ત હતા ને કવચીત્ ન પણ સમજાય એવા ગૂઢ ભજનો કોઈ સુવિહિત આચાર્યદેવ પાસે સમજવા ભલામણ છે ઇત્યલ વિસ્તરેણ--

સદ્‌ગુરૂ ચરણોપાસક,

મણિલાલ મોહનલાલ પાદરાકર.

મંત્રી

બાળવિનોદ ભા. પહેલાની છઠ્ઠી આવૃત્તિનું વક્તવ્ય.

આ બાળવિનોદ ભાગ ૧ ની છઠ્ઠી આવૃત્તિ [illegible] [illegible] [illegible]

[illegible]

ભજનસંગ્રહ નામે પ્રકટ કરી તેની બે હજાર પ્રતો કાઢેલી તે પણ ખપી ગઇ છે અને અત્યારે જ્ઞાનભકિતના ઉપાસકોમાં તેની માગણી અતિશય હોવાથી આ છઠ્ઠી આવૃત્તિ પ્રકટ કરવાનો સુયોગ પ્રાપ્ત થાય છે એ જ તેની ઉપયોગિતા બતાવે છે.

કેટલાક સારા સંસ્કારી જૈનેતરો, અને ગ્રામ્ય ભકતજનોને જ્યારે આ ભજનો એકતારા તથા મંજીરા સાથે ગાતા સાંભળીએ છીએ અને ડોલતા જોઇએ છીએ ત્યારે લેખક સૂરિજી પ્રતિ આપણો ભકિતભાવરસ વહેળો ઉછળી ઊઠે છે. આ ભકિત અને જ્ઞાનરસથી ભરેલા પુષ્પોને વિચારસૂત્રમા ગુંથી ભજનમાલિકા બનાવ્યા છતા તેમા ઉચ્ચ કોટિની કાવ્યશકિત તથા સાહિત્યદૃષ્ટિએ રસની જમાવટની ઝાખી થતા સૂરિજીને ભકતકવિ કહેવાય છે અને ગુર્જર જૈનરસસાહિત્યમા અભિવૃદ્ધિ કરનાર આ કાવ્યગ્રંથમાના ભજનોનો જ્ઞાનરસાસ્વાદ આપણી ગુર્જર અને જૈન આલમ સારી રીતે લે એજ મહદીચ્છા

પાચમી આવૃત્તિ સં ૧૯૮૧ ના ચૈત્રવદીમા પ્રકટ કરી હતી તે ખપી જવાથી આ છઠ્ઠી આવૃત્તિ પ્રકટ કરતા મંડળના વ્યવસ્થાપકોને આનંદ થાય છે

આ છઠ્ઠી આવૃત્તિમા દરેક ભજનના મથાળા તે ભજનના વસ્તુદર્શક આપવામા આવ્યા છે તેમજ ભજનોનો ક્રમ પણ ફેરવ્યો છે તેમજ તે ભજનો જૈનો ઉપરાંત સર્વ ધર્મપ્રેમીઓને ગાવા સમજવામા સરળ અને આદરવાળા સમજી શકાય તેમ ગોઠવ્યા છે સાદી ભાષામા સદ્બોધ સાથે ઊંડા અધ્યાત્મ અને યોગ જેવા કઠીન વિષયો ગુંથ્યા છે ને તે પૂર્વના વિખ્યાત સન્ત કવિઓની યાદી કરાવે છે. આ ભજનામૃતનો આસ્વાદ સૌ આત્મજ્ઞાનપિપાસુઓ કરે એ વિજ્ઞાપન !

સં. ૨૦૦૬ ... પૂર્ણિમા મુંબાઇ. | શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્ર મંડળ
હ. મણિલાલ મોહનલાલ પાદરાકર.
મંત્રી

પ્રસ્તાવના.

(ચોથી આવૃત્તિની)

તેનું પ્રતિબિંબ [illegible] આપણું કોઈનું પણ આજના વાર્ષિક ક્રમિક [illegible] નવી આવતા વાર્ષિક ક્રમિક અંગ [illegible] કે આજનામાંથી [illegible] [illegible] તે [illegible] કર્તવ્ય છે, આજનો પણ અનેક પ્રકારના [illegible] છે, [illegible] સામાન્ય [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

वचनामृत.

[illegible]

उत्पन्न थतो नथी. योग्यता विण सद्गुणनी प्राप्ति थती नथी. विचार, उच्चार अने आचार ए त्रण वस्तु एक स्थाने होय तो पूर्ण भाग्यनुं चिह्न जाणवुं. नीतिधर्मनुं स्वरूप वीतराग प्रभुए यथार्थ कह्युं छे. विनय भक्ति विना आत्मशक्ति खीलती नथी. हे गौतम ! समय मात्र पण प्रमाद न कर, आ वाक्यनी उत्तमता पुनः पुनः विचारवा योग्य छे.

धर्मोन्नतिमां प्रभावना उत्तम अंग छे. आध्यात्मिक ज्ञानवाळुं जीवन सत्यसुख आपे छे. कवि अने ध्यानी चित्तनी एकाग्रताथी कार्यसिद्धि करे छे. श्री वीरप्रभुए आत्मशक्तिनुं अद्भूत स्वरूप उपदेश्युं छे, पण समज्या विना अन्तरमां अन्धारुं छे. आत्मस्वरूप-रमणतामां चित्तवृत्ति विश्रांत थतां सहजानंदनी खुमारी प्रगटे छे. उपादेय बुद्धि अने उपादेयनुं आचरण महादुर्लभ छे. हेय, ज्ञेय अने उपादेयनुं यथार्थ स्वरूप समजवाथी सत्यविवेक प्रगटे छे. शब्द, ज्ञान अने वस्तु ए त्रण प्रकारना पदार्थ छे, ज्ञानरूप अग्नि सर्व कर्म बाळीने भस्म करे छे. खरेखर सत्सुख अन्तरमां छे.

बुद्धिसागरसूरी.

ॐ शान्तिः शान्तिः शान्तिः



॥ भजनपद संग्रह द्वितीय भाग. ॥

प्रथम आवृत्तिनी प्रस्तावना।

॥ ઉદ્દેશ ભૂમિકા ॥

કાવ્યમાં અદ્ભુત શક્તિ રહેલી છે, આનંદનું સ્થાન કાવ્ય છે, અને કાવ્યમાં શ્રેષ્ઠ કાવ્ય આત્મજ્ઞાનનું છે. આત્મજ્ઞાનથી આત્માની ઉન્નતિ થાય છે. જ્ઞાન, ધ્યાન, વૈરાગ્ય, નીતિ વિગેરે સદ્ગુણોથી જગતની ઉન્નતિ ભૂતકાળમાં થઈ હતી, વર્તમાનમાં થાય છે અને ભવિષ્યમાં થશે.

દૃષ્ટિથી જે ભવ્ય જીવ વાંચશે, સમજશે તેનું સારું થશે. કેટલાક ગંભીર આત્મજ્ઞાનના તથા યોગના પદોમાં સમજણ ન પડે યા અપેક્ષા ન સમજાય તો જ્ઞાની સદ્ગુરુને પૂછી નિર્ણય કરવો, જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તે સંબંધી મિથ્યા દુષ્કૃત દઉં છું, સદ્ગુણ દૃષ્ટિથી ભવ્ય જીવો આત્માનંદ મેળવો.

આ પુસ્તક વેચવાથી જે કીંમત ઉપજશે તે સઘળી રકમ જ્ઞાનખાતાના બીજા પુસ્તકો છાપવામાં વપરાશે.

—બુદ્ધિસાગરસૂરિ



છપાઈ તૈયાર થવા આવ્યો છે

અપૂર્વ ગ્રંથ.



યોગનિષ્ઠ આચાર્ય

શ્રીમદ્ બુદ્ધિસાગરસુરીશ્વરજી

વિસ્તૃત જીવન.

ક્રાઉન આઠ પેજી આશરે પૃષ્ઠ ૫૦૦

અનેક ચિત્રો સહિત

લેખકો : શ્રી જયભિખ્ખુ-શ્રી પાદરાકર.

અપૂર્વશ્રમ અને ખર્ચથી તૈયાર થયેલો

એક સર્વસંગ્રહ જેવો

અપૂર્વ ગ્રંથ

શિલીકમા હશે ત્યા સુધી જ મળશે

અગાઉથી ગ્રાહક થવા લખો—

શ્રી અધ્યાત્મજ્ઞાનપ્રસારક મંડળ.

C/o શેઠ વાડીલાલ દોલતરાય.

પાયધુની સુતર બજાર—મુંબાઈ.

योगनिष्ठ-जैनाचार्य-श्रीमद्बुद्धिसागरसूरीश्वरकृत-

भजन पद संग्रह.

भाग १ लो.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

કર પ્રીતિ પરમાતમ સાથે, ફોગટ કયાં આથડે ?
બુદ્ધિસાગર આતમધ્યાને, તુજને નહિ કો નડે. પલક૦ ૪

૭. મનની ભ્રમણા.

રાગ ઉપરનો

મૂરખ મન મારૂ મારૂ શીદ કરે, ફોગટ ભવભ્રમણા કરતો ફરે,
તારૂં ધાર્યું થાતું હોય તો, ઇચ્છા વિણુ કેમ મરે ?
પાપની પોઠો ભરીને પાપી, મરી નરક અવતરે ફોગટ૦ ૧
મરણુ કાળ જબ આવે પાસ તબ, હાય હાય ઉચ્ચરે,
હાથ ઘસતા જાયે પરભવ, ઠામ કદી નહિ ઠરે ફોગટ૦ ૨
માહ્યની ઋદ્ધિ તારી જાણી, ભ્રમણા ભાઇ પરિહરે,
બુદ્ધિસાગર આતમધ્યાને, વંછિત કારજ સરે ફોગટ૦ ૩

૮. જાગ આતમા.

(મનસામાલિનીએ છીવો ગોરખ–એ રાગ)

નિર્ભય દેશનારે વાસી આતમ, પડે શું માયાજાળમા,
અસખ્યપ્રદેશી દેશ તારો, નિરાકાર ગુણુવાનજી;
જરા મરણ નહીં દેશમા તે, નિશ્ચલસુખનું ઠાણુ. નિર્ભય૦ ૧
રોગ સોગ વિયોગ નહીં જ્યા, મમતા ને અભિમાનજી,
પ્રતિપ્રદેશે સુખ અનતુ, સમતા અમૃત પાન નિર્ભય૦ ૨
જ્ઞાનગુણથી દેશમા નિજ, ભાસે સર્વપદાર્થજી;
નિત્ય અનિત્ય દેશ તારો, શુદ્ધ એ પરમાર્થ. નિર્ભય૦ ૩
જ્યોતિમાહી જ્યોત પ્રગટી, કરતા દેશનું ધ્યાનજી,
અનુભવવાસી ઓળખ્યો તો, આવ્યું નિજપદ ભાન. નિર્ભય૦ ૪

[illegible] દુનિયાદારી [illegible]
[illegible] ધ્યાન લગાના, [illegible]
[illegible] નહીં આતમ [illegible]
[illegible]
આતમજ્ઞાન બિના [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

સડેલ પાનના સગથી રે, શુભપાન વિણુશાય,
કાગ સંગથી હંસલો રે, મૃત્યુ અવસ્થા પાય. નગુરા૦ ૨

સગત જેવી પ્રાણીને રે, તેવો તે થઇ જાય;
વેશ્યાની સંગતથકી રે, વિષયે મન લલચાય. નગુરા૦ ૩

સત્ય તત્વ સમજે નહીં રે, સત્યમાર્ગ અજ્ઞાન,
આપમતિએ ચાલતા રે, બુદ્ધિહીન નાદાન. નગુરા૦ ૪

સંગત તેની વારીએ રે, કરીએ સદ્ગુરૂ સંગ;
શાસ્ત્રોથી પણ સંગનો રે, ચોલ મજીઠ સમ રંગ. નગુરા૦ ૫

પ્રેમે સંગતિ પારખી રે, કરીએ મનવિશ્વાસ;
બુદ્ધિસાગર ટેકથી રે, રહીએ સદ્ગુરૂ પાસ. નગુરા૦ ૬

૧૫. સુગુરાનું સ્વરૂપ.

(નિશાની કહા બતાવુ રે–એ રાગ)

સુગુરાની સંગત કીજે રે, સંગતથી ગુણ થાય—
પાર્શ્વમણિના સંગથી રે, લોહ તે સોનું થાય,
ઇયળ ભમરી સંગથી રે, ભમરીનું પદ પાય સુગુરા૦ ૧

સુસગતથી ગુણ વધે રે, દોષો દૂરે જાય;
ભ્રાન્તિ ભ્રમણા સહુ ટળે રે, સત્યરૂપ પ્રગટાય. સુગુરા૦ ૨

ભ્રમણામા દુનિયા ફરે રે, માને દુઃખમા સુખ,
સ્વપ્ન સુખલડી ભક્ષતા રે, ક્યાથી ભાગે ભૂખ. સુગુરા૦ ૩

યથામતિ રૂચિથકી રે, જેવી સગત થાય;
તન્મયવૃત્તિ ફેરથી રે, શુદ્ધ જ્ઞાન ન ગ્રહાય. સુગુરા૦ ૪

દુર્લભ દેવ આરાધના રે, દુર્લભ સદ્ગુરૂ સેવ,
સદ્ગુરૂ સેવન ભક્તિથી રે, પામો અમૃતમેવ સુગુરા૦ ૫

[illegible]

અનુભવીએ અનુભવ આપ્યો, અંતર નયણે દેખ,
બુદ્ધિસાગર અગમ પન્થમાં, સરખા આતમ લેખ;
સદ્ગુરૂના સંગેરે, મુક્તિસુખ સહેજે વરો. અનુભવી૦ ૬

૨૮. અજ્ઞાનનાં અંધારાં.

(રાગ–ધીરાના પદનો)

અજ્ઞાની અથડાણારે, સત્ય નવી સમજી શકે,
પોતાની હઠ પકડીરે, મન માને તેવું બકે. અજ્ઞાની૦ ૧

સત્ય ન શોધ્યું અંતર નયણે, જડમા માને ધર્મ,
ધર્મ મર્મનો ખ્યાલ કરે નહિ, બાંધે ઉલટાં કર્મ;
અંધારૂં અજવાળે રે, કહો કેમ ટકી શકે, અજ્ઞાની૦ ૨

જાનડીયા જેમ વર વિના તેમ જ્ઞાની વિના ગ્રંથ,
નાક વિના જેમ મુખ ન શોભે અનુભવી વિણ તેમ પંથ;
છીપ રૂપા જેવીરે, આઘેથી જોતાં ચગચગે. અજ્ઞાની૦ ૩

આપમતિ ત્યાં યુક્તિ ખેંચી, મતની તાણાતાણ,
કરતા કર્મ વધારે લોકો સાત નયોના અજાણ;
જ્ઞાનીનો આગળ આવીરે, કહો કેમ ટકી શકે. અજ્ઞાની૦ ૪

ભૂલ્યો કહેતાં ભૂલ ન ભાગે, પ્રગટે જો ઘટજ્ઞાન,
ત્યારે ભ્રમણા ભ્રાન્તિ ભાગે, આવે આતમસાન;
બુદ્ધિસાગર બોધેરે, અંતર સૂર ઝગમગે. અજ્ઞાની૦ ૫

૨૯. જ્ઞાનનાં અજવાળાં.

(રાગ–ઉપરનો.)

જ્ઞાનીની સંગ સારીરે, સમજો મન નરનારી,
જંગમ કલ્પતરૂરે, જ્ઞાનીની સંગ નિર્ધારી. જ્ઞાની૦ ૧

પત્થર પત્થર રત્ન ન હોવે, યુગે યુગે નહિ દેવ,
ઠામ ઠામ નહિ કલ્પવૃક્ષ જ્યું, ત્યું જ્ઞાની ગુરૂ મેવ;
પાપ પલકમાં કાપેરે, દેખાડે શિવપુર બારી. જ્ઞાની૦ ૨

ઘટમાં પરમાતમ દેખાડે, શાશ્વત સુખ ભંડાર,
અનુભવજ્ઞાને સ્થિરતા આપે, ભય ચચલતા વાર,
વાસના વિષ વારીરે, આપે પદ અણાહારી. જ્ઞાની૦ ૩

પાર્શ્વમણિથી બહુ ચઢીયાતા, જ્ઞાની સદ્ગુરૂ સન્ત,
અર્પે આતમરૂપ બરોબર, કરી મિથ્યાત્વનો અંત;
મિથ્યા ટેવ વારી રે, શુદ્ધ પદે ચિત્ત ઠારી. જ્ઞાની૦ ૪

મહાતીર્થ મહાદેવ મહેશ્વર, કરો જ્ઞાનીનો સગ,
આપોઆપ સ્વરૂપે વર્તો, પામી અનુભવ રંગ;
બુદ્ધિસાગર બોધે રે, અંતર ઘટ ઉજીયારી જ્ઞાની૦ ૫

૩૦. કુગુરૂ નાવ ડૂબાડે.

(રાગ-ઉપરનો.)

પત્થરના નાવે બેસી રે, તરનાર કેણીપેરે તરે ?
તેલ આશા રેતી રે, પીલે કહો કેમ સરે ? પત્થર૦ ૧

જલ વલોવો માખણ અર્થે, તે તો નિષ્ફલ જાય;
અજ્ઞાની કુગુરૂની સંગે, તત્ત્વ કશું ન જણાય;
અધાને દોર્યો અધે રે, ઠામ કેણીપેરે ઠરે ? પત્થર૦ ૨

બાવળીયાને બાથ ભરો પણ, સરે ન કાર્ય લગાર;
ઢૂંઢાની કદી પાંત ન બનશે, ખર લીંડે પાપડ સાર;
જોઇને તમે જોજો રે, કુગુરૂઓ ઘરો ઘરે. પત્થર૦ ૩

ખારા જળથી તૃષા ન ભાગે, કુચકા ભક્ષે ભૂખ;
જુઓ વિચારી મનમાં સમજુ, ઉલટું થાવે દુઃખ;
સડેલ શઠની સંગે રે, કહો કોઇ કેમ સુધરે ? પત્થર૦ ૪

આતમ કર્મ સ્વરૂપ ન જાણે, કારણ કાર્ય સ્વરૂપ;
ગુણ પર્યાય દ્રવ્ય નહિ જાણે, તે શું ટાળે ધૂપ,
તાડવૃક્ષ છાયા રે, તાપ કેણી રીતે હરે ? પત્થર૦ ૫

ભિક્ષુક ઘરમાં હસ્તી બાંધ્યો, ખાવે શું ખોરાક ?
બુદ્ધિસાગર એણીપેરે બોલે, કુગુરૂ છે નાપાક;
સુગુરૂને સેવે રે, પચમી ગતિ પ્રાણી વરે પત્થર૦ ૬

૩૧. તું અલખ બ્રહ્મ છો !

(રાગ–સવૈયા.)

તત્વ સ્વરૂપી અલખબ્રહ્મ તું, પરમાતમ પરગટ પોતે,
પટમા વસિયો માયા વશથી, જડમા નિજને શું ગોતે ? તત્વ૦ ૧

અજરામર અવિનાશી અરૂપી, આખ મીચકર અવધારો,
રટના અવિહડ પદની લાગે, તો હોવે ઘટ ઉજીયારો. તત્વ૦ ૨

અવિચલ અસખ્ય પ્રદેશી આતમ, ચિદ્દઘન ચેતન તું પ્યારો,
નિત્યાનિત્ય સ્વરૂપી જ્ઞાતા, અનેકાન્તમત નિરધારો. તત્વ૦ ૩

પરમેષ્ઠીમય પરગટ પોતે, સમજ સમજ આતમ દેવા;
બુદ્ધિસાગર પ્રેમ ભાવથી, કરવી તેની દિલ સેવા તત્વ૦ ૪

૩૨. પ્રભુ દર્શનનું પરમ સુખ.

(બાલમ એર એર નહીં આવે-એ રાગ)

પ્રભુજી તુમ દર્શન સુખકારી, તુમ દર્શનથી આનંદ પ્રગટે,
જગજન મંગલકારી. પ્રભુજી૦ ૧

તપ જપ કિરિયા સંયમ સર્વે, તુમ દર્શનને માટે;
દાન ક્રિયા પણ તુજ અર્થે છે, મળતો નિજ ઘર વાટે. પ્રભુજી० ૨

અનુભવ વિણ કથની સહુ ફીકી, દર્શન અનુભવ યોગે;
ક્ષાયિક ભાવે શુદ્ધ સ્વભાવે, વર્તે નિજ ગુણ ભોગે. પ્રભુજી० ૩

દેશ વિદેશે ઘરમા વનમાં, દર્શન નહીં પામીજે;
દર્શન દીઠે દૂર ન મુક્તિ, નિશ્ચયથી સમજીજે. પ્રભુજી० ૪

ચેતન દર્શન સ્પર્શન યોગે, આનંદ અમૃત મેવા;
બુદ્ધિસાગર સાચો સાહિબ, કીજે ભાવે સેવા પ્રભુજી० ૫

૩૩. દુનિયાંદારી.

(અજપાજાપે સુરતા ચાલી–એ રાગ)

સ્વપ્ના જેવી દુનિયાદારી, કદી ન તારી થનારી;
દૃષ્ટિ ખોલકર દેખો હંસા, મિથ્યા સબ જગકી યારી. સ્વપ્ના. ૧

દર્પણમાં પ્રતિબિમ્બ નિહાળી, શ્વાન ભ્રાન્તિથી બહુ ભસ્યો;
જૂઠી માયા જૂઠી કાયા, ચેતન તેમાં બહુ ધસ્યો. સ્વપ્ના. ૨

નિજ છાયા કૂપ જલમા દેખી, કૂદી કૂપે સિંહ પડયો;
પર પોતાનું માની ચેતન, ચાર ગતિમાં રડવડયો. સ્વપ્ના ૩

છીપોમા રૂપાની બુદ્ધિ, માની મૂરખ પસ્તાયે;
જડમાં સુખની બુદ્ધિ ધારી, જયા ત્યાં ચેતન બહુ ધાયો. સ્વપ્ના. ૪

કુટુમ્બ કબીલો સારો માની, કીધા કર્મો બહુ ભારી;
અંતે તારું થશે ન કોઇ, સમજ સમજ મન સંસારી. સ્વપ્ના. ૫

જન્મ્યા તે તો જરૂર જાશે, અહીંથી અંતે પરવારી;
સમજ સમજ ચેતન મન મેરા, બુદ્ધિસાગર નિર્ધારી. સ્વપ્ના ૬

૩૪. ત્હારૂં સ્વરૂપ.

(રાગ ઉપરનો.)

અલખ અગોચર નિર્ભય દેશી, સિદ્ધ સમોવડ તું ભારી,
અનુભવ અમૃત ભોગી હંસા, અકલગતિ વર્તે તારી. અલખ૦ ૧

અસંખ્યપ્રદેશે દ્રષ્ટિ દે કર, શ્વાસોશ્વાસે ઘટ જાગો;
સ્થિરતા સમતા લીનતા પામી, દૂરે પરપરિણતિ ત્યાગો. અલખ૦ ૨

ભેદજ્ઞાનથી ભાવો ભવિકા, આતમ રત્નત્રયી સ્વામી.
અભેદ દ્રષ્ટિ અંતર લક્ષી, થાવો શિવપદ સુખરામી. અલખ૦ ૩

ભાગ્યદશા પૂરણ જસ હોવે, આતમધ્યાને મન લાગે;
બુદ્ધિસાગર ધન્ય નરા જગ, પ્રણમો સન્તો દિલરાગે. અલખ૦ ૪

૩૫. જડ ચેતનના ભેદ.

(રાગ-પ્રભાતિ ચાલ)

એસા સ્વરૂપ વિચારો હંસા, ગુરુગમ શૈલી ધારીરે,
પુદ્ગલ રૂપાદિકથી ન્યારો, નિર્મલ સ્ફટિક સમાનોરે
નિજ સત્તા ત્રિહુ કાલે અખણ્ડિત, કબહુ રહે નહિ છાનોરે એસા૦ ૧

ભેદજ્ઞાન સૂર ઉદયે જાગી, આતમ ધંધે લાગોરે;
સ્થિરદૃષ્ટિ સત્તાનિજ ધ્યાયી, પર પરિણમતા ત્યાગોરે એસા૦ ૨

કર્મબંધ રાગાદિક વારી, શકિત શુદ્ધ સમારીરે.
ઝીલો સમતા ગંગાજલમે, પાગી ધુવકી તારીરે એસા૦ ૩

નિજગુણ રમતા રામ ભયો જગ, આતમરામ કહાયોરે,
બુદ્ધિસાગર સોધો વટમા, નિજમા નિજ પરખાયોરે. એસા૦ ૪

૩૬. પરમપદનાં સુખડાં.

(જીવલડા ઘાટ નવા શીદ ઘડે–એ રાગ.)

પરમપદ પરખે તો સુખ મળે, અનાદિ દુઃખની ભ્રાન્તિ ટળે ॥

શુદ્ધ સ્વરૂપે ભળે ચેતના, નિજ ધન નિજમાં મળે,
સાધ્યલક્ષી આતમા થઇ, અકલપણે નિજ કળે. પરમ૦ ૧

ત્યાગી થઇને ત્યાગી લે તું, અવસર આવ્યો ફળે;
બુદ્ધિસાગર જાગંતા ઘટ, કર્મનું કશું નહીં વળે. પરમ૦ ૨

૩૭. પ્રભુનો પ્રેમ.

(બેની પ્યારી રે મારી–એ રાગ)

વીર પ્રભુ વ્હાલારે મારા, લાગે મનમા અતિશય પ્યારા વીર;
ત્રિશલાનદન રે નાણી, પાત્રીસ ગુણથી શોભે વાણી. વીર૦ ૧

દુનિયાદારીરે ત્યાગી, આતમગુણથી પ્રીતિ લાગી, વીર;
ત્રીશે વર્ષેરે દીક્ષા, લીધી જગજન કરવા શિક્ષા વીર૦ ૨

કેવળ કમળારે પામ્યા, જન્મ જરાદિક દુઃખડા વામ્યા, વીર;
બુદ્ધિસાગર રે સેવા, ભાવે કરતાં શિવસુખ મેવા વીર૦ ૩

૩૮. માયા ન ત્હારી.

(પરખી લેજો નાણુંરે–એ રાગ)

માયા ન મૂરખ તારી રે, શું માને મારી મારી,
મારી મારી કરતાં તારી, ઉમ્મર સહુ પરવારીરે.
માયા ન તારી, માયા૦ ૧

રાવણ સરખા રાજા ચાલ્યા, ચાલ્યા રંક ભીખારીરે.
માયા ન તારી. માયા૦

જેની હાંકે ધરણી ધ્રૂજે, તે પણ ચાલ્યા હારીરે.
માયા ન તારી, માયા૦ ૨

ડહાપણના દરિયામાં ડુલી, શિર પર ધૂલી ડારીરે,
માયા ન તારી, માયા૦

કપટ કળામાં કાળો થઇને, મારી પેટ કટારીરે
માયા ન તારી, માયા૦ ૩

નિર્દય નફ્ફટ નાગો થઇને, કીધી ચોરી જારીરે;
માયા ન તારી, માયા૦

દગા પ્રપંચો પાખંડ માડી, દોડ્યો નરકની બારીરે.
માયા ન તારી, માયા૦ ૪

અભિમાનના તોરે ફૂલી, વાત કરી તકરારી રે,
માયા ન તારી, માયા૦

વાતવાતમાં લડી પડયો તું, ધર્મ ન હ્રદયે ધારીરે.
માયા ન તારી, માયા૦ ૫

નિંદામા નિશદિન શૂરો થઇ, દોષ કર્યા તે ભારીરે;
માયા ન તારી, માયા૦

સતની સંગત કદિ ન કીધી, પાપીથી પ્રીતિ પ્યારીરે
માયા ન તારી, માયા૦ ૬

લાલચુ લંપટ લુચ્ચો બની તેં, કરી કુસંગી યારીરે,
માયા ન તારી, માયા૦

ભજન પ્રભુનું મુકી તેં તો, ધર્મિસંગ નિવારીરે.
માયા ન તારી, માયા૦ ૭

જ્ઞાનની વાત ન મનમાં ગમતી, પ્યારાં ઘેબર ધારીરે;
માયા ન તારી, માયા૦
ફોગટ મમતામાં ફૂલીને, ઉમર આખી હારી રે.
માયા ન તારી, માયા૦ ૮
ચેતો ચેતો ચિત્તમા ચટપટ, સમજો નર ને નારીરે;
માયા ન તારી, માયા૦
આંખ મીંચાએ કશું ન હાથે, જાવું સો વિસારીરે.
માયા ન તારી, માયા૦ ૯
કરશો પરમાતમથી પ્રીતિ, શુરૂ સેવો ઉપગારીરે;
માયા ન તારી, માયા૦
બુદ્ધિસાગર ધર્મી જનની, હું જાઉં બલિહારીરે.
માયા ન તારી, માયા૦ ૧૦

૩૯. ચેતો, ઉંઘો નહિ.

પરખીને લેજો નાણુંરે, આવ્યું ઉત્તમ ટાણું,
ટેં ટેં કરતા તુરત વારમાં, આવે જમનું આણુરે. પરખીને૦ ૧
હેં હે કરીને હસતા આવ્યુ, પરભવનુ પસ્તાનુંરે, પરખીને૦
ફૂલણુ ફાંફાં મારે શુ તું, પડતું રહેશે ભાણુ રે પરખીને૦ ૨
શુ મસ્તાનો થઇને મ્હાલે, ચાલ્યા લાખ નવાણુંરે પરખીને૦
મોહમાયાના વશમાં થાતાં, પડયું આઝમા કાણુ રે, પરખીને૦ ૩
માથે કાલ ઝપાટો વાગે, ઉંઘણુ શુ ? ઊંઘાણુંરે. પરખીને૦
થાતાં એદી આળસનો તું, નર્કનું પામે લ્હાણુ રે, પરખીને૦ ૪
પ્રભુને પ્રેમે કદિ ન ભજતા, દુઃખ વાદળ પથરાણુંરે. પરખીને૦
જન્મ જરાનાં દુઃખડા ટાળે, તો તને જોગી જાણુ રે પરખીને૦ ૫

હાહા કરતાં વર્ષો ગાળે, આત્મિક ધન ભૂલાણું રે. પરખીને૦
બુદ્ધિસાગર ચેતો ચેતન, અંતર ગાવો ગાણું રે. પરખીને૦ ૬

૪૦. નગુરા નહિં તરે !

(રાગ-મરાઠી સાખી.)

જાગો જોગી અલખ સ્વરૂપી પૂર્ણાનન્દ વિલાસી;
નિજપદમાહિ વાસ તુમારા, જ્ઞાતા જ્ઞેય પ્રકાશી,
ખેલો આતમ રે, અવસર આવ્યો સારો,
જુગો જુગ તુંહિ મન પ્યારો. ખેલો૦ ૧

ચિદ્‌ઘન શુદ્ધ સ્વરૂપે સોહે, મુનિજનનાં મન મોહે;
દિનમણિ ત્રણ ભુવનમાં તું છે, પોતે પોતાને બોહે. ખેલો૦ ૨

અન્તર ધન પરખી લે ! તારૂં, સારામાં જે સારૂં;
તન્મય વિશ્વાસી થા તેનો, પ્યારામાં જે પ્યારૂં. ખેલો૦ ૩

ભૂલી દુનિયાના ડહાપણને, વળજે આતમ વાટે;
ઊંઘીશ નહિ તું અગમ પન્થમાં, માલ છે માથા સાટે ખેલો૦ ૪

હાથે નહીં તે સાથે કરવું, અદ્‌ભૂત એહ તમાસા;
પામ્યા અનન્તા પામે તેને, તે પદનો તું પ્યાસા. ખેલો૦ ૫

ચિન્તામણિ નિર્ધનના હાથે, તે તો કબહુ ન ચડશે;
માનો મનમા જે તે આવ્યું, પરભવ માલમ પડશે. ખેલો૦ ૬

ચઉટામા મીસરી વેરાણી, કીડી કળાથી ખાવે;
કુંજર તેને ગ્રહી શકે નહિ, યોગ્યતાએ સહુ પાવે ખેલો૦ ૭

જેના માથે સદ્‌ગુરૂ નહીં તે, નગુરા ભટકે બારે,
બુદ્ધિસાગર આત્મઉજાગર, સદ્‌ગુરૂ તરે ને તારે. ખેલો૦ ૮

૪૧. તહારું કોણ ?

(ચેતાવું ચેતી લેજેરે—એ રાગ)

અરે જીવ પામર પ્રાણી રે, તારૂં કશુ ન કોઇ ધારશે;
સ્વારથનું સગપણ જગમાં સૌ, જ્ઞાની એમ પ્રકાશે અરે૦ ૧

સાંજ સમે જેમ પંખી ટોળું, ભેગું બેઠું ભાવે;
વ્હાણું વાતા નિજનિજ પંથે, એકલડાં સહુ જાવે. અરે૦ ૨

સંધ્યાની વાદળીયો જેવું, જૂઠું માયાજાળુ;
તેમાં રખડી મરતા નાહક, સાર કશો નહીં ભાળું. અરે૦ ૩

ખોટું મોટું કરીને માન્યું, રહે ન અંતે છાનુ;
અલખ ખલકમા સાચો સમજી, ઝાલો તેહનું બાનું અરે૦ ૪

નરભવ દુર્લભ પામી પ્રેમે, કર પરમાતમ પ્રીતિ;
સાચો સાહિબ સત્ય સુઝાડે, ટાળે ભવભયભીતિ. અરે૦ ૫

ખટપટ લટપટ ઝટપટ ત્યાગી, પરમાતમને ધ્યાવો;
બુદ્ધિસાગર શાશ્વત સુખડાં, સહેજે સંતો પાવો અરે૦ ૬

૪૨. અંતરમાં પ્રભુ જુવો !

(સોરઠ.)

પરમ પ્રભુ ઘટ અંતરમા ભાવો, ગાવો ધ્યાવો વધાવો. પરમ૦

પિંડે પરમાતમ વસિયા તસ, પૂજા શુદ્ધ રચાવો;
સમતા જલથી પ્રક્ષાલો વિભુ, તન્મય ત્યા થઇ જાવો. પરમ૦ ૧

ભાવદયા ચંદનથી અર્ચો, સદ્દગુણ પુષ્પ ચઢાવો;
ક્ષાયિક સમકિત ધૂપ કરો વળી, જ્ઞાનદીપક પ્રગટાવો. પરમ૦ ૨

ક્ષાયિક ચરણનો સ્વસ્તિક કરીએ, અનુભવ નૈવેદ્ય ધરીએ;
આવિર્ભાવે આત્મિક ગુણફળ, ધરતા મંગળ વરીએ. પરમ૦ ૩

સામગ્રી પૂજનની પામી, પૂજો અંતરયામી;
પૂજક પૂજ્યપણું પ્રગટાવી, થાવો ચિદ્ઘન સ્વામી. પરમ૦ ૪

ગુણસ્થાનક ચોથું પામીને, લ્યો પૂજનનો લ્હાવો,
બુદ્ધિસાગર પૂજન અર્થે, મળે ન અવસર આવો પરમ૦ ૫

૪૩. ગુરૂગમ.

(સવૈયા.)

ગુરૂગમથી ભાઇ જ્ઞાન ગ્રહો તુમ, ગુરૂ દેવતા ગુરૂ દીવો,
ગુરૂ આખો ને ગુરૂ છે પાખો, ગુરૂ ગીતારથ જગ દીવો ગુરૂ૦ ૧

ગુરૂકૃપાથી જ્ઞાનજ પ્રગટે, વિઘટે મિથ્યામલ ભારી;
ચિરંજીવજો ગુરૂ ગીતારથ, બુડતાં બેડલી તારી. ગુરૂ૦ ૨

દેવ ગુરૂ દો ખડે દેખકર, વન્દો કિસકું પહેલા ભાઇ,
ઉપકારી ગુરૂ વંદન પહેલા, સંતજનોએ દિયું બતાઇ. ગુરૂ૦ ૩

ગુરૂને દેખી વંદન કરવું, નમ્ર વચનને ઉચ્ચરવું;
હાથ જોડકર સુણો દેશના, ગુરૂ વિનયે મનડું ધરવું. ગુરૂ૦ ૪

સમકિતદાયક સદ્ગુરૂ દર્શન, વિધિયે કરજ્યો નરનારી,
પ્રાણાંતે પણ ગુરૂની આજ્ઞા, લોપો નહિ હિમ્મત ધારી ગુરૂ૦ ૫

જેના માથે સદ્ગુરુ નહીં તે, નગુરા દુઃખ સહેશે ભારી;
સેવો ગુરૂને જ્ઞાનજ બર્યે, સમજ સમજ મન સંસારી. ગુરૂ૦ ૬

ગુરૂની ભક્તિ કરજો પ્રેમે, શ્રદ્ધા મન લાવી સારી;
બુદ્ધિસાગર વંદો સદ્ગુરૂ, હું જાઉં તમ બલિહારી. ગુરૂ૦ ૭

૪૪. આત્મજ્યોત.

(રાગ કલ્યાણ.)

તારો આતમરાય, મહાશય તારો આતમરાય,
કાદવમા મણિ ખરડાયો છે, સ્વચ્છ કરો ચિત્ત લાય. મહા૦
આતમહીરો ઝળકે જ્યોતે, જોજ્યો ઘટનીમાંય મહા૦ ૧
સત્ય સનાતન સુખનો દાતા, આપો આપ સુહાય; મહા૦
જેની શક્તિ પાર વિનાની, સાધનથી તે સધાય. મહા૦ ૨
જગદીશ્વર જગનાથ જયો જગ, જ્ઞાનથકી પરખાય, મહા૦
જેની સેવા અમૃતમેવા, જન્મ જરા દૂર જાય. મહા૦ ૩
ગુણ પર્યાયનો ધારક ભાજન, સમયે સમયે થાય, મહા૦
પરમાતમ તે નિશ્ચનયથી, ધ્યાવે તો સુખ પાય મહા૦ ૪
વ્યવહારે શુદ્ધ વર્તે તદર્થે, ક્ષણક્ષણમાંહી સદાય, મહા૦
કારણે કાર્ય મહોદય સિદ્ધિ, બુદ્ધિસાગર ગુણ ગાય. મહા૦ ૫

૪૫. ત્હારૂં સ્વરૂપ વિચાર !

(રાગ મરાઠી સાખી.)

મૂરખ જીવડા કાંઇ ન સમજ્યો, પાપ કીધાં કંઇ ભારી,
તપ જપ દાન ક્રિયાદિક છોડી, કીધા તેં ચોરી જારી;
અબ ચેતો રે ચિત્તમા ચતુર વિચારી, છોડી આ દુનિયાદારી. અબ૦ ૧
કોઇ કોઇની સાથ ન આવે, તન ધન જૂઠ કહાવે;
નાહક મમતા તેમા રાખી, નરક નિગોદે જાવે. અબ૦ ૨
કીધાં વાર અનંતી સગપણ, લાખ ચોરાશી ભટકી;
તારૂં તેમાં વળ્યું શું ? ચેતન, લાલચમાહિ લટકી અબ૦ ૩

માયાનાં વિષવૃક્ષો વાવે, આવે ફળ તો નઠારાં;
પ્યાર કરંતાં જગમાં પરગટ, થયા જનો દુઃખીયારાં. અબ૦ ૪

આતમ તે પરમાતમ દેહે, છે પ્રીતિ તસ સાચી;
આત્મ સમોવડ કોઇ નથી જગ, રહેજો તેહશું રાચી. અબ૦ ૫

અલખ પન્થમાં અજબ તમાશા, કોઇ ન કોઇકા દાસા;
બુદ્ધિસાગર અવસર પાકર, ધર આતમ વિશ્વાસા. અબ૦ ૬

૪૬. બ્રહ્મસત્ય, જગત્ મિથ્યા.

(રાગ મરાઠી સાખી.)

જોઇ જોઇને જોઇ મેં લીધું, મનડું નિશ્ચય કીધું,
દુનિયામા સ્વારથનું સગપણ, કારજ કાંઇ ન સિદ્ધયું;
મોરા આતમરે સત્ય તું હિ એકલા, તું હિ ગુરૂ તું હિ ચેલા. મોરા૦ ૧

આ સસારે જડમા રાચી, વિષયારસમા માચી;
ભૂલ્યો ભટકયો અટકયો લટકયો, ગણી માયાને સાચી. મોરા૦ ૨

શોધી શોધીને સારજ કાઢ્યો, સૂત્ર સિદ્ધાત વિચારી;
સત્ય સ્વરૂપી તત્વમસિ તું, નિરાકાર સુખકારી. મોરા૦ ૩

મન વાણી કાયાસેં ન્યારા, ગુણ અનન્તાધારા;
પરમેશ્વર પરગટ પોતે તું, ટળતા કર્મ વિકારા. મોરા૦ ૪

અદ્ભૂત યોગી નિજગુણ ભોગી, કેવલજ્ઞાન પ્રકાશી;
અન્તરધનનો રાજા તું છે, તુજમા મક્કા કાશી. મોરા૦ ૫

સામગ્રી સહુ પામ્યો હંસા, જાવે અબ શું ? ભૂલી;
બાજીગરની બાજી સમ જગ, અન્તે ધૂલકી ધૂલી. મોરા૦ ૬

અરેહરીયે તેં વહાણ હંકાર્યું, શિવપુર જાવા ધાર્યું;
ભૂલ્યો તો ભટકીશ ભવમાં તુ, નક્કી નરીગ પરવાર્યું. મોરા૦ ૭

આવ્યો અવસર ચૂક ન ચેતન, આપોઆપ તરંગા;
બુદ્ધિસાગર આત્મ ઉજાગર, ધ્યાને કાર્ય સરંગા. મોરા૦ ૮

૪૭. સમતાએ આત્માને આપેલો ઉપાલમ્ભ.

સુગુણ સનેહા સ્વામી મહેલે પધારો,
વિનતડી અવધારો, કૃપાળુ સ્વામી મહેલે પધારો;
શેરીએ શેરીએ સ્વામી ફુલડાં બીછાવું,
તોરણ નવીન રચાવું. કૃપાળુ૦ ૧
વ્રત નિયમ કરી શરીર શોષાવું,
લુખાં અલૂણાં ધાન્ય ખાવું; કૃપાળુ૦
તારા માટે હું તો તીરથ કરતી,
ફાવે તે ડુંગર ફરતી. કૃપાળુ૦ ૨
દીવાની થઈને મેં તો દુનિયામાં ખોળ્યા,
માયાના દરિયા ડોળ્યા; કૃપાળુ૦
પીપળાને પાણી મેં તો પ્રેમથી રેડ્યાં,
રૂષિયોને પ્રેમથી તેડ્યા. કૃપાળુ૦ ૩
માળાના મણકા હુ તો નિશદિન ગણુતી,
ગ્રન્થોને પ્રેમથી હું ભણુતી; કૃપાળુ૦
ત્યાગી થઈનેરે મેં તો ચીવર ત્યાગ્યાં,
ભીક્ષાનાં ભોજન માગ્યાં. કૃપાળુ૦ ૪
વનવાસી થઈને મેં વાઘામ્બર પહેર્યું,
ચિન્તાએ મન મારૂં ઘેર્યું; કૃપાળુ૦
જ્યા જ્યાં જાવું હું ત્યાં તો શૂન્યજ ભાસે,
દુઃખ હું કહું કોની પાસે? કૃપાળુ૦ ૫

લાખ ચોરાશી જીવયોનિ હું ભમતી,
જન્મ જરા દુઃખ ખમતી; કૃપાળુ૦

ચાર ગતિમાં મારી લાજ લુંટાણી,
દુષ્ટોએ જ્યાં ત્યા તાણી કૃપાળુ૦ ૬

મારી વ્હારે કોણ ચઢશે પ્રીતમજી ?
બોલ્યામા હવે શરમ શી ? કૃપાળુ૦

મોટાના ઘરની મારી લાજ લુંટાતી,
તેમા ફજેતી તારી થાતી કૃપાળુ૦ ૭

ઘરણી વિના તમે વેશ્યાના સંગી,
એંઠુ ખાઇને થયા ભંગી; કૃપાળુ૦

વિષના પ્યાલા અમી માનીને પીધા,
વેશ્યાએ બેહાલ કીધા. કૃપાળુ૦ ૮

સમજો તો સમજણ છેલ્લામા છેલ્લી,
ગઈ વેળા ન આવે વહેલી; કૃપાળુ૦

નાનો બાલુડો નથી પારણે સૂતો,
જેથી સમજતો નથી હું તો. કૃપાળુ૦ ૯

વાક ગુન્હો શો મારો રે આવ્યો,
વેરી વેશ્યાએ ભમાવ્યો, કૃપાળુ૦

સુખ અનન્તું ઘરમા ન દીઠુ,
નિંદ્રાએ મૂંડ મન મીઠુ કૃપાળુ૦ ૧

વેશ્યા નારી છંડી વારો ન તારી,
ચેન્ની દુખ દેશો મારી, કૃપાળુ૦

મુખે મીઠી ને મન રાખે છે કાતી,
ફોલી ખાધી તારી છાતી. કૃપાળુ૦ ૧૧

ઘણું કહેતાં રે મને આસુડાં આવે,
શરમ તને શીદ નાવે? કૃપાળુ૦

કહો તો સ્વામીજી હું વૈરાગણુ હોવું,
કહો તો નિશદિન રોવું. કૃપાળુ૦ ૧૨

નિર્દય થઇ તમે સામું ન જુવો,
પોતાની પત તેમાં ખુવો, કૃપાળુ૦

આવી કુલવટ તમે કયાથી રે રાખી,
કયા ભગતે તે ભાખી. કૃપાળુ૦ ૧૩

દુષ્ટ ચોરોએ તમને પકડીને લૂંટ્યા,
કષ્ટ આપીને ખૂબ કૂટ્યા, કૃપાળુ૦

જાગીને જુવો જરા આંખ ઉઘાડી,
દૃષ્ટિનો દોષ દૂર કાઢી. કૃપાળુ૦ ૧૪

પાયે પડીને એમ વિનતિ કરૂં છુ,
ધ્યાન સદા હું ધરૂં છું, કૃપાળુ૦

બોલો બોલો ને હવે ઉત્તર આપો,
ચરણુકમલમા થાપો. કૃપાળુ૦ ૧૫

ભાન લાવીને હવે સ્વામીજી બોલે,
પ્રેમથી અન્તર ખોલે—

સુગુણી મ્હારી તે મ્હારી

કાળ અનંતો મેં ફોગટ ગાળ્યો,
ભાવી ટળે નહિ ટાળ્યો. સુગુણી૦ ૧૬

આડે મારગે પ્રાણપતિ પધારે,
વ્હાલી સ્ત્રી તેને વારે, સુગુણી૦
આજે તે તારી સેવા બજાવી,
ફરજ સતીની બજાવી. સુગુણી૦ ૧૭

વેશ્યાનો સંગ હવે કરૂં ન શાણી,
સંગત બૂરી મે જાણી, સુગુણી૦
સમતાના સંગે એમ સ્વામીજી આવ્યા,
તત્ત્વરમણતામાં ફાવ્યા. સુગુણી૦ ૧૮

ગુણઠાણે ચોથે સ્વામીજી ચડીયા,
વેશ્યાના હાથ હેઠે પડિયા—
અન્તરમા જુઓ વિચારી.

ભેદ દૃષ્ટિ થઈ ભિન્નતા બોધી,
લીધુ સત્ય જ ઘટ શોધી અન્તરમા૦ ૧૯
ક્ષાયિકભાવે નિજ ઘરને તપાસી,
જ્ઞાનથી કીધુ પ્રકાશી, અન્તરમા૦
ક્ષપકશ્રેણિએ મહેલે ચડતા,
ક્ષાયિકલબ્ધિ વરતા. અન્તરમા૦ ૨૦

શક્તિ વ્યક્તિ ઘટ અન્તર જાગી,
સુખ વિલસે મહાભાગી, અન્તરમા૦
પુદ્ગલ સંગ નિવારી સ્વઠામે,
તન્મય રૂપ શુદ્ધ પામે અન્તરમા૦ ૨૧
આતમ નરનારી સમતા સંયોગ,
ભોગવે શાશ્વત ભોગ, અન્તરમા;

મળીયો સમય લેખે એમ જ આવે,
બુદ્ધિસાગર શિવદાવે   અન્તરમાં૦ ૨૨

૪૮. અનુભવરંગ.

ચેતન અનુભવ રંગ રમીજે, આગમદોહન અનુભવ અમૃત,
યોગી અનુભવ રીજે,   ચેતન૦

અનુભવ અમૃતવલ્લિ સરખો, અનુભવ કેવલ ભાઇ,
અનુભવ શાશ્વત સુખ સહોદર, ધ્યાન તનુજ સુખદાઇ ચેતન૦ ૧

અનુપમ અનુભવ વર્ણન કરવા, કો ન સમર્થ કહાવે;
વચન અગોચર સહજ સ્વરૂપી, અનુભવ કોઇક પાવે ચેતન૦ ૨

અનુભવ હેતુ તપ જપ કીરીયા, અનુભવ નાત ન જાતિ;
નયનિક્ષેપાથી જે ન્યારો, કર્મ હણે ઘનઘાતિ, ચેતન૦ ૩

વિરલા અનુભવ રસ આસ્વાદે, આતમધ્યાને યોગી;
આતમ અનુભવ વિણુ જે લોકો, શિવ સાધે તે ઢોંગી ચેતન૦ ૪

અનુભવ યોગે આતમ દર્શન, પામી લહત ખુમારી;
બુદ્ધિસાગર સાચી વ્હાલી, અનુભવ મિત્તસું યારી ચેતન૦ ૫

૪૯. આત્મસ્વભાવ.

ચેતન આપ સ્વભાવવિચારો, આપ સ્વભાવે ક્ષાયિકતૃપ્તિ;
આવે ભવોદધિ આરો-ચેતન૦ ૧

જ્ઞાનામૃતનું પાન કરીને, પરપરિણુતિકુ નિવારી;
શુદ્ધચરણુ ભોજનથી તૃપ્તિ, થાશે શિવ સુખકારી ચેતન૦ ૨

આત્મગુણોથી તૃપ્તિ સાચી, જ્ઞાની જન એમ ભાખે;
આત્મધ્યાન કરે જે કોઇ, તે ઘટ અન્તર ચાખે. ચેતન૦ ૩

પુદ્ગલથી પુદ્ગલને તૃપ્તિ, આતમ આપ સ્વભાવે;
અનુભવયોગે સ્થિરતાસંગે, તૃપ્તિ જન કોઈ પાવે. ચેતન૦ ૪

સ્વપ્ન સરિખી મિથ્યા તૃપ્તિ, સંસારે જન જાણો,
ભ્રાન્તિ નિવારક જ્ઞાની ઘટમાં, તૃપ્તિ વાત પીછાનો. ચેતન૦ ૫

મધુ સાકર ઘૃતથી જે તૃપ્તિ, જ્ઞાની મન તે ખોટી,
આતમ શુદ્ધસ્વભાવે રમતા, તૃપ્તિ છે જગ મોટી ચેતન૦ ૬

ઇન્દ્રાદિક પણ વિષયવિકારે, તૃપ્તિ કદીય ન પાવે,
આપ સ્વભાવે ધ્યાનદશામા, તૃપ્તિ સહેજે થાવે ચેતન૦ ૭

આતમધ્યાની નિસ્પૃહયોગી, મમતાસંગ નિવારી,
ભિક્ષુક સુખિયા જગમાં સાચા, તસ જાઉં બલિહારી. ચેતન૦ ૮

નિર્ભય નિજ દેશે છે તૃપ્તિ, શું વદતિ જિનવાણી;
બુદ્ધિસાગર અવસર પાકર, તૃપ્તિ લહો ગુણખાણી. ચેતન૦ ૯

૫૦. અનુભવ જ્ઞાન બલિહારી.

જ્ઞાની વિરલા કોઇ જગતમા, જ્ઞાની વિરલા કોઇ,
વહું વિચારી જોઇ—જગતમાં—જ્ઞાની૦

કોઇ ભાષાજ્ઞાનથી રે, ધરતા મન અહંકાર;
ભાષા કારણ જ્ઞાનનું રે, નાવે ભાષા પાર જગતમાં૦ ૧

વાદવિવાદે માનતા રે, કોઇક સાચું જ્ઞાન;
પરપરિણતિ પોષ્યાથકી રે, વાધે ઉલટું માન. જગતમા૦ ૨

રાગદ્વેષનો ક્ષય કરી રે, અર્પે આતમભાન,
પૂર્ણ શાન્તિ જેહથી રે, જાણો સત્ય તે જ્ઞાન. જગતમા૦ ૩

આતમ અનુભવ જ્ઞાનથી રે, નાસે ભવભય ફંદ;
બુદ્ધિસાગર પામતા રે, જ્ઞાની પૂર્ણાનન્દ જગતમા૦ ૪

૫૧. સાચી શાન્તિ.

શાન્તિ સદા સુખદાયી, જગત્મા શાન્તિ સદા સુખદાયી;
સેવો ચિત્તમાં ધ્યાયી—જગત્મા—શાન્તિ૦

ભવજંજાળે ભટકતા રે, શાન્તિ હોય ન લેશ;
મનચંચળતા ત્યાં હુવે રે, ઉલટો વાધે કલેશ. જગત્માં૦ ૧

સત્તા ધનવૃદ્ધિ થકી રે, હોય ઉપાધિ જોર;
ચિત્ત સ્થિરતા નહિ ભજે રે, પ્રગટે દિલમા તોર. જગત્માં૦ ૨

દુનિયાની ખટપટથકી રે, ખટપટિયું મન થાય;
મનડું ભટકે બાહ્યમા રે, બહિરાતમપદ પાય. જગત્માં૦ ૩

લેશ વિકલ્પ ન ઉપજે રે, અન્તર વર્તે ધ્યાન;
ઉપાધિ અળગી હુવે રે, હોવે શાન્તિ ભાન જગતમાં૦ ૪

ખારા જલના પાનથી રે, કદી ન તૃપ્તિ થાય;
ધૂમાડા બાચક ભરે રે, હાથ કશું નહિ આય. જગત્માં૦ ૫

માયા મમતા યોગથી રે, કદિ ન શાન્તિ હોય,
શાન્તિ વર્તે આત્મમાં રે, નિશ્ચયથી અવલોય. જગત્માં૦ ૬

આતમધ્યાને આતમા રે, શાન્તિથી ભરપૂર;
બુદ્ધિસાગર શાન્તિમાં રે, રહેવું સદા મગરૂર. જગત્માં૦ ૭

૫૨. પ્રીતિનું સ્વરૂપ.

કોઇ ન કરશો પ્રીત, ચતુર નર કોઇ ન કરશો પ્રીત;
પ્રીત વસે ત્યાં ભીત, ચતુર નર કોઇ ન કરશો પ્રીત

પ્રીતિ ભવદુઃખ મૂળ છે રે, પ્રીતિનું ફળ શોક;
પ્રીતિ કરતા પ્રાણીને રે, વાધે રોગ વિયોગ. ચતુર૦ ૧

સ્વારથમાં અન્ધા બની રે, પ્રીત કરે નરનાર;
પરપુદ્‍ગલની લાલચે રે, વૃદ્ધિ કરે સંસાર ચતુર૦ ૨

સ્વારથની જે પ્રીતડી રે, તેનો અન્તે નાશ;
અનુભવીએ દાખવ્યું રે, ધર તેનો વિશ્વાસ ચતુર૦ ૩

મૂરખ સાથે પ્રીતડી રે, કરતા નિશદિન દુ:ખ,
પંડિત સાથે પ્રીતડી રે, કરતા નિશદિન સુખ. ચતુર૦ ૪

આતમ તે પરમાતમા રે, પ્રીતિ છે તસ સાચ;
મણિસમ આતમપ્રીતડી રે, પરપ્રીતિ જ્યું કાચ ચતુર૦ ૫

ધર્મસ્નેહને સાચવી રે, કરીએ સજ્જનસંગ;
યોગ્ય જનો લહી યોગ્યતા રે, પામે અનુભવરંગ ચતુર૦ ૬

અનુભવ રંગ મજીઠ જ્યું રે, આતમમાહિ સુહાય,
બુદ્ધિસાગર હંસ જ્યું રે, ચંચુ વિરલા પાય. ચતુર૦ ૭

૫૩. આનંદ ક્યાં મળે?

આનંદ ક્યાં વેચાય, ચતુર નર આનંદ૦

આનંદની નહિ હાટડી રે, આનંદ વાટ ન ઘાટ;
આનંદ અથડાતો નહિં રે, આનંદ પાટ ન ખાટ. ચતુર નર૦ ૧

ક્ષણિક વિષયાનંદમા રે, રાચ્યા મૂરખ લોક,
જડમાં આનંદ કલ્પીને રે, જન્મ ગમાવે ફોક. ચતુર૦ ૨

બાલપણે અજ્ઞાનથી રે, રમતામા આનંદ,
ક્ષણિક આનંદ છે સહી રે, ગયો ત્યા મતિમંદ. ચતુર૦ ૩

અજ્ઞાને જે બાલિકારે, માન્યો મન આનંદ,
આનંદ સાચો તે નહીં રે, મૂર્ખ મનિનો ફંદ. ચતુર૦ ૪

ભેદજ્ઞાન દૃષ્ટિ જગે રે, જાણે આતમરૂપ;
આતમમા આનંદ છે રે, ટાળે ભવભય ધૂપ. ચતુર૦ ૫

જ્ઞાની જ્ઞાનથકી લહે રે, શાશ્વત સત્યાનંદ;
યોગી આત્મ સમાધિમા રે, પાવે આનંદકંદ. ચતુર૦ ૬

આનંદ અનુભવ યોગથી રે, પ્રગટે ઘટમાં ભાઇ;
સદ્ગુરુ સંગત આપશે રે, જ્ઞાનાનંદ વધાઇ. ચતુર૦ ૭

સદ્ગુરુ હાટે પામશો રે, આનંદ અમૃત મેવ;
બુદ્ધિસાગર કીજીએ રે, પ્રેમે સાચી સેવ. ચતુર૦ ૮

૫૪. અમરપદનાં એંધાણ.

અમરપદ પરખી લેજોરે, પરખ્યાથી સુખ થાય. અમર૦

કોઇક રાચ્યા આનમારે, કોઇક રાચ્યા દામ;
પરભવ જાતા પ્રાણિનેરે, કોઇ ન આવે કામ અમર૦ ૧

ગાડી વાડી લાડીમારે, જીવો ભૂલ્યા ભાન;
વિષ્ઠાના કીડા પરેરે, વરવસ્તુ ગુલતાન. અમર૦ ૨

દુઃખ સંતતિ દાવાનલેરે, કદી ન શાન્તિ થાય;
નિજપદ જાણે જે નરારે, સાચી શાન્તિ તે પાય. અમર૦ ૩

મન વચ કાયા યોગનીરે, નિવૃત્તિ જબ થાય;
અધ્યાતમ સુખ સંપજેરે, જન્મ મરણ દુઃખ જાય. અમર૦ ૪

સમતા સ્થિરતા સંપજેરે, અનુભવ જાગે જ્યોત;
વર્તે નિજ પર ભિન્નતારે, થાય ભુવન ઉદ્યોત. અમર૦ ૫

વિષયવાસના પરિહરીરે, કરતાં આતમધ્યાન;
અજર અમરપદ ભોગવેરે, ચેતન ગુણની ખાણુ અમર૦ ૬

૫૮. પ્રભુ સ્તવન.

દુહા.

વીર જિનેશ્વર વંદીએ, ત્રિશલાનંદન ધીર;
ભયભંજન ભગવતજી, સર્વ વીરમાં વીર. ૧

પ્રણમું પદકજ પ્રેમથી, જય જય શ્રી જગદીશ;
અદ્‌ભુત ચારિત્ર આપનું, જાણું વિશ્વાવીશ. ૨

સ્મરતાં ચારિત્ર તાહરૂં, ગુણ આવે નિજ અંગ;
રોમ રોમ વ્યાપે અહો, વૈરાગ્યાદિ અભંગ ૩

ક્યાં સરસવ ને સુરગિરિ, તુજ મુજ અન્તર એમ;
વારંવાર હું વિનવું, ભાજે પ્રભુજી કેમ. ૪

નથી યોગ્યતા ધર્મની, નથી યોગ્ય ચારિત્ર;
નથી શક્તિ તુજ ભક્તિમા, મન પણ નહી પવિત્ર ૫

અંતર ત્યાગ ન વસ્તુનો, બાહ્ય વસ્તુમા રાગ;
પરનિંદા જિહ્વા ગ્રહે, મનમા કાળો કાગ ૬

અદેખાઇ ભંડાર હું, ઉપશમ નહીં લગાર;
સદા કોવવી ધમધમું, પાપીનો શિરદાર. ૭

ક્ષમા નહી તલમાત્રને, પજવું સંત સદાય;
પર લવરીમા રક્ત હું, નિષ્ફળ આયુ જાય. ૮

સાધુ સંત ન પારખું, કરૂં ન સેવા લેશ,
વાદવિવાદે રક્ત થઇ, પામ્યો મિથ્યા કલેશ ૯

અહંભાવમા વ્યર્થ હું, ગાળું નિશદિન કાળ,
સ્મરણ કરૂં નહીં તાહરૂં, મુકી માયા જાળ. ૧૦

દોષ ન દેખું આત્મના, પરદોષોમા રક્ત;
કરૂં ન ભક્તિ સતની, થયો કુસગી ભક્ત. ૧૧

પરોપદેશે દક્ષતા, વાણી વદું રસાળ;
જાણો છો જિન એ સહુ, દીનોદ્ધાર દયાળ. ૧૨

હાસ્ય કુતૂહલ મેં કર્યા, કીધા ભક્ષ અભક્ષ;
જિનવરભાષિત ધર્મમા, કદી ન રાખ્યું લક્ષ. ૧૩

ઘડી ન કીધુ ધ્યાન મેં, ઇચ્છયા પૂગતમાન;
કદી ન ગાયા જ્ઞાનીને, ગાયા કૂડાં ગાન. ૧૪

નમ્યો ન સદ્‌ગુરુ દેવને, ધરી ન આણા શીશ;
શિક્ષા દેતા સત પર, કીધી મનમા રીસ. ૧૫

જનમનરજન હેતુથી, કીધા ધાર્મિક કર્મ;
આત્મિક શુદ્ધ સ્વભાવનો, ભૂલ્યો સત્ય જ ધર્મ. ૧૬

કયા પ્રભુની નિઃસંગતા, કયાં પ્રભુનો દઢ રંગ ?
ત્રિશલાનદન જગધણી, સત્ય જ તારો સંગ ૧૭

રાગ અરિ જયથી થયો, રત્નત્રથી ગુણ ધામ;
રાગ અરિ વશમા પડ્યો, સર્વ દોષનું ઠામ. ૧૮

તુજ ઘટમાં રુદ્ધિ સહુ, પ્રગટી આવિર્ભાવ;
તિરોભાવ મુજમા સહી, પામ્યો હજી ન દાવ. ૧૯

નિજપદ ભોગી તું સહી, કરૂં હું પુદ્દગલ ભોગ;
રોગી શોગી હું સહી, ઘટે ન તુજમા જોગ. ૨૦

અજરામર નિર્મલ તુંહિ, શાશ્વતસુખભંડાર,
અદ્દભુત શક્તિ તાહરી, કોઇ ન પામે પાર. ૨૧

પાપ પુણ્ય પરખાવતા, જીવાજીવ સ્વરૂપ,
સદુપદેશે સદ્ગુરૂ, ટાળે ભવભય ધૂપ. ૮

મિથ્યાતમ: નિવારવા, સદ્ગુરુ સૂર્ય સમાન;
રાગ રોગને ટાળવા, ધન્વતરિ સમ જાણ. ૯

ગુરુ ગુરુ જગ સહુ કહે, ગુરુ કોને કહેવાય;
જ્યા ત્યા ગુરુની બુદ્ધિથી, પામર જન ભટકાય. ૧૦

સદ્ગુરુ સંગત યોગથી, શુદ્ધ તત્ત્વ પરખાય;
ભેદ જ્ઞાન સૂર્યોદયે, નિર્મલ જ્યોત જગાય. ૧૧

સદ્ગુરુ ભક્તિ સેવના, કરજો ભવિ નિશદિન,
સમજે નહીં કદાગ્રહી, સદ્ગુરુ સંગતહીન. ૧૨

ધામધૂમ ને ઢોગમા, મુંઝયા મોહી લોક;
સત્યધર્મને ઓળવે, જગમા થોકે થોક ૧૩

સદ્ગુરુ શિષ્યો પામશે, મંગલ શાંતિ સ્થાન;
અનન્ય ભક્તિયોગથી, ચિદાનંદ ગુણવાન. ૧૪

અર્પી સત્ય સ્વરૂપને, ટાળે મિથ્યા ટેવ;
નિશ્ચય શ્રદ્ધા ગુરુતણી, આપે અમૃત મેવ ૧૫

ગુરુ પરીક્ષા દોહિલી, દુર્લભ ગુરુ વિશ્વાસ;
વિરલા ગુરુ પ્રેમીજનો, વિરલા ગુરુના દાસ. ૧૬

વિરલા જ્ઞાની ભૂનળે, આત્માર્થી જન કોઇ,
અધુના પંચમકાળમાં, વદું વિચારી જોઇ. ૧૭

બાહ્યક્રિયા વ્યવહારમાં, નિરપેક્ષાએ ધર્મ;
માની મોહ્યા માનવો, ટાળે નહિ તે કર્મ. ૧૮

સદ્ગુરુ શિક્ષાયોગથી, સમજે સમજુ જીવ;
ગુરુ આણાને ધારતો, થાવે જીવનો શિવ ૧૯

અનુભવ જ્ઞાની આત્મના, ગુરૂજી મહાકૃપાલ;
ભાવદાન દાતા સદા, જિન આણા પ્રતિપાલ. ૨૦

કર્તા ભાવોદ્યોતના, હર્તા કર્મ કલંક;
સત્યધર્મદાતા ગુરૂ, આણો મન નિઃશંક ૨૧

ભવઝાઝ શ્રી સદ્ગુરૂ, ભાવદીપ જયકાર;
ભાવરત્ન ચિન્તામણી, કલ્પવલ્લિ સુખકાર ૨૨

પરોપકારી ગુરૂતણો, પ્રત્યુપકાર ન થાય,
અદ્ભૂત મહિમા ગુરૂતણો, વીરલાને સમજાય. ૨૩

શ્રદ્ધા ભક્તિ યોગ્યતા, દુર્લભ આ સંસાર;
ધર્મ તત્ત્વ આરાધતો, ભવી મુક્તિ વરનાર. ૨૪

સદ્ગુરૂ પચ્ચીશી કહી, ગુરૂથી સહુ તરનાર;
બુદ્ધિસાગર વન્દના, હોજો વારવાર. ૨૫

૬૯. આત્મપ્રદેશ દર્શન.

(ગઝલ)

હમારો દેશ છે ન્યારો, પ્રભુ પ્રેમે જણાવાનો,
હમારા દેશમા શાન્તિ, અલખ નામે ગણાવાનો. ૧

હમારો તે તમારો છે, તમારો તે હમારો છે,
સમજતા સહુ સુખી થાવે, જઈ દેશે ફરી નાવે. ૨

હમારા દેશમા યોગી, અલખની ધુન લગાવે છે,
હમારા દેશમા મસ્તો, અલખના ગાન ગાવે છે. ૩

નહિ જ્યાં શોક નહિં જ્યાં રોગ, નહિ જ્યા જન્મ ને જાતિ;
નહિં જ્યાં દુ:ખ દીલગીરી, નહિં જ્યાં વર્ણ ને જ્ઞાતિ. ૪
સદા જ્યાં યોગીઓ જાગે, નહિ કોઇ વૈખરી બોલે.
નહિં જ્યાં કર્મનું નામ, અતુલ ધન શુદ્ધ કો તોલે. ૫
અખંડ સુખની વહે ધારા, સદા શુદ્ધ બુદ્ધ નિર્ધારા;
લહે તે દેશ મહારાણા, અવર સહુ જાણ નાદાના. ૬
નહિ પંચભૂતકા વાસા, હમારા દેશ બહુ ખાસા,
હમારો દેશ જે જાણે, અનતા સુખ તે માણે. ૭
અલખ દેશી અવિનાશી, પરમપદ એ જ વિશ્વાસી,
ચલો હસા અલખ દેશે, અરૂપી આત્મના વેશે. ૮
સદા તસ ધ્યાનમા રહેજે, અખંડાનંદ ઘટ લેજે;
બુદ્ધ્યબ્ધિ આત્મનો સંગી, હમારો દેશ ગુણરંગી ૯

૬૧. ચેતન ચેતો.

ચેતાવું ચેતી લેજોરે એ છે બાલપણાનો બેલી—એ રાગ.

ચેતાવું ચેતી લેજોરે, એક દિન જરૂર ઊડી જાવું,
ધૂળની માયા ધૂળમાં મળશે, ફોગટ મન પસ્તાવું. ચેતાવુ૦ ૧
સ્વપનાની સુખલડી દેખી, ફોગટ મન લલચાવું,
તન ધન જોબન પામી સંતો, શું મનમાં હરખાવું ? ચેતાવું૦ ૨
આશા બેડીએ બંધાણો, પરઘન ખાંતે ખાવું,
નીચાં કર્મ કરીને અંતે, નાહક નરકે જાવું. ચેતાવું૦ ૩
ભૂલી આતમજ્ઞાનકી બાજી, માયામા લપટાવું,
ભ્રમણામા ભૂલીને ભાઈ, બ્રહ્મસ્વરૂપ કેમ પાવું ? ચેતાવું૦ ૪

તારૂ તારી પાસે જાણી, સમતામા દિલ લાવુ,
અલખ નિરજન આતમજ્યોતિ, બુદ્ધિસાગર ધ્યાવુ ચેતાવુ૦ ૫

૬૨. માયાના માર.

ચેતે તો ચેતાવુ તને રે, પામર પ્રાણી—એ રાગ

કુલ્યો શું ફરે છે ફુલીરે, મૂરખ પ્રાણી.
કાયામાયા જૂઠી કેવી, ઝાંઝવાના નીર જેવી,
તેને તુચ્છ કરી દેવીરે. મૂરખ-કુલ્યો૦ ૧

આઉખું જાવે છે ખૂટી, કરે શું તું માથાકૂટી,
ખૂટી તેની નહીં બૂટીરે. મૂરખ-કુલ્યો૦ ૨

પાણીતણો પરપોટો, ખેલ સહુ એમ ખોટો,
માન નહી મન મોટોરે. મૂરખ-કુલ્યો૦ ૩

કુટુંબ કબીલો સારો, માન નહી મન મારો,
એક દિન થશે ન્યારોરે. મૂરખ-કુલ્યો૦ ૪

આંખે જે જે દેખે સારૂં, તે તે ભાઇ નહિ તારૂ;
માને કેમ મારૂ મારૂંરે મૂરખ-કુલ્યો૦ ૫

ચેતી લેને જાય ચાલી, કરી માથાકૂટ ખાલી;
માયામાં શું રહ્યો મ્હાલીરે મૂરખ-કુલ્યો૦ ૬

કાયા માયાથીરે ન્યારો, અરૂપી અલખ ધારો,
બુદ્ધિસાગર મન પ્યારોરે. મૂરખ-કુલ્યો૦ ૭

૬૩. અધ્યાત્મરસ અપાત્રને ન મળે.

કોઇક વિરલા પાવે હો જગમે, અધ્યાતમ રસ પાવે,
કોઇક ગાવે કોઇક ધ્યાવે, વિરલા કોઇ પચાવે હો જગમેં૦ ૧

સિંહણકેરૂં દુગ્ધ પાત્ર, સોનામાં તે ઠરશે,
ખાય બીલાડી ખીરનું ભોજન, વમન તે વારે કરશે હો જગમેં૦ ૨

વિષ્ઠાકેરૂં ભોજન રાસભ, પેટ ભરીને ચરશે,
સાકર સ્વાદે તે શું સમજે, પ્રાણ પલકમા હરશે હો જગમેં૦ ૩

મોતીકેરો ચારો દેખી, કાગ ચાચ નવિ ધરશે,
ચક્રવર્તિની ખીરજ ખાતા, નિર્ધન ઠામ ન ઠરશે હો જગમેં૦ ૪

પાત્રતામાં અધ્યાતમરસ, ઠામ ધરીને ઠરશે,
બુદ્ધિસાગર આતમધ્યાને, વંછિત સઘળા સરશે હો. જગમેં૦ ૫

૬૪. સંસારની અસારતા

જગની માયા દુઃખની છાયા, કર નહિ ત્યાં વિશ્રામ;
ફળ કિમ્પાકના સરખું સુખ ત્યાં, કેવલ દુઃખનુ ધામ,
જોઈને તમે જોજો રે, ભોળા જન ભરમાય છે. અંતર૦ ૩

વંધ્યાને સ્વપ્નાની અંદર, સારો પુત્ર જણાય,
પરણાવ્યો ચોરીની અંદર, મનમાં સુખ બહુ પાય;
મરી ગયો તે રોતી રે, મૂર્છા બહુ ખાય છે. અંતર૦ ૪

રૂવે પીટે માથુ પછાડે, આંખો ઊઘડી જાય;
પુત્રકલ્પના સુખ દુઃખ ખોટું, બુદ્ધિસાગર ગાય;
દુનિયા ઊંધી ચાલે રે, શું ત્યાં કો ઉપાય છે? અંતર૦ ૫

૬૮. નેવાનું પાણી મોભે.

નેવાનું પાણી મોભે રે, વ્હાલા ચાલ્યું જાય છે,
દુનિયા મન અવળું રે, સવળુ સન્તો ગાય છે;

જાવુ ત્યાં તો કોઈ ન જાવે, કરવું તે ન કરાય;
જાણવું તે તો રહીયુ બાકી, રાત ને દીન ગણાય,
મોહદારૂ પીધે રે, ભાન તો ભૂલાય છે નેવાનું૦ ૧

રાજાને તો રંક ગણીને, કરી નહીં સારવાર,
રંકને રાજા માની બેઠો, ધિક્ક પડ્યો અવતાર,
અન્તર ધન ખોયુ રે, મોટો એ અન્યાય છે. નેવાનું૦ ૨

લોકવચનાનું ઊલટું કરવુ, જેવુ એરંડ સુરકેલ,
તેવુ આતમસ્વરૂપે થાવું, નથી બાળકનો ખેલ,
કોઇક જીવ સમજે રે, બુદ્ધિસાગર ગાય છે. નેવાનું૦ ૩

૬૯. જાગો આતમા.

આપ સ્વભાવમા રે, અવધૂ સદા મગનમેં રહેના—એ રાગ.

આતમધ્યાનથી રે, સન્તો સદા સ્વરૂપે રહેવું;
કર્માધીન છે સૌ સંસારી, કોઇને કાંઇ ન કહેવું આતમ૦ ૧

કોઇ જન નાચે કોઈ જન રૂવે, કોઇ જન યુદ્ધ કરંતા;
કોઈ જન જન્મે કોઇ જન ખેલે, દેશાટન કેઇ ફરંતા. આતમ૦ ૨

વેળુ પીલી તેલની આશા, મૂરખ જન મન રાખે;
બાવળીયો વાવીને આંબા,—કેરી રસ શું ચાખે? આતમ૦ ૩

વૈરી ઉપર વૈર ન કીજે, રાગીથી નહીં રાગ;
સમભાવે સૌ જનને નિરખે, તો શિવસુખનો લાગ. આતમ૦ ૪

જૂઠી જગની પુદ્ગલ બાજી, ત્યા શું રહીએ રાજી,
તન ધન યોવન સાથ ન આવે, આવે ન માતપિતાજી. આતમ૦ ૫

લક્ષ્મી સત્તાથી શું થાવે, મનમાં જોશો વિચારી;
એક દિન ઊઠી જાવું અન્તે, દુનિયા સૌ વિસારી. આતમ૦ ૬

ભલા ભલા પણ ઊઠી ચાલ્યા, જોને કેઇક ચાલે,
બીલાડીની દોટે ચડીયો, ઊંદરડો શું મહાલે? આતમ૦ ૭

કાળ ઝપાટો સૌને વાગે, યોગીજન જગ જાગે;
બુદ્ધિસાગર આતમ અર્થી, રહેજો સૌ વૈરાગ્યે. આતમ૦ ૮

૭૦. નિન્દા ત્યજો!

દડી રમતમા પડી રે સન્તો, દડી રમતમાં પડી—એ રાગ.

પાપકર્મ બહુ ભારીરે નિન્દા, પાપકર્મ બહુ ભારી,
મનમા જોજો વિચારી રે, નિન્દા—એ ટેક.

નિન્દકની દૃષ્ટિ છે અવળી, ગુણ અવગુણુ દેખાય;
પાપીમા પાપી છે નિન્દક, મરી નરકમા જાય રે. નિન્દા૦

કાગડો દેખે ચાંદાને જેમ, નિન્દક દેખે દોષ;
ધત્તુર ભક્ષકની પેઠે એ, શું કરવો ત્યા રોષ રે. નિન્દા૦

ચાડી ચુગલી નિન્દક કરતો, કલક ચઢાવે શીર;
ચડાલથી પણ નિન્દક પાપી, ધોતો પરના ચીર રે. નિન્દા૦

ક્રિયાકાણ્ડ નિદકના સતો, લેખે નહીં ગણાય;
નામ દેઇને નિદા કરતો, મુક્તિપુરી નહિ પાય રે. નિન્દા૦

સાધુ સન્ત વૈરાગી ત્યાગી, જોગી ભોગી ફકીર;
નિંદા પરતણી પરહરશો, પામો ભવજલ તીર રે નિન્દા૦ ૫

નિદામાહિ સહુ લપટાયા, બચિયા કોઇક સન્ત,
નિદક માથે નથી શિગડા, વાણીથી ઓળખત રે. નિન્દા૦ ૬

અદેખાઇની પુત્રી નિંદા, મુક્તિમાર્ગ પ્રતિકૂળ,
લાખ ચોરાશીમા ભટકાવે, નાખી માથે ધૂળ રે નિન્દા૦ ૭

સમકિતી નિન્દા નવિ કરશે, કરશે ગુણનું ગાન,
આનદતને કૃષ્ણ વખાણ્યો, ગુણનુ કરે બહુમાન રે નિન્દા૦ ૮

સર્વ ગુણો આવ્યા જિનવરમા, બાકી દોષી હોય;
નિજમા અવગુણ પોક ભરા છે, જુવે ન તેને કોય રે. નિન્દા૦ ૯

ધર્મવીરો મો દેવે ભરીયા, કરો ન નિન્દા ભાઇ;
બુદ્ધિસાગર ગુરુને ગાતા, જગમા હોવે વડાઇ રે નિન્દા૦ ૧૦

૭૦. મ્હારું કોણ ?

શામળિયાની પાઘડી–એ રાગ.

જીવડા ફુલી ફરે શું ફોક, તારૂં જગ કો નહીં,
તારી કાયા સુકોમળ કેળ કે, તે પણ અહીં રહી;
ઘર હાટા ને ચોપડા રે, કુટુમ્બ ને પરિવાર,
આંખ મીચાએ સાથમાં રે, કોઈ ન આવે લગાર. તારૂં૦ ૧

હસતો ખાતો પહેરતો રે, ફરતો સારે શ્હેર;
કાળ કોળીઆ આગળે રે, લાગે થી ત્યા દેર ? તારૂં૦ ૨

પુણ્ય પાપને નવિ ગણે રે, અભિમાનનો તોર;
એક દિન એહવો આવશે રે, ચાલે નહિ કંઈ જોર, તારૂં૦ ૩

કૂડ કપટને કેળવે રે, કજીયા ને કંકાસ;
માહોમાહે લડાવતો રે, મરી નરકમાં વાસ. તારૂં૦ ૪

રાજા રંકને બાદશાહ રે, હકીમ હોદ્દાદાર;
કાળે સહુ ભક્ષણ કર્યા રે, તારો ત્યાં શો ભાર ? તારૂં૦ ૫

મરી મરી સહુ ચાલીયા રે, પરગટ ચાલે પેખ;
પૃથ્વી થઈ નહીં કોઈની રે, ચેતન નજરે દેખ તારૂં૦ ૬

આજ કાલ કરતા થકાં રે, દહાડા વીતી જાય;
કરવું હોય તે કીજીએ રે, પસ્તાવો પછી થાય. તારૂં૦ ૭

મરડી મૂછો મ્હાલતા રે, જગ વર્તાવે આણ;
ધાગાવિણ નાગા ગયા રે, જોને નજરે મશાણ. તારૂં૦ ૮

વંશ કોઈનો નવિ રહ્યો રે, નામ જાતને ભાત;
આયુષ્ય ખૂટે ચાલવું રે, પરભવ લેવી વાટ. તારૂં૦ ૯

વૈરાગ્યે મન વાળજો રે, તો લહેશો ભવપાર;
બુદ્ધિસાગર ચેતજો રે, પામો શિવસુખકાર તારૂં૦ ૧૦

૭૧. જાગો !

રાગ ઉપરનો.

ચેતન ! ચેતો ચતુરસુજાણ, વખત વહી જાય છે,
ભજી લેને પ્રભુનું નામ–વખત૦

અંજનગિરિ ધોળા થયા રે, ચેત ચેત ઝટ ચેત;
ભમે તેતરપર બાજ જ્યુ રે, કાળ ઝપાટા દેત વખત૦ ૧

મનમા આશા અતિ ઘણી રે, નવનવ વધતી જાય,
આશા ગાગર ફૂટતા રે, આધિ ઉપાધિ સમાય વખત૦ ૨

લલચાયા કોઇ લોભમા રે, કપટે કોઇ કુટાય,
મિત્રાઈમા મ્હાલતા રે, ભવમાહી ભટકાય વખત૦ ૩

સ્વારથીયા સંસારમા રે, સ્વપ્ના જેવુ સુખ,
સાચું સુખ નહિ પ્રાણીયા રે, અંતે દુઃખનું દુઃખ. વખત૦ ૪

ગાદી તકીયા બેસતા રે, કરતા લોક સલામ;
હસી હસી દેતા તાળીઓ રે, ઉડી ચાલ્યા તેના રામ. વખત૦ ૫

સારૂ નરસું નવી ગણ્યુ રે, કીધા બહુલા પાપ,
જીભલડીના ચૂકે રે, પામ્યો અતિ સંતાપ વખત૦ ૬

જ્ઞાન ધ્યાન વિવેકમા રે, કાઢયો નહિ કંઈ કાળ,
દુઃખદાવાનલ સારિખી રે, રાચ્યો ખટપટ જાળ. વખત૦ ૭

મોહમાયા મૂકી પરી રે, સદ્ગુરૂનો કર સંગ;
બુદ્ધિસાગર પામીએ રે, આતમ અનુભવ રંગ વખત૦ ૮

૭૨. આત્માનું અલખ સ્વરૂપ.

(રાગ-ઉપરનો)

તારૂં નામ ન રૂપ લખાય, અલખ પરમાતમા,
તારી શક્તિ અનંત કહાય અલખ૦ ૧

જ્ઞાનાદિક તુજ સંપદા રે, કર્માચ્છાદિત થાય,
પરભાવ રંગી ચેતના રે, કર્મગ્રહણનો ઉપાય. અલખ૦ ૨

ધૂમાડા બાચક ભરે રે, હાથ કશું નહિ આય;
પર પોતાનું માનતા રે, જન્મ મરણ દુઃખ પાય અલખ૦ ૩

દેખે તે તારૂં નહિ રે, તાહરૂં તાહરી પાસ;
પોતાને રંક માનીને રે, કયા કરે તું પર આશ અલખ૦ ૪

કાલ અનંતો ઉંઘીયો રે, મિથ્યારયણી મઝાર,
સદ્‌ગુરૂએ ઉઠાડીયો રે, સફળ થયો અવતાર. અલખ૦ ૫

વિનય ભક્તિ કરૂણા ગ્રહી રે, ભાવ અપૂર્વ ગ્રહાય;
ચિદ્‌ઘનસંગે ખેલતા રે, કર્મકલંક કટાય. અલખ૦ ૬

શુદ્ધસ્વરૂપી ચેતના રે, દો ભેદે વર્તાય;
દેહાતીત થઈ આતમા રે, જ્યોતિમાં જ્યોત મિલાય અલખ૦ ૭

શુદ્ધ સ્વરૂપે આતમા રે, સત્તાએ સહુ હોય;
બુદ્ધિસાગર ધ્યાવતા રે, આપ સ્વરૂપે જોય. અલખ૦ ૮

૭૩. કાચી કાયાનું સ્વરૂપ.

ચેતાવું ચેતી લેજે રે-એ રાગ.

જુઓ આ કાચી કાયા રે, જેવા પાણીના પરપોટા;
જે જે ભાવો નિરખે નયણે, જાણ જરૂર મન ખોટા. જુઓ૦ ૧

૭૫. તૃષ્ણાનાં અગાધ જળ !

રાગ ઉપરનો.

અરે આ જગમા મોટી રે, જયા ત્યાં તૃષ્ણા નદીયો વહેતી;
જ્ઞાન ધ્યાનની તોડી તેડો, જાય તડાકા દેતી. અરે૦ ૧

તૃષ્ણા નદીમાં આશા પાણી, મોહ મેઘ ત્યાં વરસ્યો;
ચેતન ચાતક ટળવળતો ત્યા, રહીયો તે તો તરસ્યો. અરે૦ ૨

દેહદેશના ઘટઘટમાહિ, દેખંતાં દેખાતી;
પડિયા પ્રાણી ગોથા ખાતા, વહેતી બહુ મદમાતી અરે૦ ૩

ભળતી તે તો નરકનિગોદે, જ્યાં નહિ દુઃખનો આરો,
ચેતનહારા જલદી ચેતો, ઝાલો જ્ઞાની તારો અરે૦ ૪

રંક બાલ ને પડિત જોશી, બુઢ્ઢા ભોળા પડિયા;
રોગ શોકના ગોથા ખાતા, જન્મ મરણથી નડિયા અરે૦ ૫

ક્રોધ મગરને નિન્દા ખાડો, અદેખાઈની ભમરી;
પડીયો પ્રાણી પાપે તેમાં, નીકળ ગયો ત્યા દમરી. અરે૦ ૬

સદ્‌ગુરુ તારા હાથ ઝાલીને, બૂડતાને તારે;
બુદ્ધિસાગર સદ્‌ગુરુ સગે, ઉતરો પેલી પારે. અરે૦ ૭

૭૬. ધ્યાતા ધ્યેય ધ્યાન એકતા.

(અલી સાહેલી જિન વાણી સાંભળવા ઊભી રહે ને–એ રાગ)

શ્રી વીર પ્રભુ ચરમ જિનેશ્વર, વદી વિનતિ કીજીએ;
પ્રભુસમ થાવા આત્મિક અનુભવ, રસના પ્યાલા પીજીએ.

તુજ મુજ વચ્ચે અન્તરૂ મોટુ, પણ ધ્યાનથકી લાગ્યું છોટું;
આત્મિક અનુભવી મન તે ખોટું. શ્રી વીર૦ ૧

ધર્મ ધર્મ પોકારે દુનિયારે, પામે નહિ શિવપથ,
બુદ્ધિસાગર પામર પ્રાણીનેરે, તારે ગુરૂ નિર્ગ્રંથ જીવડા૦ ૫

૮૮. ભજન કરો.

ભજન કરી લે ભજન કરી લે, ભજન કરીલે ભાઇરે;
દુનિયાદારી દુઃખની કયારી, જૂઠી જગની સગાઇરે. ભજન૦ ૧

કાયા સુકોમળ કેળ જેવી, બીગડતા નહિ વારરે;
ભલાભલા પણ ચાલીયા તો, પામરનો શો ભારરે. ભજન૦ ૨

કાદવકેરા કીચમાંહી, કીડા લાખ કરોડરે;
કીટક જેવો માનવી તુ જાણી પ્રભુ મન જોડરે. ભજન૦ ૩

વાડી ગાડી લાડીમાંહી, ખરચે પૈસા લાખરે;
એવા મરી મસાણે ચાલીયા, તેના શરીર થઇ ગયાં રાખરે ભ.૪

બાજીગરની બાજી જેવા, જૂઠી જગત જંજાળરે;
ઝાઝવાના નીર જેવું, જૂઠું જગતનુ વ્હાલરે. ભજન૦ ૫

કાળ પાછળ લાગીયો જેમ, તેતર ઉપર બાજરે,
ઝડપી લેશે જીવડાને, કયું કરી રહેશો લાજરે ભજન૦ ૬

જરૂર જાવુ એકલું ભાઇ, કોઇ ન આવે સાથરે,
બુદ્ધિસાગર કરૂણાસાગર,-ગુરૂનો ઝાલો હાથરે ભજન૦ ૭

૮૯. પ્રભુ ભજવાનો કાળ આવી ગયો છે.

ભજન કરી લે ભજન કરી લે-એ રાગ.

પ્રભુ ભજી તું પ્રભુ ભજી તુ, સફળ કર નરદેહરે,
મોંઘા માગ્યા વરસીયા છે, માનવ ભવના મેહરે. પ્રભુ૦ ૧

આ દેહવ્યાપી આતમની, ઝળકે રૂડી જ્યોતરે;
જ્ઞાન ગુણુ તે હંસને છે, કરે સ્વપર ઉદ્યોતરે. પ્રભુ૦ ૨

બાહિર ભટકે જીવડા શું ? કરી લે ઘટમાં ખોજરે;
રત્ન અમુલખ માહિ ભરીયાં, દેખતાં સુખ મોજરે. પ્રભુ૦ ૩

આતમ તે પરમાતમા છે, પ્રભુ વિભુ જગદીશ રે;
ભિન્નપણું ત્યાં કર્મથી છે, કહુ છું વિશ્વાવીશ રે. પ્રભુ૦ ૪

અનંત આતમ વ્યક્તિથી છે, સિદ્ધ સરખા ભાઇ રે;
બુદ્ધિસાગર આત્મધ્યાને, ભજન સ્ફુરણા આઇ રે પ્રભુ૦ ૫

૯૦. ભજન અમર કરે છે.

(રાગ ઉપરના)

ભજન કર મન ભજન કર મન, ભજન કર ભગવત રે;
મૃત્યુ માથે ગાજતું તુજ, મનમા શુ હરખંત રે. ભજન૦ ૧

મૂછ મરડી મ્હાલતા ને, ગરવે દેતા ગાળ રે;
રાવણુ જેવા રાજવી પણુ, કોળીયા થઇ ગયા કાળરે. ભજન૦ ૨

દેતા હસી હસી તાળીયો ને, માયામાં ગુલતાન રે;
પરભવવાટે ચાલીયા તે, ભૂલી ભમે નાદાન રે. ભજન૦ ૩

રજની થોડી વેશ ઝાઝા, આયુ એળે ન ગુમાવરે;
ફરીફરીને નહિ મળે જીવ, ધર્મકરણુનો દાવરે. ભજન૦ ૪

જરૂર જન્મી જાવું એક દિન, કોઇ ન જગ ઉગરતરે;
બુદ્ધિસાગર શરણુ કરી લ્યો, દેવ શ્રી અરિહંતરે. ભજન૦ ૫

૯૫. ચેતનનું વિરહગાન—

રાગ સોરઠ

પ્રિયા મમ છટકી અટકી, ખેંચી તાણી ઘરમા ઘાલી,
તો પણ જાવે છટકી. પ્રિયા૦

આપમતીલી નાસે ઊઠી, પરઘર ચોરે લૂંટી;
દેતાં શિખામણ ભરીને ચુટી, રાવે માથું કૂટી. પ્રિયા૦

જોગી જતિની પાસે જાકર, લાવુ એસી બૂટી;
પાણીમધ્યે ઘસકર પાવુ, વશ થૈ પડે ન વિછૂટી. પ્રિયા૦ ૩

જાગી જોગી પાસે જાતા, હરખી બૂટી દીધી;
બુદ્ધિસાગર પાતાં ઘસીને, વશ થૈ ચાલત સિદ્ધિ પ્રિયા૦ ૪

૯૬. અનુભવ અમૃત—

રાગ સોરઠ

ભલા મુજ અનુભવ અમૃત ભાવે, બાકસ બુકસ બાકી ભોજન,
મુજ મન એહ સોહાવે ભલા૦ ૧

મતમતાતર પટ્ દર્શન સહુ, તાકી વાત જણાવે;
હંસચંચુ વિવેક ધરે જબ, તબ સોડહ પદ પાવે. ભલા૦ ૨

નિરાકાર નિઃસંગી નિર્મળ, નામ ન કોઇ ધરાવે;
મન વાણીથી ન્યારો વર્તે, નિજ નિજને પરખાવે ભલા૦ ૩

અસ્તિનાસ્તિ સ્યાદ્વાદસ્વરૂપી, ઘટ ભિતર વહી સાચો;
સુખ અનંતું હાથમાં વિલસે, શોધે બાહિર કાચો ભલા૦ ૪

વર્તે ન્યારો જડથી ચેતન, આપ સ્વરૂપે અભેદી;
બુદ્ધિસાગર નિર્વેદીને, જાણે કયુંકર વેદી. ભલા૦ ૫

૯૭. આત્માનું અદ્ભુત સ્વરૂપ—

રાગ સોરઠ.

આતમ અપનો સ્વરૂપ નીહારો, બાહિર દૃષ્ટિ ભટકત ભવમાં;
અન્તરદૃષ્ટિ તું તારો આતમ૦ ૧

શુદ્ધ નિરંજન ચિદ્ઘનસ્વામી, સ્વરૂપરમણુ અવિનાશી;
ક્ષાયિકભાવે નિજગુણભોગી, જ્ઞાનાનંદ વિલાસી. આતમ૦ ૨

કાયા માયાથી છે ન્યારો, બ્રહ્મસ્વરૂપ નિરધારો;
ઉત્પત્તિ સ્થિતિ વ્યયનો વિલાસી,ગુણગણનો નહિ પારો.આતમ૦ ૩

પૂરવ કોડી વર્ષનું સ્વપ્નુ, જાગંતા દૂર થાવે;
શુદ્ધસ્વભાવે જાગંતાં ઝટ, પરપરિણતિ દૂર જાવે. આતમ૦ ૪

એ હું એનો એ છે મારૂં, દિવસે પણ અંધારૂ;
બુદ્ધિસાગર જોતાં જાગી, શું મારૂ ને તારૂ ? આતમ૦ ૫

૯૮. જીવનની બાજી—

રાગ સોરઠ

મનવા એસી રમે કયુ બાજી, હોત ન પ્રભુ તુમ રાજી. મનવા૦ ૧

રાણી બાજીથી નારાજી, રમતા વારત કાજી,
રમત ભમત ચોગતિમા પ્યારા, નિર્બળ હોકર પાજી મનવા૦ ૨

કાળ અનંત ગમાયો રમતા, જ્ઞાનકળા નહીં છાજી;
શિખામણ અબ માનલે મેરી, દેર કરે કયું ઝાઝી મનવા૦ ૩

છોડી બાજી મનવે જ્યારે, કુમતા કુલટા લાજી;
બુદ્ધિસાગર ચિદ્ઘનસંગી,—સમતા ગગને ગાજી મનવા૦ ૪

આતમ તે પરમાતમ સાચો, નિર્મલ સિદ્ધ સમાન;
બુદ્ધિસાગર ઘટમા શોધો, ત્રણ ભુવનનો ભાણ. સદા મ૦ ૬

૧૦૭. માયાથી મનુષ્યભવની અફળતા—

વ્હાલા વીરજિનેશ્વર—એ રાગ.

અરે આ જિંદગાની મનુભવની એળે જાય છે રે;
ઘડી ક્ષણ વીત્યો તે તો પાછો કદિય ન આય છે રે,
મન ચિંતાતું કદીય ન થાતું, પાપે ભરીયું જીવતર ખાતું,
માયામાં મસ્તાનો થઇ મલકાય છેરે. અરે૦ ૧
પ્રભુ ભજન પલવાર ન કીધું, સાધુ સંતને દાન ન દીધું,
વિષયારસ વિષ પીને મન હરખાય છે રે. અરે૦ ૨
જન્મ મરણની નદીઓ વહેતી, ખળખળ ચાલતા એમ કહેતી,
અસ્થિર ચંચલ સત્તા ધન વરતાય છે રે. અરે૦ ૩
સફલ કરી લે મનુ જન્મારો, આતમરામ ભજીલે પ્યારો;
બુદ્ધિસાગર ચેતે તો સુખ પાય છે રે. અરે૦ ૪

૧૦૮. અહમ્ ત્યજો !

માન માયાના કરનારારે, જગ જોને તપાસી તારી કાયા—એ રાગ

અરે ફૂલી ફોગટ ફરનારારે, અણધારે દિવસ મરનારા,
જોને ઠાઠડીમા કેઇ ઠરાણારે, ઘણા મરેલ ઘોરમા ઘલાણા,
વેદને સેદને રોગી ને શોગી, રંક ભલે હોય મહારાણા,
પોક પડી તેના નામની મોટી, તેના મડદાં બળે છે મસાણારે.
અણધારે૦ ૧

માટીની કાયા માટીમા મળશે, કરો ઉપાયો હજારા;
સુર દાનવ જન કોડી મલે પણ, નહિ કોઇ ઉગરનારારે. અ૦ ૨

લાખોની રાખો થઇ છે મશાણે, જે હતા નહી ડરનારા;
માનમાયામા મ્હાલે શુ માનવ, જલ પરપોટા થનારારે અ૦ ૩

અન્તર જોને તારૂં તપાસી, ત્યાગીને વિષયવિકારા,
સાણંદ પદ્મપ્રભુ જિનમંડલ, બુદ્ધિસાગર સુખકારારે. અ૦ ૪

૧૦૯. નેમપ્રભુને !

વિમલા નવ કરશો ઉચ્ચાટ–એ રાગ

પ્યારા નેમ પ્રભુ મુજ મન મદિરીએ પધારજોરે;
રાગ ને રોષ શત્રુને ધ્યાનથી દૂર નિવારજોરે. પ્યારા૦ ૧

જન્મ મરણુના ફેરા ટાળી, પામ્યા મુક્તિ સ્ત્રી લટકાળી;
વ્હાલા દીન દયાળુ, સેવકને સભારજોરે પ્યારા૦ ૨

કર્મ ન લાગે પ્રભુજી તમને, સમય સમય લાગે પ્રભુ અમને;
પ્રભુજી દુઃખનાં વાદળ મુજથી દૂરે ટાળજોરે. પ્યાર૦ ૩

શી ગતિ થાશે એ પ્રભુ મારી, ચાર ગતિ ભટકયો દુઃખ ભારી;
તુજ પદ શરણુ થયાને કરૂણા કરીને ઉગારજોરે. પ્યારા૦ ૪

શરણાગતવત્સલ ભયભંજન, અકલ ગતિ તું દેવ નિરંજન;
બુદ્ધિસાગર ભવજલ સાગર પાર ઉતારજોરે. પ્યારા૦ ૫

૧૧૦. મલ્લિજિન જીવન—

મલ્લિજિન વંદીએ ભવિ ભાવેરે, સુરાસુર મુનિવર ગુણ ગાવે. મલ્લિ૦

પ્રભુ માત કૂખે જબ આયારે, ઇન્દ્રાદિક સુરગિરિ પર લાયારે;
આઠ જાતિ કળશે નવરાવ્યા. મલ્લિ૦ ૧

આતમ તીન પ્રકાર છે, બાહિર અન્તર તેમ;
પરમભેદ ત્રીજો થયો, અક્ષય સુખ લહો જેમ. ૨

નિંદ્રડી વેરણુ હુઇ રહી—એ રાગ.

બહિરાતમ પહેલો કહ્યો, તેનું લક્ષણુ હો કહ્યું શાસ્ત્ર મઝારકે,
પુદ્દગલ મમતા ચિત્ત ગ્રહી, માને તેને હો આતમરૂપ સાર કે,
જિનવાણી ચિત્ત ધારીએ. ૧

સ્રી ધન ભાઇ ભગિની ને, પુત્ર પુત્રી હો કુટુંબ પરિવારકે;
તેહના સંગે રાચીયો, મોહે ઘેર્યો હો લહે દુઃખ અપારકે. જિ૦ ૨

દેહને આતમ માનતો, ભિન્ન સમજે હો નહિ તેહ અજાણુકે,
બહિરાતમ પહેલો કહ્યો, ભેદ આતમનો છ ડો સુજાણુકે. જિ૦ ૩

અષ્ટકર્મની સંગતિ, પામી આતમ હો નાના અવતારકે,
ચાર ગતિમા સંચરે, મહારૌરવ હો દુઃખનો નહિ પારકે જિ૦ ૪

આતમ કર્મ સબંધ છે, અનાદિથી હો રજ-કનક દષ્ટાંતકે,
અનાદિ સાત ભવિ આશ્રયી, અભવ્યનો હો કહું સુણો
થઈ શાંતકે જિન૦ ૫

અનાદિ અનંત અભવ્યનો, નિત્યાનિત્ય હો વળી કર્મ સબધકે,
ભવી અભવી ક્રમથી સુણી, કિમ બાધેહો બધ થઇ ભવી
અધકે જિન૦ ૬

રૂપી શરીરને આશ્રયી, રહ્યો આતમ હો અરૂપી મહતકે,
અતર આતમ જાણુજો, ભેદ બીજો હો કરો કર્મનો અતકે. જિ૦ ૭

કર્મ સગ દૂરે કરી, પામ્યા કેવલ હો જ્ઞાન ગુણ મહંતકે;
તીન ભુવનના ભાવને, જાણે સમયે હો ચિદાનદ ભદંતકે. જિ૦ ૮

દ્રવ્ય ગુણ પર્યાયના, જ્ઞાતા જ્ઞાને હો પરમાતમ જેહકે;
ભેદ ત્રીજો એહ આતમનો, ધ્યાવો હૃદયે હો ધરો તેહશું નેહકે જિ૦૯

ઇયળ ભમરી સંગથી, ભ્રમરીરૂપ હો પામે જેમ એહકે;
પરમાતમપદ ધ્યાવતા, બુદ્ધિસાગર હો લહે શિવસુખ ગેહકે જિ૦૧૦

૧૧૩. પૂર્ણ સ્યાદ્વાદી પ્રભુ શ્રી વીરને નમન—

ભુજંગી છંદ.

નમો વીર વિશ્વે સદા સૌખ્યકારી,
પિતા માત ભ્રાતા ચ દુઃખાપહારી;
કથી દેશના ભવ્ય કલ્યાણ જાણી,
નમુ વીર પ્રેમે બહુ પ્યાર આણી.
કહ્યો મુક્તિમાર્ગ ક્રિયા જ્ઞાન ભેદે,
ગ્રહી ભવ્ય જીવો દુઃખ વૃન્દ છેદે;
કહ્યા દ્રવ્ય ષટ્ધા સદા જે અનાદિ,
નમુ ભાવથી સત્ય સ્યાદ્વાદવાદી

૧૧૪. ચેતનને બોધ—

વિમલા નવ કરજો ઉચ્ચાટ—એ રાગ

ચેતન ચતુરાઇથી શિવપુર મારગ ચાલજેરે;
છોડી વિષય વિકારો, મનડું નિજ ઘર વાળજેરે.

દુનિયાદારી દૂર વિસારી, ઉપયોગે આતમગુણધારી;
ક્ષયોપશમધ્યાને તું કર્મ વિદારજેરે ચેતન૦ ૧

ઘનઘાતી ચઉકર્મ ખપાવે, આત્મિક શુદ્ધસ્વભાવે લાવે;
પોતાને તું પરપરિણુતિથી વારજેરે. ચેતન૦ ૨

દિલસાગરમાં અમર દીવો તુ,
મન મંદિરમાં દીપ જિશ્યોરી;
જ્યાં જ્યાં દેખુ ત્યાંહિ તુહિ તુંહિ,
પ્રાણપતિ બીન પ્રેમ કિશ્યોરી. સોડહં૦ ૨

તુ તારામા સમાયો સહેજે,
પરને કહો કેમ જાય કહ્યોરી,
સબ ઋદ્ધિ તુજ અંતર પ્રગટી,
જ્યોતિસેં જ્યોતિ જગાય રહ્યોરી. સોડહ૦ ૩

જાવુ ન આવુ લેવુ ન દેવું,
અન્તર્ પડદો ખૂલ ગયોરી;
સુખસાગરની લહેરો ઉછળે,
આતમ હસ ત્યા ઝીલ રહ્યોરી. સોડહ૦ ૪

હરવું ફરવુ ખરવુ ન મરવું,
દુઃખ દાવાનલ શાત થયોરી;
બુદ્ધિસાગર સોડહં ધ્યાને,
પરમાતમપદ આપ ભયોરી સોડહં૦ ૫

૧૧૯. સાચા શૂરા—

શૂરાની ગતિ શૂરા જાણે રે, ત્યા તો કાયર થરથર કંપે,
કથા પુરાણી બહુ કરેરે, રામ રામ કીર જપે,
પરમારથ પામે સો પૂરા, નહીં વળે કંઇ ગપ્પે શૂરાની૦

કાન આખ બિન મારો વાહ્લમ, સુણતો ને વળી નિરખે,
રૂપાતીત પણ મારો સ્વામી, રૂપારૂપીકું પરખે શૂરાની૦

જ્ઞાનરૂચિ ગુરૂગમ કુચી, લહી ઉઘાડો તાળુ;
બુદ્ધિસાગર અવસર પાકર, નિજઘરમા ધન ભાળું. શૂરાની૦

૧૨૦. ચતુરને શીખ—

બહુ લાગે ગુણિજન પ્યારૂં, ચતુરનર સમજે તો બહુ સારૂં રે હેજી.
ચેતન વચન માની લે મારૂં ચતુર૦ એ ટેક.

કરવું તે તો કાંઈ ન કીધું, મોહ માયામા મનડુ દીધું,
નિજ કારજ કંઈ ન સિદ્ધયુ ચતુર૦ ૧

જાણ્યું પ્યારૂં પણ તે ભૂલ્યો, ફોગટ ફાંફાં મારી ફૂલ્યો;
તુ તો જગ જજાળે ઝુલ્યો. ચતુર૦ ૨

ક્ષણક્ષણ આયુષ્ય વીતી જાવે, અન્તરૂ સમજ્યામાં નહિ આવે;
પણ પાછળથી પસ્તાવે ચતુર૦ ૩

મોહ માયાને ઝટપટ ત્યાગી, આત્મસ્વરૂપે થા વૈરાગી;
થા તુ અતર અનુભવ રાગી ચતુર૦ ૪

સ્વપ્નાસમી સાંસારિક માયા, તેમાં શું ફોગટ હરખાયા,
જાણો જૂઠાં સ્ત્રી ધન જાયા ચતુર૦ ૫

જેમા રાચે તે નહિં તારૂં, પરપુદ્ગલ છે તુજથી ન્યારૂં,
નહિ સમજે તો અંધારૂ. ચતુર૦ ૬

ક્ષણિક સંયોગો નિરધારી, કર તુ શુદ્ધાતમની યારી;
ઝટ ભૂલી દુનિયાદારી ચતુર૦ ૭

એક દિન અણધાર્યું છે જાવું, નાહક માયામા હરખાવું;
શું પડિતને પરખાવું. ચતુર૦ ૮

અમૂલ્ય અવસર રૂડો પામી, થા તું અંતર ગુણ વિશ્રામી;
તું છે ચિદ્ઘન ચેતન રામી. ચતુર૦ ૯

જાગી લે તું અંતર ભાવે, રમજે આતમ શુદ્ધસ્વભાવે;
જેથી જન્મ મરણદુઃખ જાવે. ચતુર૦ ૧૦

૧૨૨. કક્કાવલિ પદ—

કક્કા કારણ જોગે કાજ, સામગ્રી પામી સહુ આજ;
કર્માષ્ટકનો કીજે નાશ, ધારી આતમનો વિશ્વાસ;
માનવભવનું મળીયું ઝાઝ, કક્કા કારણ જોગે કાજ ॥ ૧ ॥

ખખ્ખા ખાતે પ્રભુને ભજો, સમતા સ્થિરતા દિલમા સજો,
ખરી વાતને હૃદયે ધાર, ક્રોધ કપટ મિથ્યા સહુ વાર;
પરનારી પરધનને તજો, ખખ્ખા ખાંતે પ્રભુને ભજો. ॥ ૨ ॥

ગગ્ગા ગાણું ગા જિનરાય, સાચો મોક્ષ તણો ઉપાય;
ગર્ભાવાસે લહો ન વાસ, અંતરૂમા જો જિન વિશ્વાસ,
જન્મ જરાના દુઃખડા જાય, ગગ્ગા ગાણું ગા જિનરાય ॥ ૩ ॥

ઘઘ્ઘા ઘોર કર્મ શુ કરે, વાર ઘણી તું ભવમાં ફરે;
ઘાચીની ઘાણીના ફેર, બળદ પરે વરતે અંધેર;
જરૂર જન્મ્યા તે તો ખરે, ઘઘ્ઘા ઘોર કર્મ શું કરે ॥ ૪ ॥

ડડાવશ કીજે સહુ અંગ, સત જનોની કીજે સગ;
મુખથી કદી ન દીજે ગાળ, ફોગટ શું થાવું વાચાળ;
જ્ઞાની સગે વાધે રંગ, ડડાવશ કીજે સહુ અંગ ॥ ૫ ॥

ચચ્ચા ચેતન ધર્મે ચાલ, કરજે અંતરનો તું ખ્યાલ;
ચાર ગતિનો કરવો છેદ, જાણી જીવ પુદ્ગલનો ભેદ;
ધર્મહીન વર્તે સહુ બાલ, ચચ્ચા ચેતન ધર્મે ચાલ ॥ ૬ ॥

છછ્છા છોકરવાદ તજી, રત્નત્રયી સ્વામીને ભજી,
છોડો વિરૂવા વિષય વિકાર, મુક્તિના સુખ સમજી સાર;
અન્તર્યામી પ્રેમે ભજી. છછ્છા૦ ॥ ૭ ॥

ભભ્ભા ભણતર ભાવે ભણો, પંચ ભાવને જ્ઞાને ગણો,
ભક્તિથી થાશો ભગવાન, અન્તરમાં જો પ્રગટે ભાન;
અન્તરના શત્રુને હણો ભભ્ભા૦ ॥ ૨૪ ॥

મમ્મા માનવ ભવ સુખકાર, દશ દૃષ્ટાન્તે દુર્લભ ધાર;
મૂકી મોહ માયા ને માન, કરજે આતમનું તું ધ્યાન,
મળીયું ટાણું ફણૂ ન હાર મમ્મા૦ ॥ ૨૫ ॥

યય્યા હિંસાયજ્ઞ નિવાર, હિંસામા નહિ ધર્મ લગાર;
યાચી લે તુ શાશ્વત સુખ, દુનિયા સુખને માની દુઃખ,
પચ મહાવ્રત પ્રેમે ધાર યય્યા૦ ॥૨૬॥

રર્રા કર તું આતમ રાગ, સારો ફરીને મળે ન લાગ;
રમત ગમતથી રહેજો દૂર, સેવો ચેતન સુખ ભરપૂર;
કુમતિથી દૂરે ઝટ ભાગ. રર્રા૦ ॥૨૭॥

લલ્લા લોભે લક્ષણ જાય, લાલચથી કયું પાપ ન થાય;
જાણો લોભતણો નહીં થોભ, નિર્મલ મનમાં પ્રગટે ક્ષોભ;
ઊચ નીચને લાગે પાય લલ્લા૦ ॥૨૮॥

વવ્વા જૂઠ વિસારો સહુ, જાણતાને શું બહુ કહું?
વિદ્યા વિનય વિવેક વિચાર, કરતા ઉતરીયે ભવપાર;
વેર દુઃખડા વાધે બહુ વવ્વા૦ ॥ ૨૯ ॥

શશ્શા શાન્તિ રાખો રહેમ, શૂરા થઇને ગ્રહીએ નેમ,
શાન્ત સુધારસ પાનજ કરો, સ્વર્ગાદિકમા જઇ અવતરો;
શાસ્ત્રપઠનથી પામો ક્ષેમ. શશ્શા૦ ॥ ૩૦ ॥

ષષ્ષા ષડ્દ્રવ્યે લય લાય, સદ્ગુરુગમથી તે સમજાય;
આત્મદ્રવ્ય આદરવો એક, જ્ઞાનવાન્ સોઽહં એ ટેક,
રત્નત્રયી સાધન સદુપાય. ષષ્ષા૦ ॥ ૩૧ ॥

સસ્સા સુમતિ સંગે રહો, શાશ્વત સુખડાં તેથી લહો;
ત્યજી દે કુલટા કુમતિ સંગ, દેખાડે દુર્ગતિના રંગ;
નિંદા હીલના સર્વે સહો સસ્સા૦ ॥ ૩૨ ॥

હહ્હા હર્ષે શિવપુર જાઓ, કરી કમાણી ખાંતે ખાઓ;
આતમ તે પરમાતમ થાય, જન્મ મરણનાં દુઃખડાં જાય;
સોડહં સોડહં ક્ષણ ક્ષણ ધ્યાઓ હહ્હા૦ ॥ ૩૩ ॥

અઆ અર્હં દિલમા ધરો, મહામંત્ર ધ્યાવો સુખવરો;
ઋદ્ધિ સિદ્ધિ સુખ દાતાર, શ્રદ્ધાથી ગણજો નરનાર;
મૂલ મત્ર અર્હં છે ખરો અઆ૦ ॥ ૩૪ ॥

ગુર્જર સાણદ ગ્રામે વાસ, કરીને રચના કીધી ખાસ,
ભણતા ગણતા મગળમાલ, મટશે મિથ્યા માયાજાળ;
બુદ્ધિસાગર સુખની આશ ગુર્જર૦ ॥ ૩૫ ॥

સંવત ઓગણીસ ત્રેસઠ સાલ, શુકલપક્ષ વૈશાખ રસાલ,
અષ્ટમી શનિવારે શુભ જોડ, કરતા વાછિત ફળ્યાં કરોડ,
પણ્ડિત મનમા પ્રગટે વહાલ સવત૦ ॥ ૩૬ ॥

૧૨૩. આતમ હંસની શોધ—

હંસા કોઇરે જણાવો જોગીડાજી, આ દેહ દેવળમા રહેનાર રે;
હસા માયાના મુલકનો મોજીલોજી, એની શુદ્ધિ કોઇ કરનાર રે;
હસા૦ ૧

હસા પરખે હીરો કોઇ પારખુંજી, લહે તત્ત્વ ન મૂઢ ગમાર રે;
હંસા પિંડનો ઘડનારો માહે પેશીયોજી, કરોળીયો રચીને જેમ જાળ
રે હંસા૦ ૨

વીરની ભક્તિમાં સહુ શક્તિ, ભક્તિ વિના સહુ મોળું;
વીરનામે ભય સઘળા નાસે, મનડું હોવે ધોળું. સણસે૦ ૩
પ્રેમે પ્રભુની ભકિત કરૂં નિત્ય, ભક્તિ સુખકર સાચી,
બુદ્ધિસાગર હું તો વીરના, નામે રહિયો રાચી. સણસે૦ ૪

૧૨૮. તું ત્હારુ સ્વરૂપ વિચાર !

કાનુડો ન જાણે મોરી પ્રીત—એ રાગ

જીવડા ભૂલી સત્ય સ્વરૂપ, ફોગટ જન્મ ગુમાવે રે. જીવડા૦

જાણી ન જિનની વાણી, ખટપટમા ખુંચ્યો પ્રાણી;
લક્ષ્મી લાલચમા લલચાઈ, દિલમાં કશુંએ ન જોયું રે. જીવડા૦ ૧

નિરખ્યો ન આતમ ન્યારો, પુદ્દગલથી જ્ઞાને પ્યારો;
જૂઠી જંજાળે જકડાય, ડાહ્યો ડમરો થઇને રે જીવડા૦ ૨

પરની પચાતે ડાહ્યો, ગપ્પા મારીને ગાયો;
સમજી સાચો આ સંસાર, મૃગ કસ્તુરી પેઠે રે. જીવડા૦ ૩

મનમા મોટાઇની માની, પાયે પડિયો નહિ જ્ઞાની;
ફરતો ચાર ગતિના ફેર, સમજુ સમજી લેનેરે જીવડા૦ ૪

શિક્ષા સમજીને સારી, બહિરાતમવૃત્તિ વારી;
બુદ્ધિસાગર સમજો સત્ય, ગુરૂથી જ્ઞાન ગ્રહીને રે. જીવડા૦ ૫

૧૨૯. સ્વાર્થી સંસાર—

કાનુડા ન જાણે મોરી પ્રીત—એ રાગ.

ચેતન સ્વારથીયો સંસાર, સગપણ સર્વે ખોટા રે ચેતન૦

જૂઠી છે કાયાવાડી, ન્યારી છે લાડી ગાડી,
ફોગટ શાને મન મૂંઝાય, અંતે સર્વે જાશે રે. ચેતન૦ ૧

હાકે ધરણી ધ્રુજાવે, ભય તો દિલમા નહી લાવે;
ચાલ્યા રાવણુ સરખા રાય, પાડવ કોરવ યોદ્ધારે. ચેતન૦ ૨
સ્વારથથી જૂઠા બોલે, સ્વારથી જૂઠા તોલે;
સ્વારથ માટે યુદ્ધો થાય, લડતાં ૨ક ને રાણુારે. ચેતન૦ ૩
સ્વારથથી નીતિ ત્યાગે, સ્વારથથી પાયે લાગે;
સ્વારથ કપટકળાનું મૂળ, પાપ અનેક કરાવેરે. ચેતન૦ ૪
સ્વારથમાં સર્વે ડૂલ્યા, ભણુતર ભણીને ભૂલ્યા;
સ્વારથ આગળ સત્ય હણાય, અન્ધા નર ને નારીરે ચેતન૦ ૫
સ્વારથથી મસ્તક કાપે, સ્વારથથી પદવી આપે;
સ્વારથ આગળ શાનો ન્યાય, બહેરા આગળ ગાણુંરે. ચેતન૦ ૬
સ્વારથથી વિરલા છૂટ્યા, સ્વારથમા સર્વે ખૂચ્યા;
જગમા સ્વાર્થતણો પરપંચ, ન્યાય ચુકાદા લેખારે ચેતન૦ ૭
ધર્મી સ્વારથને ત્યાગે, દિલમા આતમના રાગે;
રવિકિરણે સ્વારથ તમ નાશ, હોવે આતમજ્ઞાનેરે ચેતન૦ ૮
પરમારથ પ્રીતિ ધારી, સેવો ગુરૂ ઉપકારી;
બુદ્ધિસાગર ધરજો ધર્મ, દુનિયા સર્વ વિસારીરે. ચેતન૦ ૯

૧૩૦. તત્વસ્વરૂપનો જાપ—

કાનુડો ન જાણે મોરી પ્રાત—એ રાગ.

કર તું૦

કર ! તું શ્વાસોશ્વાસે જાય, તત્ત્વસ્વરૂપનો હુંસારે.
લક્ષ્યે વૃત્તિયો ઠારી, સ્થિરતા ઉપયોગે ધારી;
રમજો રંગે સુખ ભરપૂર, સાચો આતમદેવારે કર તું૦ ૧

જે જે માગે તે આપે, દુઃખડાં ક્ષણુમાંહિ કાપે;
શક્તિ અનંતીનો દાતાર, હરિહર બ્રહ્મા પોતેરે. કર તું૦

શુભે શાતાનો ભોગી, અશુભે અશાતા ભોગી;
શુદ્ધ સ્વભાવે નિજગુણુ ભોગ, કયાં તું પરમાં ગોતેરે. કર તું૦

ભક્તિ પ્રીતિથી સેવે, પરમાતમ પદને દેવે;
ધ્યાતા ધ્યેયસ્વરૂપે આપ, ધ્યાને હૃદયે ધારોરે. કર તું૦

અન્તર આતમ આરાધો, કારણુથી કારજ સાધો,
બુદ્ધિસાગર શિવસુખ લ્હેર, પ્રગટે દિલમાં ભારીરે. કર તું૦

૧૩૧. નિજઘર પધારવા ચેતનાનો આત્માને ઉપદેશ-

કાનુડો ન જાણે મોરી પ્રીત.–એ રાગ

આતમ નિજઘરમાં તું આવ !! સમજણુ સત્ય વિચારીરે. આતમ૦

પરઘર રમતાં તું દુઃખી, કબહુ ન થઈયો સુખી;
વેઠ્યા દુઃખડા વારવાર, કુમતિસંગે ભારીરે. આતમ૦ ૧

બહિરાતમયોગે ભારી, અંતર ઋદ્ધિને હારી,
કર્મપિંજરમા પડિયો પેખ, સુરતા સર્વ વિસારીરે. આતમ૦ ૨

પરઘર ભમતા ભીખારી, ઉત્તમ કુલવટ હારી;
વધેયો આશાનો તુ દાસ, ગણીને તૃષ્ણા પ્યારીરે. આતમ૦ ૩

નિજઘરમા શાશ્વત સુખરાશિ, ચેતન તેનો વિશ્વાસી;
આતમઅનુભવ અમૃતમેવ, સેવા કીજે સારીરે આતમ૦ ૪

નિજઘરમા પ્રભુતા છે તારી, માની હિતશિક્ષા મારી,
અમ ભવપ્રદેશે દૃષ્ટિ વાળ !!, અન્તર સુરતા ધારીરે આતમ૦ ૫

સુમતિ વચનો વિચારી, દિલમા સાચા અવધારી;
આતમ આવ્યો નિજઘર લ્હેર, સુમતિ સગ વિહારીરે આ૦ ૬
નિજઘરમા રગે ઝટ વસિયો, સમતાસંગે થઇ રસિયો;
બુદ્ધિસાગર સુખડા પાય, કર્મકલંક વિદારીરે. આતમ૦ ૭

૧૩૨. જીવને ઉપાલંભ—

કાનુડો ન જાણે મોરી પ્રીત—એ રાગ

જીવડા હજી અવસર છે બેશ, ભજી લે પ્રભુને ભાવેરે. જીવડા૦
કુમતા કુટિલતા સગે, રમતો તુ નિશદિન રગે;
લોભે લક્ષણુ સઘળા ખોઇ, મોહ મદિરા પીનેરે જીવડા૦ ૧
સમતાનો સંગ ન કીધો, મુક્તિ મારગ નવ લીધો;
યોગ્યાયોગ્ય ન જોયું કાંઇ, મોહે અન્ધ બનીનેરે. જીવડા૦ ૨
સાધુની સગત નહિ કીધી, દુર્ગતિ વાટજ તેં લીધી,
મૂરખ મનમા શુ મલકાય, પડતું રહેશે ભાણુંરે. જીવડા૦ ૩
આડા અવળો અથડાયો, લક્ષ્મી માટે તુ ધાયો;
તારૂં કદીય ન તેહ થનાર, સમજુ સમજીલેનેરે. જીવડા૦ ૪
શાને માટે તુ ફસિયો, થઇને માયામા રસિયો;
સુખ નહી પુદ્ગલમા તલભાર, જડમાં જડતા ભાસેરે જીવડા૦ ૫
અનુભવ અન્તરમા ધારો, જલ્દી આતમને તારો;
પામી પ્રેમે ગુરૂગમજ્ઞાન, ધ્યાને મનડું ઠારીરે; જીવડા૦ ૬
કરજો પરમાતમ પ્રીતિ, ધારી અન્તરમા રીતિ;
બુદ્ધિસાગર શિવપદ પાય, ચિદ્દ્ઘન ચેતન રાગેરે. જીવડા૦ ૭

૧૩૩. ચેતનને ચીમકી—

કાનુડો ન જાણે મોરી પ્રીત–એ રાગ.

જીવડા હજી જરા તો ચેત! બાજી આ છે છેલ્લીરે. જીવડા૦

નિન્દા કરવામા શૂરો, પાપ પાખણ્ડે પૂરો;
લોભી સ્વારથમાં તૈયાર, પરમાં માની મારૂ રે. જીવડા૦ ૧

મોજ મજા મન લાગી મીઠી, પરનારી પ્રેમે દીઠી;
મનમા તૃષ્ણાનો નહિ પાર, માની મારૂં મારૂ રે જીવડા૦ ૨

વિકથાની વાતો પ્યારી, કીધી તેં ચોરી જારી;
માયાપરિણતિમાં મશગૂલ, આખી ઉમ્મર હારીરે જીવડા૦ ૩

લક્ષ્મીની લાલચ લાગી, બહિરાતમપદનો રાગી;
મૂરખ લજવી જનની કૂખ, ફોગટ ભારે મારીરે જીવડા૦ ૪

મળીયુ છે ઉત્તમ ટાણું, પરખી લે નયણે નાણું;
નાવે સાથે કોઇ તલભાર, શાને મોહ ધરેછેરે જીવડા૦ ૫

અર્કતણાં આકુલા જેવા, તન ધન જોબન છે તેવા,
બાજીગરની બાજી ફોક, અન્તે વિણશી જાશેરે. જીવડા૦ ૬

નરનારી મૂરખ જન ડાહ્યા, સાચી માનીને માયા,
ભવમા ભટકયા વારંવાર, જન્મ જરા દુઃખ પામીરે. જીવડા૦ ૭

સાચો શિખામણ માની, થા તું આતમનો ધ્યાની;
બુદ્ધિસાગર સાચો સેવ, પ્રભુની અન્તર્ ધારીરે. જીવડા૦ ૮

૧૩૪. મનને ઉપાલંભ—

કાનુડો શુ જાણે મોરી પ્રીત–એ રાગ

મનડા!! આતમમા લય લાવ!! ફોગટ શાને ફરેછેરે. મનડા૦

મનુષ્યભવની પહેલા, જ્યાં ત્યાં ભટકાતું ભારે;
હજીય ન છોડે એહ સ્વભાવ, મોહમાં મસ્ત બનીનેરે મનડા૦ ૧

મન તું છે મર્કટ જેવુ, ઠામ ઠરી નહિ રહેવું;
જલ્દી ત્યાગ કરો પરભાવ, સારી શિક્ષા ગ્રહીનેરે મનડા૦ ૨

તપ તપિયા મુનિવર મોટા, જગમાં નહિ જેના જોટા,
હાર્યા તુજથી રંક ને રાવ, ક્ષણ ચંચલતા લહીનેરે. મનડા૦ ૩

સ્વામી સંન્યાસી ત્યાગી, ખાખી બાવા વૈરાગી;
ધ્યાન પગથીએ પાડે પાવ, ભ્રમણા ભૂલ કરાવીરે મનડા૦ ૪

મહારથી વીર કથાયા, શરણે તારા તે આયા;
દુર્જય લડતા રણમા દાવ, કરમા શસ્ત્ર ધરીને મનડા૦ ૫

સાનુકૂળ થઇને વ્હાલા, સમતાના પીને પ્યાલા;
આનદામૃતમા ગરકાવ, શુદ્ધ સ્વરૂપ વરીને રે મનડા૦ ૬

મનડું ઉપયોગે લાગે, જગમા જય ડંકો વાગે;
બુદ્ધિસાગર આતમભાવ,–શાશ્વત સુખડા પાવે રે મનડા૦ ૭

૧૩૫. ચેતનને શિખ—

જય જય આરતી આદિ જિણંદા—એ રાગ

કર ચેતન શિવપુર તૈયારી, પરપુદ્‌ગલની છોડી યારી;
ચિદ્‌ઘન નિત્યાનિત્ય વિચારી, છોડી દે તું દુનિયાદારી કર૦ ૧

જ્ઞાનથી વ્યાપક દ્રવ્યે અવ્યાપક, એકાનેકથી ધર્મ પ્રસાધક;
ભિન્નાભિન્ન સ્વરૂપી સાચો, ત્યજી તેને કયા જડમાં રાચો કર૦ ૨

દો ઉપયોગી નિજગુણ ભોગી, નહિ પુદ્‌ગલનો ભોગી રોગી;
બહુનામી પણ જેહ અનામી, શક્તિ અનંતીનો જે સ્વામી. કર૦૩

તિરોભાવે જે જીવ કહાય, વ્યક્તિભાવે સિદ્ધ લહાય,
સમકિતથી અંતર આતમ જે, ક્ષાયિકભાવે પરમાતમ જે. કર૦ ૪
ધ્યાને આતમને આરાધે, અનુભવ અંતરૂમા બહુ વાધે;
આનંદ મંગલમાલા પ્રગટે, રાગાદિક દોષો સહુ વિઘટે. કર૦ ૫
સુખની શ્રદ્ધા અન્તરૂવાસે, ભય ચંચલતા દૂરે નાસે;
બુદ્ધિસાગર ધ્યાનાભ્યાસે, ધ્યાતા તત્ત્વસ્વરૂપ પ્રકાશે કર૦ ૬

૧૩૬. માયાના મહાપાશ—

ઉપરનો રાગ

મોહ માયામા જે જકડાણા, કર્મપાશમા તે પકડાણા,
જેણે માયાની કીધી યારી, તેણે પામ્યા દુઃખડાં ભારી. મોહ૦ ૧
વિષના પ્યાલા પીધા તેણે, કરી માયાની સંગત જેણે,
ભય ચંચલતા હર્ષ વિષાદે, મનડું ફરતું વાદવિવાદે. મોહ૦ ૨
પ્રભુ ભજન પલવાર ન થાવે, ચાર દિશામા મનડું ધાવે,
હૃદયે ધર્મની કાઇ ન પ્રીતિ, રાખે નહિ સજ્જનની રીતિ. મો૦ [illegible]
ક્રોધ કપટ નિંદામા પૂરા, હિંસા ચોરીમાં તે શૂરા;
વિનય વિવેક વિચાર ન જાણે, રાતદિવસ રહેતા અભિમાને મો૦ ૪
જૂઠી વાતે જન ભરમાવે, દુર્જન શઠતામા તે ફાવે;
દાન દયાની રીત ન રાખે, મુક્તિતણા સુખ તે નહિ ચાખે મો૦ ૫
મનની મોજે દુનિયા મ્હાલે, નથી મરવુ જાણે કોઇ કાલે,
કાલ ઝપટમા પકડી પાડે, નાખે દુર્ગતિ દુ:ખના ખાડે. મોહ૦ [illegible]
ચિંતામણિ નરભવને હારી, જન્મ મરણ પામે સંસારી,
બુદ્ધિસાગર આતમરાગી, થાવે મોહ માયાને ત્યાગી મોહ૦ [illegible]

૧૪૨. સાચો અંતરસ્વામી આતમ !

વ્હાલા વીરજિનેશ્વર વિનતડી અવધારશો રે—એ રાગ

સાચો અન્તરૂસ્વામી, આતમ દિલમાં ધ્યાવજેરે;
સોઽહં અલખ જગાવી, નિર્ભયપદ ઝટ પાવજેરે. સાચો૦ ૧

સુખનો દરિયો ગુણથી ભરિયો, યોગી આતમધ્યાને વરીયો;
પ્રભુને અન્તરૂ દિલમાં, પ્રેમથકી પધરાવજેરે. સાચો૦ ૨

ભકિત કરજે પ્રભુની ભાવે, નિજગુણ કર્ત્તા આપસ્વભાવે;
પોતાને તુ ક્ષાયિકભાવે સમાવજેરે સાચો૦ ૩

ઝટપટ જજાળોને ત્યાગી, સત્યજ્ઞાનથી થા તુ રાગી;
બુદ્ધિસાગર અતર આત્મ પ્રભુને ગાવજેરે. સાચો૦ ૪

૧૪૩. જીવને તરણોપાય—

દુનિયામાં ફોગટ ફુલ્યોરે, જીવલડા જો તું;
ડહાપણના દરિએ ડૂલ્યોરે, જીવલડા જો તું;
જ્યા ત્યા મારૂં મારૂં કરીને તુ તો મ્હાલ્યો,
દુર્ગતિ મારગ તે ઝાલ્યોરે જીવલડા૦ ૧

વનસ્પતિના ભવમા છેદાયો બહુ ભેદાયો,
ત્યા દુ:ખ અનતુ પાયોરે, જીવલડા૦

વિકલેન્દ્રિના ભવમા વેઠ્યા દુખો તે ભારી,
અજ્ઞાનાવસ્થા ધારીરે જીવલડા૦ ૨

ભીખારીના ભવમા તે ભીખ બહુ માગી,
માયા મમતા નહિ ત્યાગીરે, જીવલડા૦

રામા રૂપમા રાચીને, જોયું નહીં નિજ રૂપ;
ફોગટ દુનિયા ફંદમા, સહેતો વસમી ધૂપ. ચેતી૦ ૩

માત પિતા ભાઈ દીકરા, દારાદિક પરિવાર;
મરતાં સાથ ન આવશે, મિથ્યા સહુ સંસાર. ચેતી૦ ૪

ચિંતામણિ સમ દોહિલો, પામ્યો મનુ અવતાર;
અવસર આવો નહી મળે, તાર આતમ તાર ચેતી૦ ૫

જેવી સંધ્યા વાદળી, ક્ષણમાં વિણસી જાય;
કાચો કુંભ કાયા કારમી, દેખી શું હરખાય ? ચેતી૦ ૬

માયા મમતા પરિહરી, ભજો શ્રીભગવાન્,
કરવું હોય તે કીજીએ, તપ જપ પૂજા દાન. ચેતી૦ ૭

કેઈક ઘાલ્યા ઘોરમા, બાળ્યા કેઈ મસાણ,
આંખ મીંચાએ શૂન્યતા, પડતા રહેશે પ્રાણ. ચેતી૦ ૮

વૈરાગ્યે મન વાળીને, ચાલો શિવપુર વાટ;
બુદ્ધિસાગર માંડજો, ધર્મરત્નનું હાટ ચેતી૦ ૯

૧૪૭. વીરભક્તિ-દર્શન—

વૈદર્ભી વનમા વલવલે—એ રાગ.

વીર જિનેશ્વર વંદના, હોજો વારંવાર,
લળી લળી વિનવું પ્રેમથી, મારા પ્રાણ આધાર. વીરજિનેશ્વર૦ ૧

ભટકયો ભવમા ભૂલથી, વેઠ્યા દુઃખ અપાર;
જન્મ જરા મરણાદિકે, સ્થિરતા ન લગાર. વીર૦ ૨

પુણ્યે નરભવ પામીયો, મળ્યા ત્રિભુવન નાથ,
ચરણ શરણ સાચું ગ્રહ્યું, ઝાલો સેવક હાથ વીર૦ ૩

આપ અરૂપી સેવકરૂપી કર્મથી,
નિર્મોહી તુમ સેવક મોહી ધારજો. પરમ કૃપાળુ૦ ૨

કામાદિક શત્રુ જીત્યા ત્હે ધ્યાનથી,
પીડે કામાદિક સેવકનું ચિત્તજો;
આશા તૃષ્ણા વારી આપસ્વભાવથી,
આશા તૃષ્ણા દુઃખ દે છે મુજ નિત્યજો. પરમ કૃપાળુ૦ ૩

પરપુદ્ગલમા મનડું મારૂં મ્હાલતું,
બંધાણી સંસારે સુખની આશજો;
કરુણાસિંધુ કરુણામૃતથી સિંચજો,
ઠરશે ઠામે જિનજી તારો દાસજો. પરમ કૃપાળુ૦ ૪

ધન કીર્તિમાં ગમતાભાવે માચીઓ,
પ્રેમી મનડું પ્રમદા દેખી થાયજો;
જાણો જિનજી એ સહુ દુઃખની વારતા,
દીનદયાળુ દર્શાવો ઉપાયજો. પરમ કૃપાળુ૦ ૫

ચિત્તની ચંચળતાનું ઔષધ આપજો,
સ્થાપો સ્વામી સેવક માથે હાથજો;
શાનો ભય સેવકને સ્વામી સાહ્યથી,
માથે ગાજે ત્રણ ભુવનના નાથજો પરમ કૃપાળુ૦ ૬

સાચી વિનતિ સેવકની એ સાંભળી,
જોજો કરૂણા દૃષ્ટિથી સુખદાયજો;
બુદ્ધિસાગર અવસર પામી તારજો,
પ્રભુ પ્રેમે નિશદિન તારા પાયજો પરમ કૃપાળુ૦ ૭

१४९. कक्कावलि—

કપટી કપટી શુ કરો છો, કપટ ન જાણે કોય,
કર્મની સાથે કપટ કરો તો, સાચા કપટી સોય;
સુણજો વાત અમારી લોક, શાને મનમાં ફુલો ફોક? ૧

ખાખી ખાખી શું કહો છો, સહુની થાશે ખાખ;
સાચા ખાખી અંતરના જે, જાણે માયા રાખ. સુણજો૦ ૨

ગાડા ગાડા શું કહો છો, ગાડા સહુ કહેવાય;
ભેદ છેદ આતમના જ્ઞાને, સમજુ તેહ ગણાય સુણજો૦ ૩

ઘારી ઘારી શું કહો છો, ઘારી સમતા લેખ;
સમતા સ્વાદે સુખીઆ સતો, અતરમાં તે પેખ સુણજો૦ ૪

ચાકર ચાકર શું કહો છો, ચાકર નરને નાર;
કરે ચાકરી પરમાતમની, સાચો ચાકર ધાર. સુણજો૦ ૫

છાનું છાનુ શું કહો છો, છાનું સત્ય ન કયાય;
માયાથી છાનો છે આતમ, શાને મન હરખાય? સુણજો૦ ૬

જાતિ જાતિ શું કહો છો, જાત ન ભાત ન કોય;
જન્મીને જન્મે નહીં જે જન, જાતિ તેની જોય. સુણજો૦ ૭

ઝાઝ ઝાઝ ઈમ શું કહો છો, સાચું નહીં છે ઝાઝ;
દેહ ઝાઝ પરગટ પેખો આ, પામો શિવપુર રાજ. સુણજો૦ ૮

ટે ટેં ટેં ટે શુ કરો છો, ટળવળતા સહુ જાય;
સ્થિરતા આતમમા જેની છે, ટે ટે તસ નહિ થાય સુણજો૦ ૯

ઠોઠ ઠોઠ એમ શીદ કહો છો, સહુને એ છે છાપ;
અંતરમા પરમાતમ પરખે, નહિ તે ઠોઠ અપાપ સુણજો૦ ૧૦

ડાહ્યા ડાહ્યા શું કહો છો, ડાહ્યા ગાંડા સર્વ,
નિર્લેપી નિર્મોહી ડાહ્યા, કદી ન કરતા ગર્વ. સુણુજો૦ ૧૧

ઢઢ્ઢો ઢઢ્ઢો શું કહો છો, સહુ ઢઢ્ઢા શિરદાર;
ભૂલ્યા મોહ માયાને જે જન, સાચા ઢઢ્ઢા ધાર. સુણુજો૦ ૧૨

ઢોલ ઢોલ એમ શું કહો છો, સહુ છે ફુટયા ઢોલ;
ઢમ ઢમ વાગી ઢોલ કહે છે, સહુની વર્તે પોલ. સુણુજો૦ ૧૩

અભિમાનના તોરે ફુલે, તે છે સાચા ઢોલ;
જેના દિલમા વાત ન ટકતી, બોલે નિંદા બોલ. સુણુજો૦ ૧૪

ઢમ ઢમ વાગી ઢોલ કહે છે, અન્તર્ દૃષ્ટિ ખોલ;
ઢોલ પોલના જેવિ દુનિયા, કરજો તેનો તોલ. સુણુજો૦ ૧૫

ઢુંઢી ઢુંઢી ઢુંઢો સઘળું, ઢુંઢવું હોય તે ઢુંઢ;
અંધારે અજવાળું ઘેર્યું, એ અંતરનુ ગૂઢ. સુણુજો૦ ૧૬

તારૂ તારૂં શું કરે છે, ફોગટ લે અવતાર;
નહિ છે તારૂં ચેતન ચેતો, પોતાને તું તાર. સુણુજો૦ ૧૭

સ્થાવર સ્થાવર શું કહે છે, જગમા તું છે સ્થિર;
સ્થિરતા સેવો સાચી સમજી, પામો ભવજલ તીર સુણુજો૦ ૧૮

દાતા દાતા શું કહો છો, દાતા જગના દાસ;
દાન કરે અન્તરના ગુણનું, છોડી સઘળી આશ સુણુજો૦ ૧૯

ધર્મી ધર્મી શું કહો છો, ધર્મી સહુ કહેવાય;
વસ્તુસ્વભાવે આતમધર્મો, વિરલા સમજે ભાય. સુણુજો૦ ૨૦

નાગો નાગો શું કહો છો, નાગા જન્મે સર્વ;
નાગો નુગરા જનને સેવે, કરતો દિલમા ગર્વ. સુણુજો૦ ૨૧

નફ્ફટ નફ્ફટ શું કહો છો, નફ્ફટનો નહીં પાર;
સમજી ધર્મને પાપ કરે તે, સાચો નફ્ફટ ધાર. સુણુજો૦ ૨૨

નિર્મલ નિર્મલ શું કહો છો, નિર્મલ કોઈ કહેવાય;
કૂડ કપટથી ન્યારો વર્તે, સુમતિસંગ સદાય. સુણુજો૦ ૨૩

ન્યાયી ન્યાયી શું કહો છો, ન્યાયીમા અન્યાય;
પરમાતમને પ્રેમે પરખે, ભેદદૃષ્ટિથી ન્યાય સુણુજો૦ ૨૪

નીચ નીચ તું શું કહે છે, નીચા સંત સદાય;
જુઓ તાડ છે ઊંચા કેવા, પર્વત જો પેખાય સુણુજો૦ ૨૫

નીચ ઊંચનો ન્યાય જુબાને, જૂઠ સત્ય આચાર;
નીચા ઉંચા કુળથી માને, તે જગનો વ્યવહાર સુણુજો૦ ૨૬

પ્રેમી પ્રેમી શું કહો છો, પ્રેમ પછી છે દુઃખ;
સુખ વર્તે છે પ્રેમી દિલમાં, ભાગે સઘળી ભૂખ. સુણુજો૦ ૨૭

પામર પામર શું કહો છો, પામરના શિરદાર;
આશા દાસીના જે વશમાં, તે પામર નર નાર સુણુજો૦ ૨૮

પંડિત પંડિત શું કહો છો, પંડિત પરખે સાર,
પરભાવે રમતો જે રહેવે, ફોકટ તસ અવતાર સુણુજો૦ ૨૯

પાજી પાજી શું કહો છો, પાજી પોતે પેખ;
અન્તરગુણનું દાન કરે નહીં, સાચો પાજી લેખ. સુણુજો૦ ૩૦

ફૂલણ ફૂલણ શું કહો છો, મન ફૂલે ફૂલાય;
ફૂલે નહિ જેનું મન ફંદે, ફૂલણ નહીં કહેવાય સુણુજો૦ ૩૧

બળીયો બળીયો શું કહો છો, બળીઆ ગયા મસાણ,
રાવણ પાંડવ કોરવ યોદ્ધા, રહ્યાં નહિ નિશાન સુણુજો૦ ૩૨

વેશ્યા વેશ્યા શું કરો છો, કુમતિ વેશ્યા દિલ;
વિકાર વેશ્યા વૈર ઝેરને, ક્ષણુમાં આતમ પીલ. સુણુજો૦ ૪૪

શાંતિ શાંતિ સહુ કહે છે, શાંતિ જાણે કોય;
શાતિ જગની ભ્રાન્તિ હરતી, કબૂ ન દુઃખડાં હોય સુણુજો૦ ૪૫

સેવા સેવા શું કરો છો, સેવા કરતા સર્વ;
પરમાતમ ગુરૂજનની સેવા, ટાળે સઘળા ગર્વ. સુણુજો૦ ૪૬

સાધુ સાધુ શું કહો છો, સાધુ સાધે ધર્મ;
પચ મહાવ્રત પ્રેમે પાળે, ટાળે આઠે કર્મ સુણુજો૦ ૪૭

સાચુ સાચું શું કહો છો, સાચુ આતમસુખ;
પરમાં સુખની આશા રાખે, પામે ભવના દુઃખ સુણુજો૦ ૪૮

હાર્યા હાર્યા શું કહો છો, હાર્યા કામે વીર,
રાગાદિકને જીત્યા જગમાં, તીર્થંકર મહાવીર. સુણુજો૦ ૪૯

જ્ઞાની જ્ઞાની શું કહો છો, જ્ઞાની ગોથા ખાય;
રાગ દ્વેષને જીતે જે જન, જ્ઞાની તેહ ગણાય. સુણુજો૦ ૫૦

આવ્યા આવ્યા શું કહો છો, આવ્યા ચાલ્યા જાય;
ત્રણુ લોકમા કીર્તિ જેની, આવ્યા તે સુખદાય. સુણુજો૦ ૫૧

બેઠા બેઠા શું કહો છો, બેઠા ઊઠે ભ્રાત,
બેઠા ક્ષાયિક ભાવે સિદ્ધો, ધન તેના અવદાત. સુણુજો૦ ૫૨

ઉઠ્યા ઉઠ્યા શું કહો છો, જોને ઉઠે જીવ;
ઉઠયા આતમભાવે સતો, જાણી જીવને શિવ સુણુજો૦ ૫૩

જોગી જોગી શું કહો છો, જોગી સાધે જોગ;
અલખ ખલકમાં સાચો સમજી, ભોગવતા નહિ ભોગ સુ૦ ૫૪

કપટકળાને ત્યાગી, સદ્‌ગુરુ શીખ માગી;
બુદ્ધિસાગર ઘટ જાગીરે. નાહક૦ ૭

૧૫૯. પ્રભુ ભજવાનો પરમાર્થ !

ચેતાવું ચેતી લેજોરે-એ રાગ.

જીવલડા પ્રભુ ભજીલેરે, અવસર આવ્યો એળે જાશે;
પ્રભુ ભજંતા દામ ન બેસે, કોટિ કર્મ કપાશે. જીવલડાં૦ ૧

દુઃખ દાવાનળ ભવમાં ભમતાં, સુખ નીપજે નહી સારૂં;
મોહ માયા ક્રોધે સપડાતાં, ભાગ્ય બગડશે તારૂં. જીવવડા૦ ૨

જુઠી દુનિયાની બાજીમા, મલકાઇ શું મ્હાલો ?
કાળ પકડશે પળમા આવી, સાચો મારગ ઝાલો. જીવલડાં૦ ૩

વજ્ર પેટીમાં પેસો તો પણ, મરણ કદી નહિ મૂકે;
બુદ્ધિસાગર અવસર રૂડો, ચતુર થઇ શું ચૂકે. જીવલડાં૦ ૪

૧૬૦. હું-મ્હારૂં ને અહમ્ !

ચેતાવુ ચેતી લેજોરે-એ રાગ.

ગાફલ ગર્વ કરીનેરે, મનમાં મોટાઇથી ફૂલ્યો,
પ્રભુ ભજ્યા વિણુ પાપ કર્મથી, ભવસાગરમાં ડૂલ્યો ગાફલ૦ ૧

દગા પ્રપચો પાપ કરીને, લક્ષ્મી ભેગી કીધી,
પરભવનુ પરતાનું થાતાં, ખાશે કોઇક ઋદ્ધિ ગાફલ૦ ૨

હું પંચાતી ડાહ્યો ડમરો, હું નૃપતિ અધિકારી;
હું હું કરતા શ્વાસ ખસ્યાથી, ગતિ પકડશો ન્યારી. ગાફલ૦ ૩

હું મા માયા હું મા જાયા, હું ના જગ પડછાયા,
હું ને મારું મૂકી દેતા, સતો સુખ બહુ પાયા. ગાફલ૦ ૪

કોટિ કલ્પના કરો માનવી, કોઇ ન આવે સાથે;
બુદ્ધિસાગર ચેત્યા તે નર, જેને સદ્‌ગુરૂ માથે ગાફલ૦ ૫

૧૬૧. સુખદુઃખમાં સમભાવ ધરો !

અરે જીવ શીદને કલ્પના કરે— એ રાગ

સુખ દુઃખ આવે સહુના શીરે, ભોગવ્યા વિણુ તે કબુ નહીં ટળે
કોટી જન્મનાં કરેલ પાપો, અવસર આવે ફળે;
ધીરજ હારી શોક કરીને, શીદને જીવડા બળે? ભોગવ્યા૦ ૧
સીતા સતી દ્રોપદી દમયંતી, વનવાસે ટળવળે;
સુખ દુઃખ આવે એણીપેરે જેમ, ગજેન્દ્ર કોઠુ ગળે ભોગવ્યા૦ ૨
કલંક ચડયા છે મહાસતીઓને, નામે મંગલ કરે;
વીર પ્રભુના કાને ખીલા, ઠોકયા ગોપે ખરે ભોગવ્યા૦ ૩
જરાકુમારને હાથે મરણુ, થયું કૃષ્ણનું અરે;
દુઃખ આવ્યા જયા વીર પ્રભુને, સ્હાય કોઇ નહિ કરે. ભોગવ્યા૦ ૪
કર્યાં કર્મ ભોગવવા સહુને, કોઇનું કાંઇ ન વળે;
સુખદુઃખના સમભાવ ધરે તે, મુક્તિપુરીમા ભળે. ભોગવ્યા૦ ૫
ચંદ્ર સૂરજ જેવા પણ જગમા, દેખો નજરે ફરે;
બુદ્ધિસાગર સમતા સેવે, રાગદ્વેષ નહીં છળે; ભોગવ્યા૦ ૬
જ્ઞાનીને સુખડા, ઇણુ વિધ મળે.

૧૬૨. आत्मवत् सर्वभूतेषु—

પ્રભુ પ્રાણસે પ્યારા—એ રાગ.

અમોને તમો સમા જાતિ, અમોને તમો સમા જ્ઞાતિ;
પશુ પંખી અમારા છે, અમારા તે તમારા છે. ૧

વૈદું કરજો સૈદું કરજો, કરજો લટપટ ચાળા;
આડી અવળી બાથ ભરો પણ, ભરવા પડે ઉચાળા. જીવ૦ ૨

ડાહ્યા ડમરા પર પંચાતે, કરતા કજીયો વાતે;
કાળ કોળીએ કરશે લાતે, જાશો ખાણું ખાતે જીવ૦ ૩

ચોરી ચુગલી નિંદા કીધી, પરને ગાળો દીધી;
મનમાં પાપ કરીને ભારી, નરક વાટ ઝટ લીધી જીવ૦ ૪

પ્રભુ ભજનને ભૂલી ભોળા, દુનિયામાં કયાં દોડે ?
બુદ્ધિસાગર માયા પત્થરે, શીદને માથું ફોડે. જીવ૦ ૫

૧૬૫. પ્રભુવીરને ઉપાલંભ—

દ્વારકાના વાસીરે અવસરીએ વહેલા આવજોરેજી—એ રાગ

ત્રિશલાના જાયારે, મહાવીર સ્હાયે આવજોજી;
નહીં આવો તો, થાશે સેવકના બેહાલ. ત્રિશલાના૦

દૈત્ય મહા મોહરે, વ્હાલા લાગ્યો પીડવારે;
દીધા દુઃખ કહેતા ન આવે પાર. ત્રિશલાના૦ ૨

કામને અજ્ઞાને રે, સત્તા નિજ વાપરીજી;
બાળે ક્રોધ ઘડી ઘડી ક્ષણમાંહિ ત્રિશલાના૦ ૩

પન્થ પાખંડ જાળે રે વીંટાયો છું વેગથીજી;
વિકારવિષધરની લાગીરે ચોટ. ત્રિશલાના૦ ૪

પંચમકાળ પૂરોરે જમ જેવો બેશીયોજી;
સુઝે નહિ ધર્મમારગની રે રીત. ત્રિશલાના૦ ૫

ગાટો ચેલા તારોરે સેવક વ્હાલા માનીનેજી,
તારો તારો ભવસાગરની રે તીર ત્રિશલાના૦ ૬

ટળવળતો તારો વ્હાલારે સેવક હાથ ઝાલીનેજી, ત્રિશલાના૦ ૭
નહીં તારો તો જાશે તમારીરે લાજ
તુંહિ તુંહિ સમરૂંરે, દુઃખીના બેલી આવજોજી; ત્રિશલાના૦ ૮
શરણું એક બુદ્ધિસાગરને છે તુજ

૧૬૬. પ્રભુબાલના કાલાવાલા—

સોરઠ.

વ્હાલા ત્રિશલાનંદન વીર જિનેશ્વર તારજોરે, વ્હાલા૦
જાણી બાલ તમારો વિનતડી અવધારજો રે.
રમત ગમતમા જીવન ગાળું, કામક્રોધથી મનડું બાળું,
પ્યારા !! કરુણામૃત સિંચનથી તાપ નિવારજોરે. વ્હાલા૦ ૧
જ્ઞાનવિના હૃદયે અંધારૂં, કરશે તુમવિણુ કો અજવાળું ?
સુખકર !! કામક્રોધ વિષયાદિક અરિ સંહારજોરે. વ્હાલા૦ ૨
ભક્તિ કરૂં ભાવે શિરસાટે, વળવા મોક્ષનગરની વાટે;
બાળક કહીને મુજને તુજ અંકે બેસારજોરે વ્હાલા૦ ૩
પ્રેમવિના લૂખી છે ભક્તિ, ગુણ પર્યાય વિના જેમ વ્યક્તિ;
પ્રભુજી દીનદયાળુ અશુભવૃત્તિ સંહારજોરે. વ્હાલા૦ ૪
શરણુ એક તારૂં છે સાચું, નિશદિન તુજ ભક્તિથી રાચું;
પ્રેમે બુદ્ધિસાગર બાળકને ઉગારજોરે. વ્હાલા૦ ૫

૧૬૭. માનવભવનું સાફલ્ય—

નરહરી સાખી

માનવભવ પામી સુખકારી, ચેતી લ્યો નરનારી,
જન્મ જરાનાં દુઃખડા ટાળી, પામો મુક્તની તારી;

શુક્રવાર સોહામણો, સુણો સૂત્ર સિદ્ધાંત;
જાગે જ્યોતિ જ્ઞાનની, ટળે ભવની ભ્રાંત. સેવો૦ ૪

શૂરા થઈએ જ્ઞાનમાં, કીજે સંતનો સાથ;
શનિવારે શુભ આતમા, કીજે હીરો હાથ. સેવો૦ ૫

કહેણી રહેણી સમ રાખીએ, રટો આતમરાય;
બુદ્ધિસાગર ભાવથી, લાગો સદ્ગુરૂ પાય. સેવો૦ ૬

૧૭૫. સંતસમાગમની દુર્લભતા—

વૈદરભી વનમા વલવલે-એ રાગ.

સંત સમાગમ દોહિલો, દોષો સહુ હરનાર;
સુધરે ક્ષણમાં આતમા, પામો ભવજળ પાર. સંત૦ ૧

નાખો અગ્નિમા લાકડાં, તુરત ભસ્મ થનાર;
સત સમાગમ અગ્નિથી, બળે કર્મ વિકાર. સત૦ ૨

સ્વપ્નદશા કોટિ વર્ષની, જાગતા તે જાય;
ગંગાજળથી નિર્મળા, સદ્ગુરુનો ન્યાય. સંત૦ ૩

સ્પર્શમણિના સ્પર્શથી, લોહું સોનું થાય;
રવિ ઉદયે જગમા જુઓ, સર્વત્ર જણાય સંત૦ ૪

ઇઅળ ભમરી સંગથી, ભમરી પદપાય;
બુદ્ધિસાગર સદ્ગુરુ, સંગત મહિમાય સત૦ ૫

૧૭૬. જુવાનીની નશ્વરતા—

જાય છે જાય છે જાય છે રે, આ જુવાની ચાલી જાય છે,
પાણીનો રેલો જલવિ ભરની, આયુષ્ય ઘટતું થાય છે રે. આ જુ૦ ૧
આકાશે ચાલે વાદળીયો, જેવો વિજળી ચમકાર છે રે આ જુ૦ ૨

મનમાં જાણે થાઉં છું મોટો, ક્ષણે ક્ષણે ઘટી જાય છે રે. આ જુ૦ ૩
માયા રામા તન ધન દેખી, મૂરખ મન ભરમાય છે રે. આ જુ૦ ૪
ફૂલી ફરે ફૂલણજી પેઠે, રોફમાહિ રગડાય છે રે. આ જુ૦ ૫
મનમા જાણે મારા સરખો, જગમા નહીં જણાય છે રે. આ જુ૦ ૬
ખટપટ લટપટ ઝટપટ કરતો, જમના પાસ પકડાય છે રે. આ જુ૦ ૭
શુ લેઇ આવ્યો શુ લેઇ જઇશ, ફોગટ શુ ફુલાય છે રે. આ જુ૦ ૮
સદ્ગુરૂ દેવ ને ધર્મ ભજી લે, બુદ્ધિસાગર સુખ થાય છે રે આ જુ૦ ૯

૧૭૭. નમિ જિન સ્તવન—

પ્રભુજી તારો વ્હાલો લાગે છે દેદાર—એ રાગ.

નમિ જિન બાળ નમે છે આવાર, પાર ઉતારો, પાર ઉતારો;
તારો તારો તારો તારો તારો પ્રભુજી આવાર નમિ૦ ૧

લાખ ચોરાશી જીવાયોનિ, ભટક્યો વાર અનંત;
પુણ્યે માનવ ભવ પામીને, શરણ ગ્રહું ભગવંત;
પાર ઉતારો પાર ઉતારો તારો તારો તારો તારો તારો;
કરો જયકાર. નમિ૦ ૨

ચાર અતિશય જન્મથકી છે, ઓગણીશ દેવના કીધ;
કેવળ પ્રગટે એકાદશ સહુ, ચોત્રીશ અતિશય સિદ્ધ;
પાત્રીશ વાણી પાત્રીશ વાણી, સુણી સુણી સુણી સુણી સુણી,
લહો ભવપાર. નમિ૦ ૩

ચંદને ચાહે ચાતક પક્ષી, બાળ ચાહે જેમ માય;
તેમ પ્રભુ તુમ દર્શન ચાહું, બુદ્ધિ કહે જિનરાય;
બાળ ઉગારો, બાળ ઉગારો, પ્યારા પ્યારા પ્યારા પ્યારા પ્યારા.
નમિ જિનરાય—નમિ૦ ૪

દેહ દેરાસર દીપતું રે, તિર્ચ્છાલોક મઝાર,
લોકાકાશની પેઠે તેનો, વર્તે છે આકાર. પરમ૦ ૧

મતિ શ્રુત દો આંખે કરીરે, દેખો સમકિતદ્વાર;
પેસંતાં તેમાં ભલારે, દીઠા દેવ જયકાર. પરમ૦ ૨

બે કર જોડી વન્દીએરે, વીર્યોલ્લાસ વધંત;
અષ્ટપ્રકારી પૂજનારે, કીજે મન એકંત. પરમ૦ ૩

ઉપશમજલ કલશે ભરીરે, પ્રેમે કરો પખાલ;
અકિંચનતા કેશરેરે, પૂજો પરમ દયાલ. પરમ૦ ૪

ઉદાસીનતા પુષ્પનીરે, ગુંથી માળ ચઢાવ;
ધ્યાનધૂપ પ્રગટાવીનેરે, મોહ અશુચિ હઠાવ. પરમ૦ ૫

જ્ઞાનદીપ પ્રગટાવીએરે, થાય મહા ઉદ્યોત,
સંયમના શુદ્ધ સ્વસ્તિકેરે, મળશે જ્યોતિમાં જ્યોત પરમ૦ ૬

અનુભાવરસ નૈવેદ્યથીરે, પામો સુખ અનન્ત,
શિવફલ પૂજન સેવનારે, જે કરશે તે મહન્ત પરમ૦ ૭

રૂપારૂપી સ્વરૂપથીરે, શક્તિ અનન્ત સદાય;
વૈખરીથી ગાવતારે, વચન અગોચર થાય. પરમ૦ ૮

પુષ્ટાલમ્બન જાણીએરે, સૂત્ર સિદ્ધ સુખકાર;
જિનપ્રતિમા જિનવર સમીરે, પૂજો ધરી વ્યવહાર. પરમ૦ ૯

નિમિત્ત કારણ સેવતારે, ઉપાદાન શુદ્ધ થાય;
નય સાપેક્ષે માનતાંરે, જિનશાસન જયકાર. પરમ૦ ૧૦

ઉપાદાન સમરે યદારે, આપોઆપ પૂજાય,
બુદ્ધિસાગર સુખ લહેરે, ચિદાનન્દ ગુણ ગાય. પરમ૦ ૧૧

૧૮૧. અનુભવ રસમસ્તી—

લગા કલેજે છેદ ગુરોકારે—એ રાગ.

બયા અનુભવ રંગ મજીઠારે, ઉસકી બાત ન બચને થાતી.
વીરરસકો તો અનુભવ જાણે, મર્દ જનોંકી છાતી;
પતિવ્રતા પતિવ્રતકું જાણે, કુલટા લાતો ખાતી. બયા૦ ૧
શાબ્દિક તાર્કિક પણ્ડિત છાકે, તે પણ વહાં જઇ થાકે;
શબ્દતીર પણ જયા નહિ પહોચે, શબ્દ વેધીનાં તાકે. બયા૦ ૨
ગર્ભમાહિ તો બોલતાને, બહિર જન્મ તબ મૂગે;
મૂગે ખાયા ગોળ ઉસકી, બાત કણૂ ન કરેગે. બયા૦ ૩
જાણે સો તો કણૂ ન કહેવે, પરમારથ તસ સચ્ચા,
બુદ્ધિસાગર સદ્ગુરૂ સગે, પક્કા રહો નહિ કચ્ચા. બયા૦ ૪

૧૮૨. શૂરવીરની રીત—

લગા કલેજે છેદ ગુરોકારે—એ રાગ.

શૂરાની ગત શૂરા જાણેરે, ત્યાતો કાયર થરથર કપે,
કથા પુરાણી બહુ કરેરે, રામ રામ કીર જપે;
પરમારથ પામે સો પૂરા, નહીં વળે કછ ગપ્પે શૂરાની૦ ૧
અવિહડ પ્રીત પતિશુ લાગી, નિદ્રા ગઇ અબ જાગી,
જલ બીન મીન રહે ન વિખૂટું, રાગ ગયો પણ રાગી શૂરાની૦ ૨
કાન આખ બિન ન્યારો વાહલો, સુણતો ને વળી નિરખે;
રૂપાતીત પણ મ્હારો સ્વામી, રૂપારૂપીકુ પરખે શૂરાની૦ ૩
સહજ સ્વભાવે અનુભવ રસકું, પીતા ચઢે ખુમારી,
બુદ્ધિસાગર દૈઢ પ્રયત્ને, ઉતરે નહીં ઉતારી શૂરાની૦ ૪

માથા સાટે માલના જેવી, ગુરૂની ભક્તિ કરતા;
ગુરૂ વચનામૃત પીતા પ્રાણી, અનુભવ સુખડાં વરતા. ગુરૂ૦ ૩
કાલાદિક સામગ્રી પ્રમાણે, વર્તે સજ્જન પ્રાણી,
બુદ્ધિસાગર કોઇક વિરલા, સમજે ગુરૂની વાણી. ગુરૂ૦ ૪

૧૮૭. શુષ્ક જ્ઞાનની અફળતા—

લગા કલેજે છદ ગુરોકારે—એ રાગ.

શુષ્ક જ્ઞાન શું કરી શકે રે, પાખો બિન ચાલે નહીં પંખી.
તર્ક વિતર્કે વાદ વિવાદે, આપમતિને થાપે;
અંધારે અથડાણા લોકો, શુદ્ધ માર્ગ ઉત્થાપે. શુષ્ક૦ ૧
સત્ય માર્ગ નહીં દીલમા સૂઝે, ગુરૂવચને નહીં બૂઝે,
બ્રહ્મની વાતો કરતા મિથ્યા, પક્ષ તાણુમા ઝૂઝે શુષ્ક૦ ૨
પરમારથ હેતુ નવી જાણે, શંકાથી મન ડાળે,
ગહન વાતને સત્ય જ્ઞાનની, યુક્તિથી કોઇ તોળે. શુષ્ક૦ ૩
કરવાનું તે દીલ ન ધરતા, બ્રહ્મજ્ઞાની થઇ ફરતા;
જેમ સોનતથી જાણે જાડા, તેમ નિજને અનુસરતા શુષ્ક૦ ૪
પુરૂષાર્થને પ્રેમે પકડે, નહી પ્રીતિ જસ ઝઘડે;
બુદ્ધિશાગર આતમજ્ઞાને, પોતાનુ નહિં બગડે શુષ્ક૦ ૫

૧૮૮. ઘટમાં ગુરૂ દેખો !—

કોઇ ભેદ અગમરા બૂઝે, વાકું પગમપતા ઝટ સુજે રે હેજી—એ રાગ.

કોઇ નિજ ગુરૂ ઘટમા બૂઝે, વાકુ અગમ પંથ ઝટ સુજે રે, હેજી
સદ્ગુરૂ સાહેબ ઘટમા સમજી, લેના ઉસકા નામા;
અનામીકા કોઇ નામ ન જાણે, સો પરમાતમ રામા કોઇ૦ ૧

શ્વાસોશ્વાસે નિશદિન સમરો, રહી ધ્યાને ગુલતાના;
અલખ નિરંજન નિર્ભય દેશી, દેખે સો મસ્તાના. કોઈ૦ ૨

લગી સમાધી મિટ ગઇ વ્યાધિ, જ્યોતિજ્યોત મિલાયા;
રત્નત્રયીની સ્થિરતા છાજે, સોહિ ચરણ પરખાયા કોઇ૦ ૩

ગગન મણ્ડલમેં નોબત બાજે, જલધર નભજ્યુ ગાજે;
તાળી અનુભવરસકી લાગી, તખ્તે સ્વય બિરાજે કોઇ૦ ૪

સ્થિરતા સુખમા હસા ખેલે, ભેદ તસ વિરલા લેતા;
બુદ્ધિસાગર આતમઉજાગર, દશા લહે તે ચેત્યા. કોઈ૦ ૫

૧૮૯. અનાદિ આત્મતત્ત્વ—

આતમતત્ત્વ અનાદિરે, આદિ સિદ્ધપણે તસ પાઉં,
નિશ્ચયનયથી નિર્લેપી જે, આપ સ્વરૂપે ગાઉં આતમ૦ ૧

ભૂલ્યો પણ તં નહીં ભૂલાએ, ચિદાનન્દ પદવાસી,
કાશી જમના ગગા ઘટના, મિટ ગઇ ઉદાસી આતમ૦ ૨

જ્ઞાતા જ્ઞેયને જ્ઞાન ત્રિપુટી, નિત્યપણે પ્રકાશી;
જન્મ મરણની દુગ્પા મિટ ગઇ, દિલવર્તી ઉદાસી. આતમ૦ ૩

સહુ ઋદ્ધિ મુજ ઘટના ભાસી, કોને દઉં સાબાશી;
બુદ્ધિસાગર આતમજ્ઞાને, મિટે સકલ દુઃખ રાશી. આતમ૦ ૪

૧૯૦. શ્રી મહાવીર–દ્રવ્ય–ભાવ—

રૂપભ જીનેશ્વર પ્રીતમ માહરોરે–એ રાગ

અનન્ત અનુપમ ગુણમય મૂરતિજી, શ્રી મહાવીર જીણંદ,
સ્થાપન નિક્ષેપે ગુણ સ્મૃતિ હુવેજી, વાચક વાચ્ય સંબંધ અ૦ ૧

નિરાકાર નિ:સંગી નિર્મલ, આતમદેવકું વહા દીઠા;
સિદ્ધ સનાતન નિર્ભય દેશી, શુદ્ધ સ્વભાવે જે મીઠા. અજપા૦ ૩

અસંખ્યપ્રદેશી પરમાતમ સો, વીતરાગ જિનપદધારી;
પરમેષ્ઠિમય પરગટ પોતે, તખતેરે બેઠા નિર્ધારી. અજપા૦ ૪

નામ કહું તો નામ ન તેનું, બહુનામી જગમા ભાણું,
ગુરૂ સગસે અનુભવ પાયા, ઉઘડ્યું માયાનું તાણું. અજપા૦ ૫

લોકાલોકને ભાનુ ઝળકયો, નાઠુ માયા અંધારૂ,
બુદ્ધિસાગર જોતાં જાગી, શુ જગ મારું ને તારૂં. અજપા૦ ૬

૧૯૪. અંતરાત્મદર્શન—

વાણીયારે મન માયા લગાડી મત જાજોરે વેપારી—એ રાગ.

આતમારે મન પ્યારા લાગીરે તારી પ્રીતડી વૈરાગી,
યોગીરે યતિજન તને શોધતારે આતમારે,
ગુણો અવિનાશી કેરા ગાયરે વૈરાગી. આતમા૦ ૧

સાત નયોનું દુર્બીન કરીને આતમારે,
તેથી દેખુ રે ગુણધાગરે વૈરાગી આતમા૦ ૨

રત્ન ભરેલી પેટી પારખીરે આતમારે
તાળા ખોલીને ધન દેખિયું વૈરાગી. આતમા૦ ૩

ઊગ્યોરે સૂરજ જ્ઞાન દીપતોરે આતમારે,
માયા અંધારૂ નાઠુ દૂરરે વૈરાગી આતમા૦ ૪

જાગોરે યોગીજન મુનિ ચિત્ત ધરીરે આતમારે,
ત્યાગી સંન્યાસી ફકીરરે વૈરાગી. આતમા૦ ૫

માયાના સાગરને જાઓ તરીરે આતમારે;
બુદ્ધિસાગર પેલે પારરે વૈરાગી આતમા૦ ૬

૧૯૫. નિજાત્મદશા—

આતમ દષ્ટિ નિજગુણ સૃષ્ટિ પ્રગટી વિઘટી માયા;
છાયા ત્યાં તક સાથ રહે છે, જબતક વર્તે કાયા આતમ૦ ૧

આત્મા અસંખ્ય પ્રદેશી પોતે, આપોઆપ નિહાળું;
શુદ્ધ નિરંજન આતમરાયા, હું પોતાને તારૂં. આતમ૦ ૨

જ્યાં ત્યાં ગોતે પરને પોતે, ભવભ્રમણામાં ભૂલી;
સદ્‌ગુરૂ કરૂણાદષ્ટિ ધાતા, અંતર નેના ખુલી આતમ૦ ૩

પોતાનાથી ભિન્ન ન પોતે, ભિન્નાભિન્ન સ્વરૂપી;
રૂપારૂપી જ્ઞેયથી ન્યારો, છે સ્યાદ્વાદ સ્વરૂપી. આતમ૦ ૪

શ્રદ્ધા સત્ય સ્વરૂપે જાગી, નિજને પર પ્રકાશી;
ક્ષાયિક ભાવે શિવસુખદાયક, ઘટમાં ગંગા કાશી. આતમ૦ ૫

નિજ ઉપયોગે ગુણનો ભોગી, નહિ રાગી ને રોગી;
પરને પોતાનું માનીને, કેમ બનું હું શોગી આતમ૦ ૬

જાતિ ભાત ન લિંગ ન વેદી, શબ્દવડી હું ન્યારો,
બુદ્ધિસાગર અવસર પામી, જવી આતમને તારો આતમ૦ ૭

૧૯૬. શ્રી સિદ્ધાચળ દર્શનાનંદ—

આજ મારા નયણાં સફલ થયાં—એ રાગ

મનના મનોરથ સવી ફળ્યા, શ્રી સિદ્ધાચલ દેખી;
અનુભવાનંદ ઉછળ્યો, રૂપ શ્રદ્ધા ઉવેખી મન૦ ૧

સહજાનંદ શ્રીનાથજી, ચિદાનંદ વખાણ્યો;
અનુભવ શાશ્વતગિરિ, તીન ભુવનનો રાણો મન૦ ૨

મોટું પેટ કરીને સહુનું સાંભળે,
પરપુરૂષથી કદી કરે નહિં પ્યારજો. પતિવ્રતા૦ ૪

મીઠા વચને બોલે સહુની સાથમાં,
સુખદુઃખ વેળા રાખે મન સમભાવજો;
ઘરની વાતો દ્વેષી આગળ નહિં કરે,
ધર્મકર્મનો લેતી મનથી લ્હાવજો પતિવ્રતા૦ ૫

નહિ પંજેળે પતિને હઠીલી થઇ કદી,
સંકટ પડતા પતિને કરતી સ્હાયજો;
આફત આવે પતિને ધીરજ આપતી,
આળ ચઢે તેવા સ્થાને નહીં જાયજો. પતિવ્રતા૦ ૬

છેલછબીલી બની ઠણીને નહિં ફરે,
લોક વિરૂધ્ધ વર્તે નહી કંઠે પ્રાણજો;
લાજ ધરે મોટાની કુલવટ સાચવી,
પતિઆજ્ઞા લોપે નહિ સુખની ખાણજો. પતિવ્રતા૦ ૭

દેવગુરુને વંદન કરતી ભાવથી,
સદ્‌ગુરુ વચનામૃત સાંભળતાં પ્રેમજો;
શ્રદ્ધા વ્રતોને પ્રાણાતે પણ પાળતી,
સતીવ્રતોને સાચવતી ધરી નેમજો પતિવ્રતા૦ ૮

ધર્મ કર્મમાં સર્વ જનોને જોડતી,
બાલક બાલિકાને દેતી બોધજો;
ઠપકો પતિ આપે તે સર્વે સાંભળે,
પતિના સામું ન બોલે ન ધરે ક્રોધજો. પતિવ્રતા૦ ૯

સમતા રાખે સહુ કારજ કરતાં ઘકાં,
શિક્ષા દેતા કદી નહીં અકળાયજો;
ગભીરતા રાખી વર્તે સંસારમા,
એવી સ્ત્રીના સદ્ગુણ સર્વે ગાયજો. સાચી૦ ૫

દેવ ગુરૂ ને ધર્મે ભક્તિ જેહની,
સંકટ આવે પતિને કરતી સ્હાયજો,
બુદ્ધિસાગર શીયળ પાળે પ્રેમથી,
શીયળવતી નારી સુખડાં પાયજો. સાચી૦ ૬

૨૧૨. સ્ત્રી શિક્ષા—

ઓધવજી સંદેશો કહેજો શ્યામને—એ રાગ

શાણી સ્ત્રીને શિખામણ છે સહેજમાં,
શીયળ પાળો ધારી મનમાં ટેકજો,
શ્રદ્ધા ભક્તિ વિનય વિચારે ચાલવું,
સત્યાસત્યનો મનમા કરી વિવેકજો શાણી૦ ૧

દયાદાન આભૂષણને કંઠે ધરો,
ક્રોધાવેશે કદી ન દેવી ગાળજો;
દેરાણી જેઠાણી સાથે સંપીને,
વર્તે કરતી કુટુંબની સંભાળજો શાણી૦ ૨

કુ... [illegible] ફૂલી ધાય ન કાળકો.
પ્ર... [illegible] ... પાયજો,
... પણ નહિં કરે,
... કરીને ખાયજો શાણી૦ ૩

લોભી લક્ષ્મી લાલચથી ફૂટાય છે,
ત્યાગો જૂગટું સટ્ટાના વ્યાપારજો;
બુદ્ધિસાગર ન્યાયોપાર્જિત વિત્તથી,
ધર્મબુદ્ધિ પ્રગટે સુખ મંગલમાલજો. સટ્ટામાં૦ ૫

૨૧૧. સ્ત્રી ઉપદેશ ગુંહલી—

ઓધવજી સંદેશો કહેજો શ્યામને—એ રાગ.

સાચી શિક્ષા સમજો સ્ત્રીને સાનમાં,
કદી ન કરવો પ્રાણપતિ પર ક્રોધજો;
સાસુ સસરાની હિતશિક્ષા માનવી,
પુત્ર પુત્રીને દેવો સારો બોધજો સાચી૦ ૧

પતિ આજ્ઞાએ કારજ સહુ ઘરનું કરે,
નિંદા લવરી કરે નહીં તલભારજો;
અન્ય પુરૂષની સાથે પ્રીતિ નહીં કરે,
પતિ દુઃખે દુઃખી શીલવતી નારજો. સાચી૦ ૨

પુત્ર પુત્રીઓ પ્રેમે પ્રગઢા પાળતી,
લડે નહીં ઘરમા કોઇની સાથજો;
નિત્યનિયમથી ધર્મ કર્મ કરતી રહે,
સમરે પ્રેમે ત્રણભુવનના નાથજો. સાચી૦ ૩

લજ્જત રાખી બોલે મોટા આગળે,
લક્ષ્મી જેવી તેવું ભોજન ખાયજો;
લોક વિરુદ્ધ વર્તે નહિ કુળવટ સાચવી,
કુલટા સ્ત્રીની સાથે કયાય ન જાયજો. સાચી૦ ૪

માત કહે તે કાર્યો કરતી પ્રેમથી,
માતપિતાને કરવા નિત્ય પ્રણામજો;
નવરા આથડવું નહિ પરના આગણે,
દેવગુરૂના સ્મરવા પ્રાતઃ નામજો. શિક્ષા૦ ૩

રોવુ રીસાવુ નહિ હઠથી દીકરી,
જૂઠ ચોરી ચુગલીનો કરજે ત્યાગજો,
વિદ્યાની ખામીથી મૂર્ખી સહુ કહે,
કરજે સાચો ધર્મ માર્ગથી રાગજો શિક્ષા૦ ૪

નિત્ય નિયમથી સહુ કૃત્યો કરવા થકી,
હળવે હળવે કાર્યો સર્વે થાયજો,
બુદ્ધિસાગર શિક્ષા માની માનતા,
દીકરી ગુણીયલ કુટુંબમાંહી ગણાયજો. શિક્ષા૦ ૫

૨૧૪. પુત્ર ઉપદેશ—

ઓધવજી સંદેશો કહેજો શ્યામને—એ રાગ

પિતા કહે છે પ્રેમપાત્ર નિજ પુત્રને,
કરજોડીને સાંભળજે મુજ પુત્રજો,
કુળદીપક થાવાને વિદ્યા શિખવી,
ધર્મ નીતિથી સાચવવું ઘરસૂત્રજો. પિતા૦

વિદ્યા ધન મોટામાં મોટું જાણજે,
એકચિત્તથી કર તેનો અભ્યાસજો;
નિંદા લબરી જૂઠું ચોરી ત્યાગજે,
ગુરુવચનનો મન નહિ વિશ્વાસજો. પિ૦

માત કહે તે કાર્યો કરતી પ્રેમથી,
માતપિતાને કરવા નિત્ય પ્રણામજો;
નવરા આથડવું નહિ પરના આગણે,
દેવગુરૂના સ્મરવા પ્રાતઃ નામજો.

શિક્ષા૦ ૩

રોવુ રીસાવું નહિ હઠથી દીકરી,
જૂઠ ચોરી ચુગલીનો કરજે ત્યાગજો,
વિદ્યાની ખામીથી મૂર્ખી સહુ કહે,
કરજે સાચો ધર્મ માર્ગથી રાગજો

શિક્ષા૦ ૪

નિત્ય નિયમથી સહુ કૃત્યો કરવા થકી,
હળવે હળવે કાર્યો સર્વે થાયજો,
બુદ્ધિસાગર શિક્ષા માની માનતા,
દીકરી ગુણીયલ કુટુંબમાંહી ગણાયજો.

શિક્ષા૦ ૫

૨૧૪. પુત્ર ઉપદેશ—

ઓધવજી સંદેશો કહેજો શ્યામને–એ રાગ

પિતા કહે છે પ્રેમપાત્ર નિજ પુત્રને,
કરજોડીને સાંભળજે સુજ્ઞ પુત્રજો,
કુળદીપક થાવાને વિદ્યા શિખવી,
ધર્મ નીતિથી સાચવવું ઘરસૂત્રજો.

પિતા૦ ૧

વિદ્યા ધન મોટામાં મોટું જાણજે,
એકચિત્તથી કર તેનો અભ્યાસજો;
નિંદા લવરી લુચ્ચાઈ ચોરી ત્યાગજે,
ગુરુવચનનો મન મંદિર વિશ્વાસજો.

પિતા૦ ૨

વિનયવંતને સર્વે વિદ્યા સાંપડે,
વિનયમંત્રથી વૈરી વશમાં થાયજો;
માતપિતાને પાયે લાગો પ્રેમથી,
હરખી વ્હેલો શાળામાંહિ જાયજો   પિતા૦ ૩

હળીમળીને ચાલો સહુની સાથમાં,
કદી ન કરવો ક્રોધે કડવો કલેશજો;
સગાંસબંધી મિત્રાદિકની સાથમાં,
રીસાવાની ટેવ ન રાખો લેશજો.   પિતા૦ ૪

રમત ગમતમાં ફોગટ કાળ ન ગાળવો,
માતપિતાને પૂછી કરવાં કામજો;
સડેલ શઠ મિત્રોની સોબત ત્યાગવી,
વાપરવાં નહિ આડે રસ્તે દામજો.   પિતા૦ ૫

ભવિષ્યની આબાદી દોલત દેશની,
દેશોન્નતિ નિશાની બાલક ધારજો;
શ્રદ્ધાભક્તિ દેવ ગુરૂમાં રાખજે,
ધરજે દીલમાં ધર્મકર્મનો પ્યારજો.   પિતા૦ ૬

ધર્મસૂત્ર સદ્ગુરૂની પાસે શીખવાં,
દેવગુરૂને વદન કર ત્રિકાલજો;
કેફી વસ્તુ દારૂ માંસ નિવારજે,
સહુની સાથે કરજે સાચુ વ્હાલજો.   પિતા૦ ૭

ક્રોધ માન માયાને ત્યાગી ટેકથી,
સદ્ગુણ માલા કંઠે ધરજે સારજો;

બુદ્ધિસાગર એવા પુત્રો પાકશે,
ત્યારે થાશે દેશોદય ઉદ્ધારજો. પિતા૦ ૮

૨૧૫. શિષ્યોપદેશ.

ઓધવજી સંદેશો કહેજો શ્યામને—એ રાગ.

સદ્ગુરૂ દે છે શિક્ષા શિષ્યપ્રતિ મુદા,
નમન કરીને શિષ્ય સુણે કર જોડજો;
સર્વ જીવની સાથે મૈત્રી ભાવના,
કદી ન કરજે યોગી યતિથી હોડજો. સદ્ગુરૂ૦ ૧

સુખદુઃખમાં સમભાવે આયુષ્ય ગાળવું,
વંદક નિંદક ઉપર સરખો ભાવજો;
સદુપદેશે હિત સઘળાનું સાધવું,
ભવજલધિને તરવા શરીર નાવજો. સદ્ગુરૂ૦ ૨

શુદ્ધ ક્રિયાથી કર્મ કલંક વિદારવું,
દોષીના દોષોનો કરવો નાશજો;
પ્રાણાંતે પણ જીવદયાને પાળજો,
સત્યદેવ સદ્ધર્મે પર વિશ્વાસજો. સદ્ગુરૂ૦ ૩

ગુરૂની આજ્ઞા કોઈ ન કાળે ત્યાગવી,
સત્ય ધર્મમાં કદી ન કરવો સ્વાર્થજો;
વિનયવંત શિષ્યો સદ્ગુણને પામતા,
પડે પિણ્ડ પણ છોડો નહિ પરમાર્થજો સદ્ગુરૂ૦ ૪

મહાવ્રતોને ધારી આતમધ્યાનના,
રમજો જેથી જાગે અંતરે ચેતજો,

કુટુંબજનમાં ક્લેશ વધારે નહિં કદી,
ભાઈ બેનની સાથે રાખે પ્રેમજો;
શ્રદ્ધા વ્રતોને પ્રાણાંતે ત્યાગે નહીં,
દયાધર્મથી જીવ પર રાખે રહેમજો. સમજુ૦ ૮

મિથ્યા કુગુરૂ સંગત વારે જ્ઞાનથી,
જિનેશ્વરના ધર્મે વર્તે ટેકજો;
લોકવિરુદ્ધ ને દેશવિરુદ્ધને ત્યાગતો,
જૈન ધર્મથી વિરૂદ્ધ ત્યાગ વિવેકજો સમજુ૦ ૯

ક્રોધ કરીને પ્રમદા માર ન મારતો,
પ્રાણાતે પણ વેશ્યા ઘર નવી જાયજો;
મુનિનિંદા અપમાન કરે નહિં સ્વપ્નમાં,
સાધુજનને દાન કરે હિત લાયજો સમજુ૦ ૧૦

આય પ્રમાણે ખર્ચ કરે વિવેકથી,
કુટુંબજનને કરે નીતિનો બોધજો;
જુગટુ સટ્ટા ચોરી વ્યસનો ત્યાગતો
ઘડી ઘડીમાં કરે નહિં તે ક્રોધજો. સમજુ૦ ૧૧

ધર્મ કરંતા વારે નહીં કોઈને કદી,
સુખ દુઃખમાં સમભાવે કાઢે કાળજો;
નિંદા લવરી અદેખાઈને ત્યાગતો,
સજ્જન મુખથી કબુ ન દેવે ગાળજો સમજુ૦ ૧૨

ધર્મોદ્ધારક દીનદયાળુ થાવશો,
જિનશ્રદ્ધાળુ જીવદયાપ્રતિપાલજો;

બુદ્ધિસાગર પુરૂષો એવા પાકશે,
ત્યારે થાશે જૈનધર્મ ઉદ્ધારજો   સમજુ૦ ૧૩

૨૧૭. લક્ષાધિપતીઓને શિખ.

ઓધવજી સદેશો કહેજો સ્યામને-એ રાગ.

હે લક્ષાધિપતિઓ ! ! જગમાં શું રહ્યા,
કયાથી આવ્યા ને કયા જાશો ભવ્યજો,
શાને માટે જન્મ્યા જાગી જાણજો,
સમજો જગમા શું મારૂં કર્તવ્યજો.   હે લક્ષા૦ ૧

શેર એક દારૂનો નીશો જે ચઢે,
લાખોપતિને તેવુ ધનનુ ઘેનજો,
ધનના ઘેને ઘેરાયો અહંકારમા;
એવા નરને પડે ન કયાયે ચેનજો.   હે લક્ષા૦ ૨

ગાડી વાડી લાડીમા ગુલતાન છે,
પૈસા માટે પાપ કરે નિશદિનજો,
વૈરાગ્યે મન વાળે કયાથી પ્રાણિયા,
વ્યાપાર વર્તે વૃત્તિ લયલીનજો.   હે લક્ષા૦ ૩

પૈસાને પરમેશ્વર માન્યો પ્રેમથી,
સ્ત્રીને ગુરૂ માનીને કરતા સેવજો,
રાત દિવસ લોભે વ્યાપો લાલચુ,
એકચિત્તમાં નેપે નહિ જિન દેવજો   હે લક્ષા૦ ૪

ધર્મ કર્મને મૂકી [illegible] છો,
[illegible]

દુનિયાના માને શું મન મલકાઓ છો,
લક્ષ્મી દેખી શું થાઓ ગુલતાનજો. હુ લક્ષા૦ ૫

હાય હાય કરતો જાઈશ તું એકલો;
મરતાં લક્ષ્મી સાથ ન આવે જાણજો,
લક્ષ્મી લાલચે લોભ વધે છે સોગણો,
સત્યાસત્યનો દિલમા કરો વિવેકજો. હુ લક્ષા૦ ૬

લક્ષાધિપતિયોની રાખો થઇ ઘણી,
મરતા તેવી રાખ તમારી થાયજો;
ચેતો ચેતો વૈરાગી થઇ જાગજો,
નહિ ચેતે તે પાછળથી પસ્તાયજો. હુ લક્ષા૦ ૭

સાત ક્ષેત્રમાં લક્ષ્મી ખર્ચો ભાવથી,
દુ:ખી જનનો કરજો ઝટ ઉદ્ધારજો;
ફોગટ લક્ષ્મી ખર્ચો નહી કુક્ષેત્રમાં,
પુણ્ય કર્યાથી સ્વર્ગાદિક અવતારજો હુ લક્ષા૦ ૮

શરીર ન્યારૂં લક્ષ્મી ન્યારી છેવટે,
એકીલો જીવ જાશે કોઇ ન સાથજો;
ધર્મ કરી લ્યો સદ્ગુરૂગમથી પ્રાણિયા,
સેવો શ્રી કરૂણાલુ જિનવર નાથજો. હુ લક્ષા૦ ૯

ધર્મ કરંતા સુખિયા જગમા પ્રાણિયા,
શાશ્વત સુખડાં સહેજે તેથી થાયજો;
બુદ્ધિસાગર અવસર પામી ચેતજો,
પામો જલ્દી શિવ સંપદ સુખદાયજો. હુ લક્ષા૦ ૧૦

૨૧૮. સુશ્રાવકને શિખ.

ઓધવજી સંદેશો કહેજો શ્યામને–એ રાગ.

શ્રદ્ધાળુ ગંભીર શ્રાવક સુજાણ છે,
જીવદયાળુ ઘટમાં સત્ય વિવેકજો;
નવતત્ત્વાદિક સમજે ગુરૂગમ જ્ઞાનથી,
જૈન ધર્મની સાચી મનમાં ટેકજો. શ્રદ્ધાળુ૦ ૧

જિનવર દેવ શ્રદ્ધાથી તેહ સનાથ છે,
અનાથ નહી કહેવાતો શ્રાવક પુત્રજો;
કરે કમાણી ન્યાયથકી સંસારમા,
સંતોષે ચલવે છે ઘરનુ સૂત્રજો. શ્રદ્ધાળુ૦ ૨

મુનિની પાસે વ્રત ઉચ્ચરતો ભાવથી,
લીધા તેવા વ્રત પાળે ગુણવાનજો,
સાધર્મીને દેખી મન હરખાય છે,
ભક્તિથી કરતો તેનુ બહુ માનજો. શ્રદ્ધાળુ૦ ૩

સત્ય મનોરથ મુનિવ્રતનો દીલમા કરે,
કારાગૃહ સમ જાણે આ સંસારજો,
જળપંકજવત્ ન્યારો અન્તરથી રહે,
સંકટ પડતા પરે ધીરજ નિર્ધારજો. શ્રદ્ધાળુ૦ ૪

સદ્ગુરૂ મુનિને [illegible] દે ભાવથી,
ગુરૂ સાક્ષીએ કરતો પ્રત્યાખ્યાનજો,
પ્રતિક્રમણ સામાયિક વન્દનને કરે,
ધર્મ કર્મના નિશદિન રહે ગુલતાનજો. શ્રદ્ધાળુ૦ ૫

નિન્દા લવરી ચાડી ચુગલી નહિં કરે,
પ્રિય સાચથી બોલે રૂડા બોલજો;
ચોરી જારી પાપ કરે નહિં સ્વપ્નમા,
જૈનધર્મનો વધતો તેથી તોલજો. શ્રદ્ધાળુ૦ ૬

જિનપ્રતિમાને પૂજે જે બહુમાનથી,
જિનની આણાએ સમજે જે ધર્મજો;
દાન દિયે મુનિવરને જે બહુમાનથી,
એવા શ્રાવક પામે શાશ્વત શર્મજો. શ્રદ્ધાળુ૦ ૭

તન મન ધનથી જૈનધર્મ વૃદ્ધિ કરે,
ગુરૂ આણાએ ધર્મ કરે સુખકારજો;
બુદ્ધિસાગર શ્રાવક એવા પાકશે,
ત્યારે થાશે જૈન ધર્મ ઉદ્ધારજો. શ્રદ્ધાળુ૦ ૮

૨૧૯. વિશ્વને હિતશિક્ષા—

ગગ ઉપરનો.

સાચી શિક્ષા સાંભળજો સહુ વ્હાલથી,
નય વ્યવહારે ધરવો ધર્માચારજો,
પુષ્ટાલમ્બન નિમિત્ત કારણ સેવના,
એહિજ વ્યવહારે વર્તો સુખકારજો સાચી૦ ૧

દેવગુરૂની શ્રદ્ધા સાચી રાખજો,
ધર્મક્રિયાથી નિર્મલ આતમ થાય જો;
સમજો હેતુ ધર્મક્રિયાના ભાવથી,
ધર્મક્રિયામા અભ્યાસી સુખ પાયજો સાચી૦ ૨

ઉદ્યમની બળવત્તા સાચી માનજો,
ધર્મોદ્યમથી સફલ હુવે અવતારજો;
શૂરા થઈને આળસ ત્યાગી સેવીએ,
જૈન ધર્મને ભવોભવમાં સુખકારજો   સાચી૦ ૩

ભવિતવ્યતા માનંતા એકાતથી,
આલસનુ ઘર બનશો સજ્જન ભવ્યજો,
એવો ઉદ્યમ સમજો સાચા તત્ત્વને,
સંયમ પુષ્ટિકર સુંદર કર્તવ્યજો.   સાચી૦ ૪

નય વ્યવહારે શાસન ચાલે વીરનું,
જંગમ તીર્થોન્નતિ વ્યવહારે ધાયજો;
શ્રાવક સાધુ ધર્મે પણ વ્યવહાર છે,
પૂજા ભક્તિ વ્યવહારે જયકારજો.   સાચી૦ ૫

નિશ્ચયનય જાણી તજતાં વ્યવહારને,
હોવે તેથી ધર્મ તીર્થ ઉચ્છેદજો,
બે નય માને ધર્મ કર્મની સાધના,
નાસે તેથી જન્મ મરણના ખેદજો   સાચી૦ ૬

દુનિયાના વ્યવહારે વર્તો ભાવથી,
પર્તપણા વ્યવહારે શંકા થાય જો,
તે પણ મિથ્યા ભ્રમણા જાણી ત્યાગજો,
નય વ્યવહારે જીવનમાં સુખ પામજો.   સાચી૦ ૭

બે નય માને અનેકાન્તની સિદ્ધિ છે,
સાનહિયદા સાશ્વત મુક્તિ થાય જો,
બુદ્ધિસાગર અંતરના અધ્યાત્મથી,
વર્તો બાહિર વ્યવહારે હિત લાવજો.   સાચી૦ ૮

૨૨૦. મૂર્ખનો સંગ તજો—

(હવે મને હરિનામશું નેહ લાગ્યો—એ રાગ)

મૂરખની સંગત કોઇ ન કાળમાં છે સારી, આપે છે દુઃખ બહુ ભારીરે મૂ

વિનય વિવેકનું નામ ન જાણે ને, પોતાનો મત તાણે,
બોલ બોલ્યામાં કંઈ ન સમજે, કાળ ઉચિત નહિં જાણેરે. મૂ૦ ૧

મૂરખ મિત્ર ન સારો જગતમાં, અરિ પણ પંડિત સારો,
મૂર્ખ શીરે કંઇ શૃંગ ન ઊગે, લક્ષણથી અવધારોરે. મૂ૦ ૨

વાત વાતમાં લડી પડે ને, વિવાહની વરશી તે વાળે,
ભોળપણથી ભરમાવ્યો ભમે છે, ચાલે છે ડાકડમાલેરે. મૂ૦ ૩

રીસાય છે રૂડી વાત કહ્યાથી તે, પોતાની હઠ નહીં મૂકે,
માને પોતાને ડહાપણ દરિયો, પર ઉપકારમા તે ભૂકેરે મૂ૦ ૪

દારૂપાની વળી સડેલ શઠ ને, મૂઢની સંગત ખોટી;
ખરા રંગમાં તે ભંગ જ પાડે, સમજો વાત આ મોટીરે મૂ૦ ૫

વન વગડામાં વાસ જ સારો, મૂઢની સંગત વારો,
બુદ્ધિસાગર અવસર જ્ઞાતા, જ્ઞાની સંગત દિલ ધારોરે. મૂ૦ ૬

૨૨૧. ચેતનને સુમાર્ગદર્શન—

(હવે મને—એ રાગ)

અવળો શું ચાલે, ચેતન ચાલ શિવ વાટે,
તત્ત્વ સ્વરૂપ હિત માટેરે. અવળો૦

માયાના પાશમાં નિશદિન ઝૂર્યો, વાણી વાણુતરને શું ભૂર્યો,
માયાના ફંદમાહે ફોગટ ફૂર્યો, ડહાપણના દરિયે ડૂર્યોરે. અ૦ ૧

અલખ સ્વરૂપી આતમરાયા, નિર્ભયદેશે સુહાયા;
બુદ્ધિસાગર એનુ ધ્યાન ધર્યાથી, અનુભવ આનંદ પાયારે. અ૦ ૨

૨૨૨. કાયાનો કાચો મહેલ—

(હવે મને હરિ નામ શું નેહ લાગ્યો—એ રાગ)

મુસાફર જીવડા કાયાનો મહેલ નથી ત્હારો,
માને શું મોહે મારો મારો રે. મુસાફર૦

લાખ ચોરાશીના દેહ ધર્યા બહુ, જન્મ જરા દુઃખ પામી,
માનવભવ એળે ચૂક ન જીવડા, ભજી લેને અંતર્યામીરે. મુ૦ ૧

કાયા મહેલનો કાંઇ ન ભરૂસો, જળમા ઉઠેલ પરપોટો,
અમૂલ્ય શ્વાસોચ્છ્વાસ વહે છે, મૂરખ વાળ નહિ ગોટોરે. મુ૦ ૨

કળા કરો કાયા માટે કરોડ પણ, તારી ન થાય કોઇ કાળે,
ચેતો ચેતનજી સનજી સ્વરૂપ નિજ, પડ નહિ મોહની,
જંજાળે રે મુ૦ ૩

આ રે જગતમાં જન્મીને જીવડા—શું ? ધર્મ સાધન તેં તો સાધ્યું;
ક્ષણ ક્ષણમા ભૂલ્યો ભાન પોતાનું, મનડું તો મોહમાહિ વાધ્યું રે મુ૦૪

વિષયવાસનાના અવળા જે પાટો, ઓળગી ચાલજેરે વાટે;
બુદ્ધિસાગર ખેડ નથી ખાગકનો, શિવસુખ છે શિર સાટેરે મુ૦ ૫

૨૨૩. સાચા શૂરા કેવા હોય ?

(હવે મને હરિ નામશું નેહ લાગ્યો—એ રાગ)

દુનિયાના પંથે શૂરવીર ચાલશે રે જાગી,
કાયર તો [illegible] [illegible] [illegible]. દુનિ૦

સુભટનો વેષ પહેરી પવૈયો સૈન્યમાં, ચાલે છે સહુનીરે આગે,
ખરાખરીનો જ્યારે ખેલ આવે ત્યારે, મૂઠી વાળીને ભીરૂ ભાગેરે. મુ૦૧

સતીનો ડોળ ભલે રાખે સહુ નારીયો, પતિની સાથ સતી બળશે;
ભક્તિયું તેલ માગે ખરા ભક્તની, ભક્તિ તે ભવમાંહિ ભળશેરે. મુ૦૨

દીક્ષા લેઈને સાધુ કહાવે સહુ, વિરલા સંયમથી વિચરતા;
કરી કેશરીયા મોહ હઠાવી, જયલક્ષ્મી કેઈ વરતા રે મુ૦ ૩

લીધો વેષ તેને ભજવે છે શૂર જન, બોલે છે બોલ તેવો પાળે;
બુદ્ધિસાગર શૂરવીર સાધુઓ, શિવપુર સન્મુખ ચાલે રે મુ૦ ૪

૨૨૪. સુરતાનાં આસ્વાદન—

(હવે મને હરિ નામ શુ નેહ લાગ્યો–એ રાગ)

પરખ્યાથી પ્રેમી સુરતામા લય મને લાગી,
મિથ્યા ભ્રમણા ગઇ ભાગીરે પરખ્ય

કડવા લીંબડાના જેવુ છે ભવસુખ, તેમા ન ચેન કાંઈ પડતું;
વિષયવાસના વિષ સમ જાણી, મનડુ ઉદાસી ન ઠરતું રે. પ૦

ભોગો તે રોગ જેવા કુટુમ્બ જાળ જેવુ, દેખું ન કયાંઇ સુખ આશા
મારૂં તારૂં આ સારૂં ને ખોટું, એ સહુ દુનિયા તમાસારે. પ૦

ઝળહળ ઝગમગ જ્ઞાનની જ્યોતિ, સત્ય આતમને પ્રકાશે,
ઝરમર ઝરમર ઉપશમ ધારા, મનડું અન્યત્ર ન વાસેરે પ૦ ૩

અનુભવ અમૃતસ્વાદ લહીને, આત્મ સ્વભાવમારે રહીશું,
બુદ્ધિસાગર અવિહડ રટનાથી, ધ્યાન સમાધિ લય લહીશુ રે. પ૦ ૪

अध्यात्म भजन पद संग्रह.



खंड २ जो.

૨૩૪. મ્હારૂં સ્વરૂપ—

(રાગ—મનસા માનલીનીયે જીવો ગોરખ.)

નિર્ભય બ્રહ્મરૂપી તું સદા છે, શોધતો કયાં અન્યમાં;
ઉપાદાન કારણથકી, નહિ ભિન્ન તું કો કાલમાં,
શુદ્ધ મારગ ઓળખીને, ઉલટ મારગ મા ચાલ. નિર્ભય૦ ૧

ઝાઝવાના પાણી જેવી, જૂઠી માયાજાલજી;
ભ્રમણામાં ભૂલી વાલમ, ધૂળી શિર મા ડાલ નિર્ભય૦ ૨

સુરજ વાદળ વીંટીયો પણ, કદી નહી બદલાયજી;
ધ્યાન વાયુ યોગે તારૂં, શુદ્ધ રૂપ પ્રગટાય. નિર્ભય૦ ૩

આપોઆપ વિચાર હંસા, સોડહં સોડહં ધ્યાનજી,
બુદ્ધિસાગર આતમા સો, શુદ્ધ બુદ્ધ ભગવાન. નિર્ભય૦ ૪

૨૩૫. સમરસ અમૃત—

(રાગ—અવધુ એસો જ્ઞાન વિચારી)

સાધુભાઇ સમરસ અમૃત પીવો, જન્મ જરા મરણાદિક વારી
સાદિઅનત સ્થિતિ જીવો. સાધુ૦ ૧

આસ્તિ નાસ્તિ સ્યાદ્વાદ સ્વરૂપી, અનેકાંત મત સમજો,
ગુનપર્યાય સ્વરૂપ વિચારી આતમ દ્રવ્યે રમજો. સાધુ૦ ૨

પંચ દ્રવ્યથી ભિન્ન વિચારી, પર ઉપયોગ ન દીજે,
પક્ષાષ્ટક સોડહં પદ સમરો, અનહદ આનંદ લીજે. સાધુ૦ ૩

ચાર નિક્ષેપે ચરણુ વિચારી, નિજપદ સ્થિરતા કીજે,
બાય ચચલતા પરગ્રાહકતા, તેથી દૂર રહીજે સાધુ૦ ૪

પંકજ જલથી રહે જેમ ન્યારૂં, તેમ પર પુદ્દગલ ન્યારો,
અંતરદષ્ટિ સદા સ્થિરતામા, સો પરમાતમ પ્યારો. સાધુ૦ ૫

નિર્મલ નિશ્ચય નિત્ય નિયામક, સાત નયે જેહ જાણે,
બુદ્ધિસાગર આતમરાયા, સો ચઢતે ગુણઠાણે સાધુ૦ ૬

૨૩૬. ભ્રમણે ભૂલ્યો અજ્ઞાની—

રાગ–ધોળના પદનો

અજ્ઞાની અધડાણારે, સત્ય નવી સમજી શકે,
પોતાની હઠ પકડીરે, મન માને તેવું બકે અજ્ઞાની૦

સત્ય ન શોધ્યુ અતર નયણે, જડમા માને ધર્મ,
ધર્મનર્મનો ખ્યાલ કરે નહિ, બાધે ઊલટા કર્મ,
અધારૂં અજવાળેરે, કહો કેમ ટકી શકે? અજ્ઞાની૦ ૧

જાનડીયા જેમ વર વિના તેમ, જ્ઞાની વિના અંધ,
નાક વિના જેમ મુખ ન શોભે, અનુભવી વિણ તેમ પંથ;
દીપ રૂપ જેવોરે, આગેથી જોતા ચકચકે અજ્ઞાની૦ ૨

આપમતિ ત્યા યુક્તિ ખેંચી, મતની તાણાતાણ,
કેવળ કને પધારે સોટો, સાત નયોના જાણ,
જ્ઞાનીની આગળ આવીરે, કહો કેમ કરી ટકે? અજ્ઞાની૦ ૩

[illegible] કહેતા ભૂલ ન જાણે, [illegible],
[illegible],
[illegible] અજ્ઞાની૦

૨૩૭. સંત જીવન—

(આપ સ્વભાવમારે, અબધુ સદા મગનમેં રહેના—એ રાગ)

આતમ ધ્યાનથીરે, સન્તો સદા સ્વરૂપે રહેવું,
કર્માધીન છે સો સંસારી, કોઇને કાંઇ ન કહેવું. આતમ૦ ૧

કોઈ જન નાચે કોઇ જન રૂવે, કોઇ જન યુદ્ધ કરંતા;
કોઇ જન જન્મે કોઇ જન ખેલે, દેશાટન કોઈ ફરતા. આતમ૦ ૨

વેલુ પીલી તેલની આશા, મૂરખ જન મન રાખે;
બાવળીયો વાવીને આંબા, કેરી રસ શું ચાખે. આતમ૦ ૩

વેરી ઉપર વેર ન કીજે, રાગીથી નહિ રાગ;
સમભાવે સૌ જનને નીરખે, તો શિવસુખનો લાગ. આતમ૦ ૪

જૂઠી જગની પુદ્ગલ બાજી, ત્યાં શું રહીએ રાજી;
તન ધન યોવન સાથ ન આવે, આવે ન માતપિતાજી. આતમ૦ ૫

લક્ષ્મી સત્તાથી શુ થાવે, મનમાં જો જો વિચારી;
એક દિન ઊડી જાવુ અન્તે, દુનિયા સો વિસારી. આતમ૦ ૬

ભલા ભલા પણ ઊઠી ચાલ્યા, જોને કેઇક ચાલે;
બીલાડીની દોટે ચડીયો, ઊંદરડો શું મ્હાલે? આતમ૦ ૭

કાળઝપાટો સૌને વાગે, યોગિજન જગ જાગે;
બુદ્ધિસાગર આતમઅર્થી, રહેજો સો વૈરાગ્યે. આતમ૦

૨૩૮. અનામી અલખ પરમાત્મા—

(શામળીઆની પાઘડી–એ રાગ.)

તારૂં નામ ન રૂપ લખાય, અલખ પરમાતમા,
તારી શક્તિ અનંત કહાય. અલખ૦

જ્ઞાનાદિક તુજ સંપદારે, કર્માચ્છાદિત થાય;
પરભાવ રંગી ચેતનારે, કર્મ ગ્રહણુકો ઉપાય. અલખ૦ ૧

ધૂનાડા બાચક ભરેરે, હાથ કશું નહિ આય,
પર પોતાનુ માનતારે, જન્મ મરણ દુઃખ પાય. અલખ૦ ૨

દેખે તે તારૂં નહીરે, તાહરૂં તાહરી પાસ;
પોતાને રંક માનીનેરે, કયા કર તું પર આશ? અલખ૦ ૩

કાલ અનંતો ઉંઘીયોરે, મિથ્યા રયણી મઝાર,
સદ્‌ગુરૂએ ઉઠાડીયોરે, સફલ ભયો અવતાર. અલખ૦ ૪

વિનય ભક્તિ કરુણા થકીરે, ભાવ અપૂર્વ ગ્રહાય,
ચિદ્દઘન સંગે ખેલતારે, કર્મ કલંક કટાય અલખ૦ ૫

શુદ્ધસ્વરૂપી ચેતનારે, દો ભેદે વર્તાય;
દેહાતીત થઇ આતમારે, જ્યોતિ જ્યોત મિલાય. અલખ૦ ૬

શુદ્ધ સ્વરૂપે આતમારે, સત્તાએ સહુ હોય,
બુદ્ધિસાગર ધ્યાવતારે, આપ સ્વરૂપે જોય અલખ૦ ૭

૨૭૯. ચિદ્દઘન ચેતન દશા—

(રાગ હોરી)

રંગ મચ્યો જિન દરબારમેં, આઓ ખેલીએ હોરી—મે રંગ

[illegible] તું [illegible], તું તો [illegible];
વસ્તુ સ્વરૂપે [illegible], આતમ ધ્યાન [illegible] તું રં૦ ૧

[illegible], પર [illegible], તું૦
[illegible] તું૦

ઉપયોગ આત્મ સ્વરૂપે ન લાવે, ઓદયિક ભાવે મુંઝાયરે; તું૦
અશુદ્ધ પરિણતિ પરપરિણામે, ભવમાંહિ ભટકાયરે. તું૦ ૩

જલ ખારાથી તૃપ્તિ ન હોવે, સમજ સમજ દીલ લાયરે; તું૦
બુદ્ધિસાગર અવસર પાકર, ચિદ્‌ઘન ચેતન થાયરે. તુ તો૦ ૪

૨૪૦. પરમપદ સ્વરૂપ—

પરમપદ પ્રેમી કોઇક પાવે, ધ્યાવે સો ઘટ પાવે. પરમ૦ એ ટેક.

સમજી આત્મસ્વરૂપ સ્વભાવે, પરપરિણતિકું નિવારે;
નિજગુણ બાજી ખેલે હંસા, સોવત હે સંસારે. પરમપદ૦ ૧

અધિકારી વિણ નહિ કો સમજે, કરત ઉપાયો કોટી,
સર્વ સમાયું છે ઘટમાહિ, વાત નહી છે ખોટી પરમપદ૦ ૨

શકિત ભાવે સો વ્યકિત રૂપે, થાવે તો સુખ સાચો,
અનુભવ તેનો પામી પરગટ, માયામા શીદ રાચો. પરમ૦ ૩

અન્તરદષ્ટિ વિના જગ મૂઢા, સત્ય સ્વરૂપ ન બોધે;
બુદ્ધિસાગર અવસર પાકર, કોઇક પદ નિજ શોધે પરમ૦ ૪

૨૪૧. સત્યધર્મ સ્વરૂપ—

સબ જન ધર્મ ધર્મ મુખ બોલે,
અતર પડદો ન ખોલેરે સબ૦ એ ટેક

કોઇ ગંગા જમના ઝુલ્યા, કોઇ ભભૂતે ભૂલ્યા;
કોઇ જનોઇમા ઝખાણા, ફકીરી લેઇ ફૂલ્યા સબ૦ ૧

ચાલત ચાલત દોડયો દોટે, પણ પાસેનો પાસે,
ટીલા ટપકા છાપ લગાવી, શિવપુર કેમ પમાશે ? સબ૦ ૨

મુંડ મુંડાવે ગાડરીયા જગ, કેશને તોડે રડી,
માલા મણકા ખેરી પહેરે, નિત્ય ચાલે પગદંડી. સ૦ ૩

ધર્મ ન વરણે ધર્મ ન મરણે, ધર્મ ન કરવત કાશી;
ધર્મ ન જાતિ ધર્મ ન ભાતિ, ધર્મ ન જંગલ વાસી સ૦ ૪

ગદ્ધા ખાખમાંહિ આળોટે, તે પણ સાચા ખાખી,
નિર્વસ્ત્ર પશુ પંખી ફરે છે, મમતા દીલમાં રાખી સ૦ ૫

જબતક અન્તરતત્વ ન ખૂલે, તબતક ભવમાં ઝૂલે,
બુદ્ધિસાગર આતમધર્મે, ભ્રાન્તિ ભ્રમણા ભૂલે. સ૦ ૬

૨૪૨. ધ્યાન સ્વરૂપ—

ધ્યાન સદા સુખકાર, જગતમાં ધ્યાન સદા—

સદ્ગુરૂ પાસે શોખીએરે, જીવાજીવ સ્વરૂપ,
ષટ્ દ્રવ્યાદિક ધારીનેરે, ટાળો બાવળાય ધૂપ જગતમાં૦ ૧

ચિત્ત ચંચળતા વારીનેરે, નિર્જન દેશે વાસ,
કીજે જ્ઞાનગુણ પામવારે, ત્યાગી પુદ્ગલ આશ જગતમાં૦ ૨

જિજ્ઞાસા શુદ્ધ ધારીનેરે, આતમધર્મે પ્રેમ,
અંતર સ્થિરતા જ્ઞાનથીરે, ચિદ્ઘન નજરે ક્ષેમ જગતમાં૦ ૩

નય નિક્ષેપ પ્રમાણથીરે, ધ્યાવો આતમરાય,
[illegible] ચોવીસીરે, નિજ શુદ્ધ વ્યક્તિ [illegible] જગતમાં૦ ૪

[illegible] ધ્યાવતારે, ટાળે [illegible],
[illegible] ત્યારે [illegible]. [illegible] જગતમાં૦ ૫

[illegible],
[illegible]. [illegible]

કરી કેશરીયાં મોહ હઠાવી,
જયલક્ષ્મી કેઇ વરતારે. મુક્તિ૦ ૩
લીધો વેષ તેને ભજવે છે શૂર જન,
બોલે છે બોલ તેવું પાળે,
બુદ્ધિસાગર શૂરવીર સાધુઓ,
શિવપુર સન્મુખ ચાલેરે. મુક્તિ૦ ૪

૨૪૫. આયુષ્ય વહી જાય છે ચેત—

મનહર ૭૬

ચેતન ચતુર ચેત આયુ વહી જાય અરે,
માયાથી મસ્તાન થઇ શાને ભટકાય છે.
બાલ ને યુવાન વય ચાલી જાય ચેત ચિત્ત,
બાહ્યની ઉન્નતિ સ્થિર રહી ન રહાય છે.
સંયોગથી મળ્યો સહુ કુટુમ્બ કબીલો દેખ,
મ્હારૂં મ્હારૂં માની મૂઢ મન મલકાય છે
જડના સંબંધથકી ન્યારો છે ચેતન તુહિ,
અજ અવિનાશી એકરૂપ તું કહાય છે ॥ ૧ ॥
નિરઞ્જન નિરાકાર નિર્મલ પરમબ્રહ્મ,
સિદ્ધબુદ્ધ હંસ તુંહિ આનન્દનું સ્થાન છે
યોગ લેશ્યા મન વાણી દેહથકી ન્યારો તુહિ;
દેહવ્યાપી ચેતનનું જ્ઞાન તે પ્રમાણ છે,
અસંખ્ય પ્રદેશઘન જ્ઞાનમય ચેતન છે,
તુહિ તુહિ રટનામાં આનન્દ અપાર છે.

અકલ પ્રભુનુ રૂપ જ્ઞાનથી કળાય અહો,
ધીનિધિ પરમ બ્રહ્મ નિત્ય નિરાકાર છે ॥ ૨ ॥

૨૪૬. આત્મા જ જ્ઞેય છે—

મનહર ૭૬.

જાણવાનુ બહુ એક આદેય ચેતનરૂપ,
જીવમા અનંતગુણ જ્ઞાનથી સમાય છે,
જિનવાણી ગુણખાણી વિવેકથી દીલઆણી,
શુદ્ધ એક ચેતનને યોગિયો હિ ધ્યાય છે,
સત્તાથી સમાનસિદ્ધ ચેતનને ધ્યાઇએજ,
વ્યકિતરૂપ થાવે ગુણ સત્તાના તો ધ્યાનથી,
શુદ્ધ ધ્યાન ઉપયોગે શુદ્ધ તો ચેતન થાય,
સ્થિરચિત્ત ધ્યાન કર ગુરૂગમ જ્ઞાનથી ॥ ૧ ॥

લટપટ ખટપટ ઝટપટ તજી જીવ,
શુદ્ધબુદ્ધ રૂપ મ્હારૂં સ્થિરચિત્ત ધ્યાવજે,
ફરી ફરી નહિ મળે સમય [illegible] અરે,
સ્વાત્મ રહેલી શુદ્ધ બુદ્ધતાને પાવજે,
અશુદ્ધ [illegible] બુદ્ધિ ચાર ગતિ રૂપ છેક,
[illegible] શુદ્ધતાએ [illegible] [illegible] છે,
[illegible] [illegible] [illegible] [illegible] [illegible],
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે ॥ ૨ ॥

૨૪૭. સુખ દુખમાં સમભાવ સ્થિતિ—

મનહર છંદ.

શાતા ને અશાતા હોય વેદનીના બંધ છેજ,
બંધમાંહિ અન્ધ બને મોહિની સબંધ છે.
ધનની મોટાઇ એ તો મોહ મૂળ જાણુ અહો,
જિનવાણી જાણ્યાવિના દેખતા તો અન્ધ છે.
સુખ દુઃખ સમભાવે જ્યારે તો વેદાય છેજ,
ત્યારે સત્ય સુખનું તો ભાન દીલ થાય છે.
ધીનિધિ ચેતન પ્રભુ સેવના પમાય જ્યારે,
ત્યારે જન્મજરા ભય આધિ વ્યાધિ જાય છે

હેય જ્ઞેય ઉપાદેય જ્ઞાનથકી અરે જીવ,
નવતત્ત્વ વિચારીને ચરણને પાળજે.
પંચાચાર ધરી શુદ્ધ વ્યવહાર નિશ્ચયતઃ
આવશ્યક ક્રિયા થકી દોષો સહુ ટાળજે
ધ્યેય ધ્યાન ધ્યાતા એકતાનમાહિ ચેતન છે,
પ્રમેય અનંત જ્ઞાન પ્રમાણુથી પેખજે.
ભિન્નાભિન્ન પ્રમેયથી પ્રમાણુ જાણીને જીવ,
ધીનિધિ સ્વરૂપ સત્ય ધ્યાનમાહિ દેખજે.

૨૪૮. બ્રહ્મ ધ્યાન—

ઝુલણા.

ધ્યાન કર બ્રહ્મનું ધ્યાન કર બ્રહ્મનુ,
બ્રહ્મ ચેતન પ્રભુ તું કહાયો,

શુદ્ધ ઉપયોગથી શક્તિ વ્યક્તિ જગે. ધ્યાન૦ ૧
શુદ્ધ રૂપે પ્રભુ તું સુહાયો

કર્મની વર્ગણા ખેરવે ધ્યાનથી,
ધ્યાનથી સત્ય સંતોષ આવે,
ધ્યાનથી અનુભવે જાગતી જ્યોત ત્યાં, ધ્યાન૦ ૨
આત્મા મુક્તિનું શર્મ પાવે

બ્રહ્મ તે આતમા આતમા બ્રહ્મ છે,
વીર વચનો યથા સત્ય સેવે,
વચન સાપેક્ષથી બ્રહ્મને જાણતા, ધ્યાન૦ ૩
દાન નિજનું સદા નિજ દેવે.

સપ્તનયથી કહ્યા ભાવ સાચા લહ્યા,
વચન એકાન્તની વાત જૂઠી, ધ્યાન૦ ૪
વચન નિરપેક્ષથી ભાવ નિશ્ચયા લહે,
બ્રહ્મની વાત નિરપેક્ષ જૂઠી.

બ્રહ્મ નિરપેક્ષ વ્યવહારનયે માનતા,
બ્રહ્મના ભ્રાન્તિથી ભૂલ પામે, ધ્યાન૦
વચન સાપેક્ષ [illegible]નયે માનતા,
[illegible] ભિન્નતા [illegible] પાવે

[illegible] પ્રભુ [illegible],
[illegible] ધ્યાન૦
[illegible],
[illegible]
[illegible]

૨૪૯. આત્માને જાગૃતિભાવનો ઉપદેશ—

ઝુલણા

જાગરે આતમા જાગરે આતમા, મોહની ઊંઘમાં ચોર લૂટે,
વિત્ત દારા અને વિષયની વાસના, પાશથી શત્રુઓ ખૂબ કૂટે
જાગ. ૧

વૃત્તિ બાહિર્વહે કર્મ આઠે ગ્રહે, આતમા ભ્રાન્તિથી ભાન ભૂલ્યો;
ક્રોધ ને માનથી લોભ માયાથકી, લક્ષ ચોરાશિમાં ખૂબ ઝૂલ્યો
જાગ ૨

પામી માનવપણું પુણ્ય ઉત્કર્ષથી, મુક્તિ સાધન અરે તેં વિસાર્યું,
ખૂબ અપકૃત્યથી પાપ ગાડું ભર્યું, જાવવું નરકમાં કેમ ધાર્યું
જાગ ૩

શ્વાસ ઉચ્છ્વાસથી જીવ આયુ ઘટે, ખબર નહિ કાલની કેમ થાશે!
કાલનું કૃત્ય તે આ ક્ષણે કીજીએ, ધર્મથી આ ભવાબ્ધિ તરાશે.
જાગ ૪

કોટિ ધન આવશે નહિ કદી સાથમા, પાપ ને પુણ્ય સાથેજ આવે,
દાન કરજે સદા ધર્મ વાટે મુદા, દાનથી આતમા મોક્ષ પાવે
જાગ ૫

સ્મરણ કર દેવનુ શરણ જે દીનનુ, સાધુના દર્શને પુણ્ય થાવે,
સાધુ દર્શનથકી સાધુ વન્દનથકી, કોટિભવના કર્યાં પાપ જાવે.
જાગ ૬

સાધુના સંગથી આતમા જાગતો, તીર્થ જંગમ મુનિ ભવ્ય સેવો,
તીર્થ જંગમ મુનિ કલ્પવેલી અહો, પુષ્કરાવર્તના મેઘ જેવો
જાગ. ૭

મૃત્તિકા નિર્મલી કુંભનો હેતુ છે, મૃત્તિકા કુમ્ભનું રૂપ પાવે,
દણ્ડ સામગ્રીથી કીજીએ કુંભને, મૃત્તિકા વ્યકિતતા રૂપ થાવે. સર્વ
તેમ સત્તાપણે રૂદ્ધિયો સર્વ છે, આત્મમાં મૃત્તિકા પેઠ જાણો;
સાધને સાધીએ વ્યકિતતા આત્માની,ઉદ્યમે કાર્યસિદ્ધિ પ્રમાણો સ
આત્મભાવે રહી રીઝીએ ગહગહી, પારકા દોષ દેખો ન પ્રાણી;
પારકા દોષને દેખતો જયાં લગી, ત્યાં લગો નહિ હુવે તેહ નાણી.સ
દોષદૃષ્ટિ ટળે મોહ માયા ગળે, સાધને સાધતા મુકિત સારી;
બુદ્ધિસાગર લહે શુદ્ધતા બુદ્ધતા,જન્મને મૃત્યુનાં દુઃખ વારી. સર્વ

૨૫૧. આત્માને સ્વસ્વરૂપોપદેશ—

ઝુલણા છંદ.

અલખના પંથમા ચાલજે આતમા,
નાત ને જાત સર્વે વિસારી,
જ્ઞાનના યોગથી તત્ત્વને પામીને.
શુદ્ધ ચારિત્રતા દીલ ધારી. અલખ. ૧

દુગ્ધમાં જળ મળ્યુ હંસ જૂદું કરે,
તાદૃશી દૃષ્ટિને ધાર પ્યારા;
તત્ત્વદૃષ્ટિ ધરી તત્ત્વને પારખો,
યોગવિદ્યા લહી સત્ય ધારા. અલખ. ૨

દૃષ્ટિ સ્યાદ્વાદની વાદ સહુ ટાળતી,
ખાળતી કર્મનો વેગ જ્ઞાને;
શુદ્ધ ઉપયોગથી અનુભવે આતમા,
સત્ય આનંદને તત્ત્વજ્ઞાને. અલખ. ૩

જ્ઞેય ને ધ્યેય આદેય છે આતમા,
જ્ઞાનથી જ્ઞેય વસ્તુ પ્રકાશી;
જ્ઞેય ને જ્ઞાનરૂપે સદા જે રહે,
વસ્તુધર્મે સદા છે વિલાસી

સેવીએ આતમા સેવીએ આતમા.
દેહદેવળ રહીને પ્રકાશે,
તારીએ આતમા તારીએ આતમા
જગના કર્મનો ફન્દ નાસે

બન્ધ સદ્‌ભાવથી મુક્તિ છે જીવની,
બન્ધ નહિ ત્યા લહો કેમ મુક્તિ ?
મુક્તિની યુક્તિના સુઝતા માનવી,
મોહ અજ્ઞાનથી ઠરી કુયુક્તિ

અલખના [illegible] નિર્ભય સદા [illegible],
અલખના દેશના સત્ય શાન્તિ,
અલખના દેશના સત્ય આનન્દ છે,
અલખના જ્ઞાનથી જાય ભ્રાન્તિ.

ધીર મસ્તાનથી જાણીએ અલખને,
[illegible]
[illegible]
[illegible]

[illegible]
[illegible]

બુદ્ધિસાગર સદા અલખની ધૂનમાં,
સત્યચૈતન્યની જ્યોતિ જાગી. અલખ ૯

૨૫૨. યોગ મહિમા—

ઝુલણા ૭૬

યોગ વિદ્યાતણું ધામ ચેતન પ્રભુ,
શક્તિ સિદ્ધો સમી રહી પ્રકાશી,
યોગવિદ્ માનવી ચિત્તમાં ધ્યાનથી,
પિણ્ડ બ્રહ્માણ્ડ ભાવો વિલાસી. યોગ૦ ૧

ભૂતમયવૃત્તિથી ભ્રાન્તિમાં ભૂલતાં, વૃત્તિથી પરપ્રભુ નવ પ્રકાશ્યા,
વૃત્તિથી પર પ્રભુ પામે નહિ વૈખરી શુકલ ધ્યાને પરાભાવ વાસ્યા.
યોગ૦ ૨

દીપ જ્યોતિ: પરે જ્યોત જ્યાં જાગતી, સહજ ઉપયોગમા લીનવૃત્તિ,
